ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 09 સપ્ટેમ્બર 2026 બુધવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -12 | અંક : 70 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3
નેપાળ પૂરમાં 7 સુરંગોમાં ફસાયેલા કર્મચારીઓની શોધખોળ ચાલુ: અત્યાર સુધીમાં 13 હજારથી વધુ લોકોનું....

4
દેશના વિકાસના આંકડા વધ્યા પણ પ્રજાની સ્થિતિ સુધરતી નથી

6
યશની 'Toxic' બોક્સ ઓફિસ પર ફ્લોપ થતાં OTT ડીલમાં કડાકો: 200 કરોડની આશા સામે માત્ર 30 કરોડની ઓફર

7 
સેન્સેક્સ 555 પોઈન્ટ ઘટીને 75,577 પર બંધ: નિફ્ટી પણ 144 પોઈન્ટ ઘટ્યો, પ્રાઈવેટ બેંકના શેરોમાં સૌથી વધુ ઘટાડો...

NEWS BRIEF

દિલ્હીમાં મણિપુરના સંગીતકાર પર હુમલો

સારવાર દરમિયાન મોત, રાહુલ ગાંધીએ ગૃહ મંત્રાલય સામે ઉઠાવ્યા સવાલ

દિલ્હીના કિલોકરી ગામમાં રહેતા 54 વર્ષીય મણિપુરી સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહની ઘરમાંથી બહાર જઈને અવાજ ઓછો કરવાનું કહેવા બદલ નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. આ ઘટના બાદ રાજધાનીમાં પૂર્વોત્તરના લોકોની સુરક્ષાને લઈને મોટો વિવાદ સર્જાયો છે.



લોકસભામાં નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીએ સવાલ કર્યો હતો કે દિલ્હીમાં પૂર્વોત્તરના લોકો વિરુદ્ધ વધતી અરાજકતા રોકવા માટે ગૃહ મંત્રાલય અને દિલ્હી પોલીસ શું કરી રહી છે? તેમણે આ મામલે ત્વરિત તપાસ અને કડક ન્યાયની માંગ કરી છે. રવિવાર રાત્રે આશરે 11:30 વાગ્યે વિક્રમ સિંહ કચરો ફેંકવા નીચે ગયા હતા, જ્યાં તેમણે બહાર હોબાળો કરી રહેલા 8 યુવકોને અવાજ ઓછો કરવા કહ્યું હતું. ઉશ્કેરાયેલા આરોપીઓ તેમનો પીછો કરીને ત્રીજા માળ સુધી પહોંચ્યા અને તેમના પર હુમલો કર્યો હતો. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

દિલ્હી પોલીસે આ કેસમાં 7 પુખ્ત આરોપીઓ અને 1 સગીરની ધરપકડ કરી છે. ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી એન બિરેન સિંહે પણ આ ઘટના પર દુ:ખ વ્યક્ત કરીને દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

તમિલનાડુ વિધાનસભામાં ભારે હોબાળો થયો

વિપક્ષી ધારાસભ્યોને ટિંગાટોળી કરી બહાર કઢાયા! જાણો સમગ્ર વિવાદ

તમિલનાડુ વિધાનસભામાં મંગળવારે ભારે હોબાળો જોવા મળ્યો હતો. મુખ્ય પ્રધાન વિજય દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરિટી(ED)ના દસ્તાવેજો અને અગાઉના DMK શાસન સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવતા DMK વિધાન સભ્યોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. પરિસ્થિતિ વણસતા વિધાનસભાના અધ્યક્ષે વિરોધ કરી રહેલા તમામ DMK વિધાન સભ્યોને ગૃહમાંથી બહાર કાઢવાનો આદેશ આપ્યો હતો. વિવાદની શરૂઆત સોમવારના સત્રમાં મુખ્ય પ્રધાન વિજયના ભાષણથી થઈ હતી. જેમાં તેમણે EDના દસ્તાવેજો ટાંકીને દાવો કર્યો હતો કે અગાઉના DMK શાસન દરમિયાન કોન્ટ્રાક્ટરો પાસેથી 'પાર્ટી ફંડ' તરીકે 7.5થી 10 ટકા સુધીની રકમ વસૂલવામાં આવતી હતી. આ નાણાં મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન ઍન્ડ વોટર સપ્લાય ડિપાર્ટમેન્ટના કામોમાંથી એકત્રિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમણે વીરનમ પાણી યોજના અંગે સરકારી આયોગના અહેવાલનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેના પર ગૃહમાં ભારે ચર્ચા જામી હતી. રાજ્યના કાયદા પ્રધાન આર નિર્મલ કુમારે આ નિવેદનોનું સમર્થન કરતાં તેને સત્તાવાર દસ્તાવેજો પર આધારિત ગણાવ્યા હતા. DMKના વ્હીપ ઈવી વેલુએ આ ટિપ્પણીઓને વિધાનસભાના નિયમોની વિરુદ્ધ ગણાવીને રેકોર્ડમાંથી હટાવવાની માંગ કરી હતી. જોકે, વિધાનસભાના અધ્યક્ષ જેસીડી પ્રભાકરે આ માંગ ફગાવી દીધી હતી. અધ્યક્ષે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાને માત્ર સાર્વજનિક ક્ષેત્રમાં પહેલેથી જ ઉપલબ્ધ માહિતી અને સરકારી દસ્તાવેજોનો જ ઉલ્લેખ કર્યો છે, તેથી તેમાં કંઈપણ નિયમ વિરુદ્ધ નથી અને રેકોર્ડમાંથી હટાવવાની કોઈ આવશ્યકતા નથી.

JNPTથી દિલ્હી-NCR સુધી માલગાડી કનેક્ટિવિટી ઝડપી બનશે

PM મોદીએ વડોદરાથી WDFCના અંતિમ ત્રણ સેક્શનનું લોકાર્પણ કર્યું

ઉત્તર ભારતથી JNPT સુધી માલસામાનની અવરજવર માટે સીધી અને ઝડપી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ બની છે, જે ગુજરાત સહિત ૫ રાજ્યોને લાભ આપશે

વડોદરા, તા.08

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાથી વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ૩ સેક્શનનું લોકાર્પણ કર્યું. આ સાથે ૨,૮૪૩ કિ.મી. લાંબું WDFC અને EDFCનું નેટવર્ક સંપૂર્ણ કાર્યરત બન્યું છે. ઉત્તર ભારતથી JNPT સુધી માલસામાનની અવરજવર માટે સીધી અને ઝડપી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ બની છે, જે ગુજરાત સહિત ૫ રાજ્યોને લાભ આપશે. હવે ૩-૪ દિવસનો સમય ૨૪ કલાકમાં પૂર્ણ થશે.

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પ્રોજેક્ટને મંજૂરી મળ્યાના લગભગ બે દાયકા બાદ દેશનું વિશાળ સમર્પિત માલવાહક રેલ નેટવર્ક આજે (આઠમી સપ્ટેમ્બર) સંપૂર્ણ રીતે ઓપરેશનલ બન્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વડોદરાથી વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC)ના બાકી રહેલા ત્રણ મહત્વના સેક્શનનું લોકાર્પણ કરી પ્રોજેક્ટ દેશને સમર્પિત કર્યો હતો. આ સાથે ઉત્તર ભારતથી પશ્ચિમ કિનારે આવેલા જવાહરલાલ નહેરુ પોર્ટ (JNPT) સુધી માલસામાનની અવરજવર માટે સીધી અને ઝડપી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ બની છે.

લગભગ 2,843 કિ.મી. લાંબું WDFC અને EDFCનું સંયુક્ત નેટવર્ક હવે સંપૂર્ણ રીતે કાર્યરત બન્યું છે. WDFC ઉત્તર પ્રદેશના દાદરીથી મહારાષ્ટ્રના JNPT સુધી લગભગ 1,506 કિ.મી. લાંબો છે અને ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને

મહારાષ્ટ્રમાંથી પસાર થાય છે. દાદરી ખાતે તે ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર સાથે જોડાય છે.

આજે ન્યૂ સાણંદ-ન્યૂ મકરપુરા, ન્યૂ અંબારગાંવ-ન્યૂ સફાલે અને ન્યૂ સફાલે-ન્યૂ JNPT એમ કુલ 326 કિ.મી.ના ત્રણ સેક્શનનું લોકાર્પણ થયું છે. આ સેક્શન પાછળ 20,700 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થયું છે. ખાસ કરીને JNPT સાથે સીધું જોડાણ થતાં આયાત-નિકાસના માલની હેરફેર ઝડપી બનશે અને બંદરો તથા ઔદ્યોગિક કેન્દ્રો વચ્ચે કનેક્ટિવિટી મજબૂત થશે.

WDFC પર માત્ર માલગાડીઓના સંચાલનથી ટ્રેનોની ઝડપ અને સમયપાલનમાં નોંધપાત્ર સુધારો થયો છે. દિલ્હી-NCRથી મુંબઈના JNPT સુધી માલ પહોંચાડવામાં અગાઉ 3થી 4 દિવસ લાગતા હતા, જે હવે આશરે 24 કલાકમાં શક્ય બનશે. ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનોની ક્ષમતાને કારણે એક જ ફેરે વધુ માલનું પરિવહન શક્ય બન્યું છે.

રેલવેના આંકડા મુજબ ઓગસ્ટ 2026 સુધી કાર્યરત DFC સેક્શન પર આશરે 5.2 લાખ માલગાડીઓ દોડી ચૂકી છે, એટલે કે સરેરાશ 435 ટ્રેન પ્રતિ દિવસ. અત્યાર સુધી લગભગ 658 બિલિયન ગ્રોસ ટન કિ.મી. અને 360 બિલિયન નેટ ટન કિ.મી.નું સંચાલન થયું છે.

DFCથી દિલ્હી-મુંબઈ મુખ્ય રેલ રૂટ પર માલગાડીઓનો ભાર ઘટવાથી પેસેન્જર ટ્રેનો માટે ક્ષમતા વધશે. સાથે જ લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો, ઔદ્યોગિક કોરિડોરને વેગ, રસ્તા પર ટ્રકોનું દબાણ અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો જેવા ફાયદા પણ થશે.

4000 સ્ક્રીન મારફતે 1.15 લાખ લોકો આ ક્ષણના સાક્ષી બન્યા હતા

માવા આવ્યા કે નહીં? પિચકારી મારવા પર પીએમ મોદીએ કરી ટકોર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ નવસારીની મુલાકાત લીધી હતી. અહીં તેમણે નેશનલ હાઈવે ગ્રીડ નજીક ભારતીય જનતા પાર્ટીના દેશના સૌપ્રથમ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત અત્યાધુનિક કાર્યાલય 'નમો કમલમ'નું લોકાર્પણ કર્યું હતું. આ ઐતિહાસિક કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર જિલ્લામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમ સ્થળે ૫૦૦૦ થી વધુ આગેવાનો અને કાર્યકરો પ્રત્યક્ષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે સમગ્ર જિલ્લામાં ૪૦૦૦ સ્ક્રીન મારફતે ૧.૧૫ લાખ લોકો આ ક્ષણના સાક્ષી બન્યા હતા. પોતાના સંબોધનમાં વડાપ્રધાને નવસારીમાં વસતા સૌરાષ્ટ્રના લોકોની પાન-મસાલા અને માવા ખાવાની કુટેવ પર કટાક્ષ કરતા માર્મિક ટકોર કરી હતી. તેમણે કહ્યું કે, 'અહીં સૌરાષ્ટ્રના ઘણા ભાઈઓ રહે છે, તેમણે નવસારીને માવાની ટેવ આપી છે કે

નહીં તે મને ખબર નથી, પરંતુ કેટલાક લોકો 'ભારત માતા કી જય' બોલે છે અને તરત જ પિચકારી મારે છે.' પીએમ મોદીએ કેન્સરના નિષ્ણાત તબીબોની ચિંતાનો ઉલ્લેખ કરતા લોકોને માવા અને તમાકુથી મુક્તિ મેળવવા હાકલ કરી હતી. નોંધનીય છે કે, ગુજરાતમાં તમાકુ, ગુટખા અને માવાના વધુ પડતા સેવનને કારણે મોઢાના અને ગળાના કેન્સરના કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. મોઢું ન ખૂલવું (OSMF) અને લ્યુકોપ્લેકિયા જેવા કેન્સર પૂર્વેના લક્ષણો યુવાનોમાં પણ જોવા મળી રહ્યા છે.

મોદી માનહાનિ કેસમાં રાહુલ ગાંધીની અરજી ફગાવાઈ:

હાઈકોર્ટે 2019નું સમન્સ રદ કરવાનો ઈનકાર કર્યો

મુંબઈ, તા.08

બોમ્બે હાઈકોર્ટે પીએમ મોદી સાથે સંકળાયેલા માનહાનિ કેસમાં રાહુલ ગાંધીની અરજી ફગાવી દીધી. તેમણે 2019માં જારી કરાયેલા મેજિસ્ટ્રેટ કોર્ટના સમન્સને રદ કરવાની માંગ કરી હતી. જોકે, કોર્ટે નીચલી અદાલતમાં માનહાનિની ફરિયાદ પર સુનાવણી 6 અઠવાડિયા સુ ધી મુલતવી રાખવાનો આદેશ લંબાવ્યો. આનાથી રાહુલને આ સમયગાળા દરમિયાન મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહેવું પડશે નહીં. તેમના વકીલે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે સમય માંગ્યો હતો. ખરેખરમાં, રાહુલે 2018માં રાજસ્થાનની એક સભામાં રાફેલ વિમાન ડીલ પર પીએમને કમાન્ડર-ઇન-થીફ એટલે કે ચોરોના સરદાર કહ્યા હતા. આ મામલે મેજિસ્ટ્રેટ કોર્ટે 28 ઓગસ્ટ 2019ના રોજ માનહાનિની ફરિયાદ પર રાહુલ સામે કાનૂની પ્રક્રિયા શરૂ કરવાની વાત કહી હતી. રાહુલે આ આદેશને પડકાર્યો હતો. ફરિયાદી એમ.એચ. શ્રીશ્રીમલે જણાવ્યું કે તેઓ BJPના સક્રિય સભ્ય છે અને વડાપ્રધાન મોદી પાર્ટીનો મુખ્ય ચહેરો છે. તેથી તેમની કથિત ટિપ્પણીથી તેઓ પણ દુ:ખી થયા

છે. રાહુલના વકીલોએ જણાવ્યું કે ટિપ્પણી વડાપ્રધાન વિરુદ્ધ હતી, BJP વિરુદ્ધ નહીં. તેથી ફરિયાદીને માનહાનિનો કેસ કરવાનો અધિકાર નથી. હાઈકોર્ટે આ દલીલ સ્વીકારી નહીં. કોર્ટે જણાવ્યું કે BJPના સભ્યોનો એક નિશ્ચિત સમૂહ છે અને વડાપ્રધાન પાર્ટીનો મુખ્ય ચહેરો છે. આવા સંજોગોમાં ટિપ્પણીની અસર પાર્ટીના સભ્યો પર પણ પડી શકે છે. જોકે, કોર્ટે જણાવ્યું કે ટિપ્પણીની અસર BJP સભ્યો પર પડી કે નહીં, તે ટ્રાયલમાં પુરાવા અને સાક્ષીઓના નિવેદનોથી નક્કી થશે. ફરિયાદ મુજબ, રાહુલ ગાંધીએ 20 સપ્ટેમ્બર 2018ના રોજ રાજસ્થાનની એક સભામાં મોદી પર કથિત માનહાનિકારક ટિપ્પણી કરી હતી. આરોપ છે.

તેલંગાણા વિધાનસભામાં સ્પીકર રડી પડ્યા: BRS નેતાએ માતાને અપશબ્દો કહ્યા હતા, CM રેવંતે કહ્યું- આ 4 કરોડ લોકોનું અપમાન

હૈદરાબાદ, તા.08

તેલંગાણા વિધાનસભાના સ્પીકર ગદ્દમ પ્રસાદ મંગળવારે ગૃહમાં ભાવુક થઈને રડી પડ્યા. આ ઘટના ત્યારે બની જ્યારે મંત્રી સીતાક્કાએ MLC ટાટા મધુ દ્વારા સ્પીકરની દિવંગત માતા વિશે કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીઓની નિંદા કરી. જોકે, આ સમગ્ર ઘટનાક્રમ પર ગદ્દમે કહ્યું કે MLC ટાટા મધુની ટિપ્પણીઓ દુ:ખદ છે. સીતાક્કા છેલ્લા 5 વર્ષથી મને રાખડી બાંધી રહી છે. જ્યારે વિધાનસભામાં સીતાક્કાની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા, ત્યારે મને ખૂબ દુ:ખ થયું. અજાણતા જ મારી આંખોમાંથી પણ આંસુ નીકળી પડ્યા. અમે મધુની ટિપ્પણીઓ પર વિધાનસભામાં એક પ્રસ્તાવ પસાર કરીશું અને તેને કાઉન્સિલ (પરિષદ) ને મોકલીશું.

મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ સ્પીકરના અપમાનની નિંદા કરી અને તેને 'તેલંગાણા માટે કાળો

દિવસ' ગણાવ્યો. જોકે, ટાટા મધુએ આવું કોઈ નિવેદન આપવાનો ઈનકાર કર્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું, "આ તેલંગાણા માટે કાળો દિવસ છે અને 4 કરોડ લોકોનું અપમાન છે. ગઈકાલે ભારત રાષ્ટ્ર સમિતિ લેજિસ્લેચર પાર્ટીની બેઠક થઈ હતી. તેમના નેતાએ તેમને આ રીતે વર્તવા ઉશ્કેર્યા અને અહીં મોકલ્યા. તેમણે પોલીસ વ્યવસ્થા પર હુમલો કર્યો અને આજે સ્પીકર વિરુદ્ધ આવી અયોગ્ય ભાષાનો ઉપયોગ કરીને તેમનું અપમાન કર્યું."

તેમણે કહ્યું કે સ્પીકરનું પદ વિધાનસભાના તમામ સભ્યોના બરાબર છે. આ ટિપ્પણી સમગ્ર સમાજનું અપમાન છે.

તેમણે કહ્યું, "મારા સાથી સભ્યોએ તેને દલિતો અને આદિવાસીઓનું અપમાન માનવું જોઈએ. હું તેને સમગ્ર સમાજનું અપમાન માનું છું. સ્પીકર આપણા બધાના સમાન છે. એકવાર કોઈ સ્પીકર બની જાય પછી તે આપણા બધાના સમાન હોય છે."

કોંગ્રેસે આરોપ લગાવ્યો કે BRS MLC ટાટા મધુએ બંધારણીય પદ પર બેઠેલા દલિત નેતા પ્રસાદ કુમાર વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી. જોકે, ટાટા મધુએ આવા કોઈ નિવેદન આપવાનો ઈનકાર કર્યો. આ ઘટના બાદ તેલંગાણા વિધાનસભામાં રાજકીય સંઘર્ષ શરૂ થયો. સત્તાધારી કોંગ્રેસે કથિત ટિપ્પણીઓની નિંદા કરી, જ્યારે BRS નેતાએ આરોપોને ફગાવી દીધા. વિધાનસભાની બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી ધક્કામુક્કીમાં પોલીસકર્મીઓ ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) ના નેતાઓને પાછળ ધકેલતા જોવા મળી રહ્યા છે. વિધાનસભાની બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી ધક્કામુક્કીમાં પોલીસકર્મીઓ ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) ના નેતાઓને પાછળ ધકેલતા જોવા મળી રહ્યા છે.

BRSના વિરોધ પ્રદર્શનને કારણે તેલંગાણા વિધાનસભાની બહાર ટ્રાફિક પણ જામ થયો. મોટી સંખ્યામાં પાર્ટી કાર્યકરો અને પોલીસકર્મીઓના એકઠા થવાથી લગભગ 30 થી 40 મિનિટ સુધી જામ રહ્યો. પ્રદર્શન કરી રહેલા BRS નેતાઓની ટી-શર્ટ પર "ગેરંટી લાગુ કરવામાં કોંગ્રેસની નિષ્ફળતા" અને "1000 દિવસનું શાસન નિષ્ફળ" જેવા નારા લખેલા હતા. પત્રકારો સાથે વાત કરતા BRSના કાર્યકારી અધ્યક્ષ કે.ટી. રામા રાવે જણાવ્યું કે કોંગ્રેસે બેદરકાર અને ખોટા વાયદા કરીને સત્તા મેળવી અને સમાજના તમામ વર્ગોને છેતર્યા.

અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી સાપ્તાહિક ટ્રેન 24મી સપ્ટેમ્બરથી નિયમિત દોડશે, મુસાફરોને ભાડામાં રાહત સાથે સુવિધાઓ મળશે

અમદાવાદ, તા.08

અમદાવાદથી તામિલનાડુના તિરુચ્ચિરાપલ્લી વચ્ચે મુસાફરી કરતા હજારો મુસાફરો માટે મહત્વપૂર્ણ અને રાહતભર્યા સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી સાપ્તાહિક વિશેષ ટ્રેન તરીકે દોડતી અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી ટ્રેનને હવે નિયમિત એક્સપ્રેસ ટ્રેન તરીકે ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર 09419/09420 અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ સ્પેશિયલ ટ્રેનને હવે નવા નંબર સાથે 19419/19420 અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે નિયમિત સેવા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નવી નિયમિત સેવા 24 સપ્ટેમ્બર 2026થી શરૂ કરવામાં આવશે.

રેલવેના આ નિર્ણયથી ખાસ કરીને ગુજરાતમાંથી દક્ષિણ ભારત તરફ મુસાફરી કરતા લોકોને મોટી સુવિધા મળશે. અત્યાર સુધી વિશેષ ટ્રેન તરીકે ચાલતી સેવા હવે નિયમિત એક્સપ્રેસ બની જતાં મુસાફરોને વધુ સ્થિર અને નિશ્ચિત મુસાફરીની સુવિધા મળશે. નિયમિત ટ્રેન બનવાથી મુસાફરો પોતાની યાત્રાનું અગાઉથી આયોજન કરી શકશે અને રિઝર્વેશન મેળવવાની પ્રક્રિયામાં પણ વધુ સરળતા રહેવાની આશા છે. અમદાવાદથી તિરુચ્ચિરાપલ્લી જતી ટ્રેન નંબર 19419 અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી એક્સપ્રેસ દર ગુરુવારે અમદાવાદથી સવારે 9.20 કલાકે ઉપડશે. લાંબા અંતરની આ યાત્રા પૂર્ણ કરીને ટ્રેન ત્રીજા દિવસે એટલે કે શનિવારે સવારે 3.35 કલાકે તિરુચ્ચિરાપલ્લી પહોંચશે. ગુજરાતથી દક્ષિણ ભારતના અનેક મહત્વપૂર્ણ શહેરો સુધી સીધી મુસાફરીની સુવિધા મળવાથી વેપારીઓ, વિદ્યાર્થીઓ, નોકરીયાત લોકો અને પ્રવાસીઓ માટે આ ટ્રેન ખાસ ઉપયોગી બનવાની શક્યતા છે. તિરુચ્ચિરાપલ્લીથી અમદાવાદ આવતી પરત સેવા પણ નિશ્ચિત સમયપત્રક મુજબ ચલાવવામાં આવશે. ટ્રેન નંબર 19420 તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ એક્સપ્રેસ દર રવિવારે સવારે 5.45 કલાકે તિરુચ્ચિરાપલ્લીથી ઉપડશે અને બીજા દિવસે એટલે કે સોમવારે રાત્રે 9.15 કલાકે અમદાવાદ પહોંચશે. પરત મુસાફરીની આ નિયમિત સેવા 27 સપ્ટેમ્બર 2026થી શરૂ કરવામાં આવશે.

આ ટ્રેનનો રૂટ પણ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, કારણ કે તે ગુજરાતને મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તામિલનાડુ સાથે સીધી રીતે જોડશે. બંને દિશામાં ટ્રેન વડોદરા, સુરત, વલસાડ અને વાપી સહિત ગુજરાતના મહત્વપૂર્ણ સ્ટેશનો પર રોકાશે. ત્યારબાદ મહારાષ્ટ્રમાં વસઈ રોડ, કલ્યાણ અને પુણે જેવા મુખ્ય શહેરો સાથે મુસાફરોને કનેક્ટિવિટી મળશે.

ટ્રેન આગળ સોલાપુર મારફતે કર્ણાટક તરફ આગળ વધશે અને કલબુરગી, વાડી સહિતના મહત્વપૂર્ણ સ્ટેશનો પર રોકાશે. ત્યારબાદ દક્ષિણ ભારત તરફ જતી આ લાંબા રૂટની ટ્રેન કૃષ્ણા, રાયચૂર, મંત્રાલયમ, આદોની, ગુંટકલ અને તાડિપત્રિ જેવા સ્ટેશનોને પણ જોડશે. આ રૂટને કારણે વિવિધ રાજ્યો વચ્ચે મુસાફરી કરતા લોકો માટે એક જ ટ્રેનમાં લાંબા અંતરની મુસાફરી કરવી સરળ બનશે.

ટ્રેન આંધ્ર પ્રદેશના કડપા અને રેણિગુંટા જેવા મહત્વપૂર્ણ સ્ટેશનો પરથી પસાર થયા બાદ તામિલનાડુ તરફ આગળ વધશે. અરક્કોણમ, પેરમ્બૂર, ચેન્નાઈ એગમોર, તામ્બરમ અને ચેંગલપટ્ટુ જેવા મોટા રેલવે સ્ટેશનો પર પણ આ ટ્રેનને સ્ટોપ આપવામાં આવ્યો છે. ચેન્નાઈ તરફ મુસાફરી કરતા ગુજરાતના મુસાફરો માટે પણ આ ટ્રેન એક મહત્વપૂર્ણ વિકલ્પ બની શકે છે.

ચેન્નાઈ બાદ ટ્રેન તામિલનાડુના અન્ય અનેક મહત્વપૂર્ણ શહેરો અને ધાર્મિક સ્થળોને પણ જોડશે. વિલ્લુપુરમ, કડલૂર, ચિદમ્બરમ, શિરકાઝી, વૈથીશ્વરન કોઈલ, મયિલાડુતુરાઈ, કુંભકોણમ, પાપનાસમ અને તંજાવૂર જેવા વિસ્તારો સુધી આ ટ્રેન દ્વારા સીધી મુસાફરી કરી શકાશે. ખાસ કરીને દક્ષિણ ભારતના ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવા ઈચ્છતા પ્રવાસીઓ માટે પણ આ રૂટ ખૂબ ઉપયોગી બની શકે છે.

ટ્રેનમાં મુસાફરોની વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અલગ-અલગ કેટેગરીના કોચ ઉપલબ્ધ રાખવામાં આવશે. લાંબા અંતરની મુસાફરી દરમિયાન વધુ આરામ ઈચ્છતા મુસાફરો માટે AC 2-ટિયર અને AC 3-ટિયર કોચની સુવિધા રહેશે. જ્યારે સામાન્ય મુસાફરો અને બજેટમાં લાંબી મુસાફરી કરવા ઈચ્છતા લોકો માટે સ્લીપર ક્લાસની વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત જનરલ કેટેગરીના કોચ પણ ઉપલબ્ધ રહેશે.

પ્રેમીના નશાથી કંટાળી યુવતીએ સંબંધ તોડ્યો, યુવકે સગાઈ તોડાવી પરિવારને આપી ધમકી

અમદાવાદ, તા.08

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં પ્રેમસંબંધ તૂટ્યા બાદ યુવતીને હેરાન-પરેશાન કરવા અને ધમકીઓ આપવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. પ્રેમીની નશાની આદતથી કંટાળીને યુવતીએ તેની સાથેનો સંબંધ તોડી નાખ્યો હતો અને લગ્ન કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. જોકે, સંબંધ તૂટ્યા બાદ યુવકે આ વાતનો ખાર રાખીને યુવતીને સતત હેરાન કરવાનું શરૂ કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. યુવતીનો પીછો કરવો, ગાળો બોલવી, લગ્ન માટે દબાણ કરવું અને ધમકીઓ આપવી જેવી હરકતો કરાતી હોવાના આરોપો સામે આવ્યા છે.

આ મામલે પીડિત યુવતીએ આખરે સતત ત્રાસથી કંટાળીને પોતાના પરિવારજનોને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. પરિવારના સહયોગથી યુવતીએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં આરોપી યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને આરોપો અંગે તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, વેજલપુર વિસ્તારમાં રહેતા હરેશ પુરબિયા નામના યુવક સાથે યુવતીનો આશરે એક વર્ષ અગાઉ પ્રેમસંબંધ બંધાયો હતો. શરૂઆતમાં બંને વચ્ચે સંબંધ સામાન્ય રીતે ચાલતો હતો, પરંતુ સમય જતાં યુવતીને હરેશને વિવિધ પ્રકારના નશાની આદત હોવાની જાણ થઈ હતી. યુવતીને આ બાબત અંગે ગંભીર ચિંતા થતાં તેણે ભવિષ્યમાં તેની સાથે લગ્ન ન કરવાનો નિર્ણય લીધો હતો અને પ્રેમસંબંધનો અંત લાવી દીધો હતો.

યુવતીએ સંબંધ તોડી નાખ્યા બાદ આરોપી યુવક આ નિર્ણય સ્વીકારી શક્યો ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. યુવતીના આરોપ મુજબ, સંબંધ તૂટ્યા બાદ હરેશે તેની સામે અદાવત રાખવાનું શરૂ કર્યું હતું. તે યુવતીનો પીછો કરતો હતો અને વારંવાર તેને હેરાન કરવાનો પ્રયાસ કરતો હતો. આરોપી યુવતીને ગાળો બોલતો હોવાનો તેમજ તેની સાથે ઝપાઝપી કરીને લગ્ન કરવા માટે દબાણ કરતો હોવાનો પણ ફરિયાદમાં આરોપ કરવામાં આવ્યો છે.

યુવતી પોતાના જીવનમાં આગળ વધવાનો પ્રયાસ કરી રહી હતી અને પરિવાર દ્વારા અન્ય જગ્યાએ તેના લગ્ન માટે વાતચીત કરવામાં આવી હતી. ત્યારબાદ યુવતીની અન્ય એક યુવક સાથે સગાઈ નક્કી કરવામાં આવી હતી. જોકે, ફરિયાદ મુજબ આરોપી હરેશે યુવતીની નવી સગાઈ અંગે જાણ થતાં ત્યાં પહોંચીને યુવતીના ભૂતકાળના પ્રેમસંબંધ અંગે વાતો કરી હતી. આરોપી દ્વારા કરવામાં આવેલી આ હરકતને કારણે યુવતીની નક્કી થયેલી સગાઈ પણ તૂટી ગઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ ઘટનાથી યુવતી અને તેના પરિવારજનોને મોટો માનસિક આઘાત પહોંચ્યો હોવાનું માનવામાં આવે છે. યુવતીનો આરોપ છે કે આરોપી તેને માત્ર સંબંધ ફરી શરૂ કરવા માટે દબાણ કરતો નહોતો, પરંતુ તેના નવા જીવનને પણ મુશ્કેલીમાં મૂકવાનો પ્રયાસ કરી રહ્યો હતો. સગાઈ તોડાવ્યા બાદ પણ આરોપીનો ત્રાસ બંધ થયો ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદ મુજબ, 26 જુલાઈના રોજ આરોપી હરેશે યુવતીના પિતાના મોબાઈલ નંબર પર ફોન કર્યો હતો. તે સમયે ફોન યુવતીએ ઉપાડ્યો હતો. ત્યારબાદ આરોપીએ યુવતી સાથે ધમકીભર્યા શબ્દોમાં વાત કરી હોવાનું સામે આવ્યું છે. યુવતીના જણાવ્યા પ્રમાણે આરોપીએ તેના ભાઈઓને કેસમાં ફસાવી દીધા હોવાની વાત કહી હતી.

ઓઢવમાં કાકાસસરાએ વહુના નામની બીભત્સ ચિઠ્ઠીઓ ફરતી કરી, કારણ ચોંકાવનારું.....!

અમદાવાદ, તા.08

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારો અને ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેમાં પરિવારના જ એક વ્યક્તિએ મહિલાને બદનામ કરીને તેનું લગ્નજીવન તોડવાના કથિત ઈરાદાથી વિચિત્ર કાવતરું રચ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોતાના લગ્નજીવનમાં ભંગાણ પડ્યા બાદ મહિલાના કાકાસસરાએ પોતાની જ વહુ પ્રત્યે એકતરફી લાગણી રાખી તેને હેરાન કરવા માટે તેના નામ અને મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને બિભત્સ લખાણવાળી ચિઠ્ઠીઓ જાહેર સ્થળોએ ચોંટાડી હોવાનું આરોપ છે. આ ચિઠ્ઠીઓના કારણે મહિલાને અજાણ્યા લોકોના અશ્લીલ અને બિભત્સ ફોન આવવા લાગતાં આખરે તેણે પોલીસની મદદ લેવી પડી હતી.

ઓઢવ વિસ્તારમાં રહેતી 36 વર્ષીય મહિલા બ્યુટી પાર્લરનો વ્યવસાય કરે છે અને પોતાના પરિવાર સાથે રહે છે. મહિલાના જણાવ્યા અનુસાર, 4 સપ્ટેમ્બરથી તેના તેમજ તેના પતિના મોબાઈલ નંબર પર અચાનક અજાણ્યા લોકોના ફોન આવવાનું શરૂ થયું હતું. શરૂઆતમાં આ ફોન સામાન્ય હશે તેવી શક્યતા માનવામાં આવી હતી, પરંતુ થોડા સમય બાદ ફોન કરનારા લોકો દ્વારા બિભત્સ અને અશોભનીય માગણીઓ કરવામાં આવતાં મહિલા અને તેનો પરિવાર ગંભીર રીતે પરેશાન થઈ ગયો હતો. વારંવાર આવતા આવા ફોનના કારણે મહિલાને સમજાયું કે કોઈ અજાણ્યો વ્યક્તિ જાણીજોઈને તેના મોબાઈલ નંબરનો ખોટી રીતે ઉપયોગ કરી રહ્યો હોઈ શકે છે. સતત માનસિક ત્રાસ અને પરિવારની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચવાની ભીતિને કારણે મહિલાએ આખરે ઓઢવ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને અજાણી વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મળતાં પોલીસે મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસ સામે સૌથી મોટો પડકાર એ હતો કે મહિલાનો મોબાઈલ નંબર અને નામ અજાણ્યા લોકો સુધી કેવી રીતે પહોંચ્યા અને તેની પાછળ કોણ જવાબદાર હતું. આ રહસ્ય ઉકેલવા માટે પોલીસે ઘટનાથી સંબંધિત વિવિધ વિસ્તારોમાં તપાસનો વ્યાપ વધાર્યો હતો. તપાસ દરમિયાન ઓઢવ, હાટકેશ્વર, રામોલ ટોલટેક્સ, ઓઢવ રિંગ રોડ અને સિંગરવા સહિતના વિસ્તારોમાં લગાવવામાં આવેલા 100થી વધુ CCTV કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા. પોલીસે અનેક સ્થળોની ગતિવિધિઓનું વિશ્લેષણ કરીને શંકાસ્પદ વ્યક્તિ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો.

તપાસ દરમિયાન પોલીસને ઓઢવ એસ.પી. રિંગ રોડ પર આવેલા જાનવી આર્કેડના પાર્કિંગ વિસ્તારમાંથી મહત્વપૂર્ણ પુરાવો મળ્યો હતો. અહીંથી બિભત્સ લખાણ લખેલી ચિઠ્ઠી સાથે જોડાયેલી એક ચલણી નોટ મળી આવી હોવાનું સામે આવ્યું છે. આ પુરાવાના આધારે પોલીસે તપાસને વધુ આગળ વધારી હતી અને CCTV ફૂટેજ તથા ટેકનિકલ સર્વેલન્સની મદદ લેવામાં આવી હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસના આધારે આખરે આ હીન કૃત્ય કરનાર તરીકે મહિલાના જ કાકાસસરાની સંડોવણી સામે આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. ત્યારબાદ પોલીસે આરોપીની ધરપકડ કરીને તેની પૂછપરછ શરૂ કરી હતી. પરિવારના નજીકના વ્યક્તિની સંડોવણી સામે આવતાં સમગ્ર ઘટના વધુ ચોંકાવનારી બની ગઈ હતી.

ગુજરાતમાં પ્રેમલગ્ન નોંધણી વિવાદ ફરી સળગ્યો, સરકારે પાટીદારો-અન્ય સમાજને કોણીએ ગોળ ચોંટાડ્યો

અમદાવાદ, તા.08

ગુજરાતમાં લાંબા સમયથી ચર્ચા અને વિવાદનો વિષય બનેલી ભાગેડુ લગ્ન પ્રથા તથા પ્રેમલગ્નની નોંધણી સંબંધિત કાયદામાં સુધારો કરવાની માંગ ફરી એકવાર તેજ બની છે. પાટીદાર સમાજ સહિત વિવિધ સામાજિક સંગઠનોએ આ મુદ્દે સરકારની કથિત ઉદાસીનતા સામે નારાજગી વ્યક્ત કરી છે. સંગઠનોનો આરોપ છે કે સરકારે અગાઉ આ મુદ્દે ચર્ચા કરીને જરૂરી કાયદાકીય સુધારા કરવાની હૈયાધારણા આપી હતી, પરંતુ સમય પસાર થવા છતાં હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ફેબ્રુઆરી 2026માં ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન સરકાર દ્વારા આ મુદ્દે કાયદાકીય સુધારાની દિશામાં આગળ વધવાનું વચન આપવામાં આવ્યું હોવાનું સામાજિક સંગઠનો જણાવી રહ્યા છે. જોકે, આ વચનને હવે લગભગ છ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં કાયદામાં કોઈ સ્પષ્ટ ફેરફાર કે નવી જોગવાઈ અંગેની સત્તાવાર કાર્યવાહી સામે આવી નથી. જેના કારણે પાટીદાર સહિતના સંગઠનોમાં સરકાર પ્રત્યે અસંતોષ વધી રહ્યો છે. તાજેતરમાં યોજાયેલા ગુજરાત વિધાનસભાના ત્રિદિવસીય ચોમાસું સત્રમાં પણ આ મુદ્દે કોઈ મહત્વપૂર્ણ કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી ન હોવાનું સંગઠનોનું કહેવું છે. આ મુદ્દે કોઈ સ્પષ્ટ જાહેરાત અથવા સુધારા અંગેની કાર્યવાહી ન થતાં હવે સામાજિક સંગઠનો દ્વારા સરકાર સામે વધુ ઉગ્ર વલણ અપનાવવાની ચેતવણી આપવામાં આવી રહી છે. પાટીદાર સમાજ સહિત અન્ય સામાજિક સંગઠનોનું કહેવું છે કે પરિવાર અને માતા-પિતાની જાણ અથવા મંજૂરી વિના ભાગીને કરવામાં આવતા લગ્નના કારણે અનેક પરિવારોમાં ગંભીર સામાજિક અને પારિવારિક વિવાદો સર્જાય છે. સંગઠનોની માંગ છે કે પ્રેમલગ્નની સત્તાવાર નોંધણીની પ્રક્રિયામાં વધુ ચકાસણી અને જવાબદારીની વ્યવસ્થા ઉભી કરવામાં આવે જેથી કોઈપણ પ્રકારની છેતરપિંડી, દબાણ અથવા ખોટી માહિતીના આધારે લગ્ન નોંધણી ન થઈ શકે.

સામાજિક સંગઠનો દ્વારા એવી પણ માંગ કરવામાં આવી રહી છે કે

લગ્ન નોંધણી દરમિયાન સ્થાનિક સ્તરે યોગ્ય તપાસ કરવામાં આવે. માત્ર દસ્તાવેજોના આધારે નોંધણી પૂર્ણ કરવાને બદલે સંબંધિત વહીવટી તંત્ર દ્વારા જરૂરી ચકાસણી કરવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે. ખાસ કરીને યુવતી પોતાની સ્વતંત્ર ઈચ્છાથી લગ્ન કરી રહી છે કે તેના પર કોઈ પ્રકારનું દબાણ, છેતરપિંડી અથવા અન્ય ગેરકાયદેસર અસર છે તે અંગે યોગ્ય તપાસની વ્યવસ્થા હોવી જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી રહી છે.

પરિવારજનો અને સામાજિક સંગઠનોની મુખ્ય ચિંતા એવી પણ છે કે કેટલીક પરિસ્થિતિઓમાં યુવતીઓને ફોસલાવીને અથવા દબાણ હેઠળ લગ્ન કરાવવામાં આવતા હોવાના આક્ષેપો સામે આવે છે. આવા કિસ્સાઓમાં પરિવારને કાયદેસર રીતે યોગ્ય ફરિયાદ નોંધાવવાની અને તપાસ કરાવવાની સ્પષ્ટ વ્યવસ્થા હોવી જોઈએ તેવી માંગ કરવામાં આવી રહી છે. સંગઠનોનું કહેવું છે કે આવા સંવેદનશીલ મુદ્દાઓમાં યુવક અને યુવતી બંનેના અધિકારો તેમજ તેમની સ્વતંત્ર ઈચ્છા અને સુરક્ષાનું સંતુલન જાળવીને યોગ્ય કાયદાકીય વ્યવસ્થા બનાવવી જરૂરી છે.

આ સમગ્ર મુદ્દો ડિસેમ્બર 2025માં વધુ ચર્ચામાં આવ્યો હતો. ગાંધીનગર ખાતે પાટીદાર સમાજ સહિત અન્ય સામાજિક સંગઠનોના આગેવાનો અને સરકારના ઉચ્ચ મંત્રીઓ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન સામાજિક સંગઠનોએ ભાગેડુ લગ્ન અને પ્રેમલગ્નની નોંધણી સંબંધિત પોતાની ચિંતાઓ અને વિવિધ સૂચનો સરકાર સમક્ષ રજૂ કર્યા હતા. બેઠકમાં રજૂ થયેલા મુદ્દાઓ પર ચર્ચા કર્યા બાદ સરકારે મોટાભાગની માંગણીઓ પર વિચાર કરવાની અને જરૂરી કાયદાકીય સુધારા માટે આગળ વધવાની મૌખિક હૈયાધારણા આપી હોવાનું સંગઠનોનું કહેવું છે. ત્યારબાદ ફેબ્રુઆરી 2026માં યોજાયેલા વિધાનસભા સત્ર દરમિયાન પણ આ મુદ્દે કાયદાકીય સુધારાની દિશામાં કાર્યવાહી કરવામાં આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

પરંતુ ત્યારબાદ સમય પસાર થવા છતાં કોઈ સ્પષ્ટ કાયદાકીય પ્રસ્તાવ કે સુધારા અંગેની કાર્યવાહી સામે ન આવતાં હવે સામાજિક સંગઠનો સરકારના વલણ પર સવાલો ઉઠાવી રહ્યા છે. સંગઠનોનો આરોપ છે કે અગાઉ આપવામાં આવેલી ખાતરીઓ હવે માત્ર ચર્ચાઓ અને વચનો સુધી જ સીમિત રહી ગઈ છે.

આ મુદ્દે પાટીદાર યુવા નેતા વરુણ પટેલે સરકાર સામે કડક પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા માત્ર પાટીદાર સમાજ જ નહીં પરંતુ દીકરીઓની સુરક્ષા અને સામાજિક વ્યવસ્થાની ચિંતા કરતા ગુજરાતના વિવિધ સમાજોની લાગણીઓને પણ અવગણવામાં આવી રહી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે જ્યારે ચૂંટણીનો સમય આવે છે ત્યારે રાજકીય પક્ષો અને સરકારો વિવિધ વચનો આપે છે, પરંતુ કાયદાકીય સુધારા કરવાનો સમય આવે ત્યારે કાર્યવાહી કરવામાં વિલંબ કરવામાં આવે છે.

અમદાવાદના માણેકચોકમાં ગેરકાયદે 150થી વધુ સોના-ચાંદીની ભઠ્ઠીઓ સક્રિય, મોટી હોનારતનું જોખમ

અમદાવાદ, તા.08

અમદાવાદના ઐતિહાસિક માણેકચોક અને તેની આસપાસના વિસ્તારોને હેરિટેજ તરીકે વિકસાવી પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એક તરફ શહેરના આ ઐતિહાસિક વિસ્તારની ઓળખને દેશ-વિદેશના પ્રવાસીઓ સુધી પહોંચાડવા માટે પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે, ત્યારે બીજી તરફ આ જ વિસ્તારમાં રહેતા હજારો રહેવાસીઓની સુરક્ષા અને આરોગ્ય સામે ગંભીર પ્રશ્નો ઊભા કરતી ગેરકાયદે પ્રવૃત્તિઓ ધમધમી રહી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. સ્થાનિકોનો આરોપ છે કે માણેકચોક અને તેની આસપાસના રહેણાંક વિસ્તારોમાં સોના-ચાંદી ગાળવાની અને પોલીશ કરવાની અંદાજે 150થી વધુ ભઠ્ઠીઓ ગેરકાયદે રીતે કાર્યરત છે, પરંતુ સંબંધિત તંત્ર આ સમગ્ર મામલે પૂરતી અને કડક કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યું છે.

થોડા દિવસ પહેલાં આ વિસ્તારમાં રાત્રિના સમયે આગ લાગવાની ઘટના બનતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની ઘટનાએ રહેણાંક વિસ્તારમાં ચાલતી આવી જોખમી પ્રવૃત્તિઓ સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કર્યા હતા. આગ લાગ્યા બાદ તંત્ર દ્વારા કેટલાક એકમોની તપાસ કરીને નોટિસ આપવામાં આવી હોવાનું સામે આવ્યું હતું, પરંતુ સ્થાનિકોનું કહેવું છે કે માત્ર એકલ-દોકલ એકમો સામે કાર્યવાહી કરવાથી સમગ્ર સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. વિસ્તારમાં મોટી સંખ્યામાં આવી ભઠ્ઠીઓ અને ગેરકાયદે કોમર્શિયલ એકમો કાર્યરત હોવાના આક્ષેપો છે, જે ગમે ત્યારે મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે. અમદાવાદના ઐતિહાસિક માણેકચોક, ખાડિયા અને કોટ વિસ્તારના અનેક ભાગોમાં વર્ષોથી રહેણાંક વિસ્તારોની વચ્ચે વિવિધ પ્રકારની વ્યાપારી પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાની ફરિયાદો કરવામાં આવી રહી છે. ખાસ કરીને સોના અને ચાંદી ગાળવાના તેમજ પોલીશ કરવાના એકમો રહેણાંક વિસ્તારોમાં ચલાવવામાં આવતા હોવાના કારણે સ્થાનિક લોકો ચિંતામાં છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જ્યાં પરિવારો રહે છે તેવા વિસ્તારોમાં નિયમો અને જરૂરી સુરક્ષા વ્યવસ્થાને અવગણીને વ્યાપારી એકમો ચલાવવામાં આવી રહ્યા છે.

સોના-ચાંદી ગાળવાની પ્રક્રિયા દરમિયાન નીકળતો ધુમાડો અને અન્ય પ્રદૂષિત તત્ત્વો સ્થાનિક વાતાવરણને અસર કરી રહ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આવા એકમોમાંથી નીકળતા ધુમાડાના કારણે હવા પ્રદૂષિત બનતી હોવાની ફરિયાદો છે. રહેણાંક વિસ્તારમાં સતત ધુમાડો અને રસાયણયુક્ત તત્ત્વો ફેલાતા હોવાના કારણે સ્થાનિક રહેવાસીઓના આરોગ્ય સામે પણ પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિકોનો એવો પણ આરોપ છે કે કેટલાક એકમોમાંથી નીકળતા કેમિકલયુક્ત કચરા અને અન્ય ગંદકીને યોગ્ય રીતે નિકાલ કરવાને બદલે સીધા ગટર અને ડ્રેનેજ લાઈનોમાં છોડવામાં આવે છે. જેના કારણે ગટર અને ડ્રેનેજ લાઈન વારંવાર ચોકઅપ થવાની સમસ્યા ઊભી થાય છે. ડ્રેનેજ વ્યવસ્થામાં રસાયણો અને ઔદ્યોગિક કચરો ભળવાથી પાણીની ગુણવત્તા પર પણ અસર થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. માણેકચોક અને કોટ વિસ્તારની સમસ્યા માત્ર સોના-ચાંદીના એકમો સુધી સીમિત નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ અનેક વિસ્તારોમાં પ્લાસ્ટિક, કાગળ, બોલ અને બેરિંગ સહિતના માલસામાનના ગોડાઉન પણ રહેણાંક વિસ્તારોમાં ઉભા કરવામાં આવ્યા છે. આવા ગોડાઉનમાં જ્વલનશીલ સામગ્રીનો સંગ્રહ થતો હોવાથી આગ લાગવાની સ્થિતિમાં જોખમ અનેકગણું વધી શકે છે.

પ્લાસ્ટિક અને લોખંડનો ભુક્કો સહિતનો કચરો યોગ્ય રીતે એકત્રિત કરીને તેનો નિકાલ કરવામાં આવે તે જરૂરી છે, પરંતુ કેટલાક સ્થળોએ આ પ્રકારનો કચરો ગટર લાઈનમાં નાખવામાં આવતો હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. જેના કારણે ડ્રેનેજ લાઈનોમાં વારંવાર ચોકઅપ અને બ્રેકડાઉનની સ્થિતિ સર્જાય છે. સામાન્ય રહેવાસીઓને તેના કારણે ગંદકી અને પાણી ભરાવા જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સૌથી મોટો પ્રશ્ન સુરક્ષા વ્યવસ્થાનો છે. રહેણાંક વિસ્તારોમાં ચાલતા આવા એકમોમાં સતત એલપીજી ગેસનો ઉપયોગ થતો હોવાના કારણે આગ અથવા ગેસ લીકેજની સ્થિતિમાં ગંભીર દુર્ઘટના સર્જાઈ શકે છે. સ્થાનિકોનો સવાલ છે કે આવા સ્થળોએ ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થાય છે કે નહીં, પૂરતી ઈલેક્ટ્રિકલ સેફ્ટી છે કે નહીં અને કોઈ દુર્ઘટના સર્જાય તો લોકોને બહાર નીકળવા માટે સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ છે કે નહીં તેની નિયમિત ચકાસણી કરવામાં આવે છે કે નહીં. ઘણા જૂના અને ગીચ વિસ્તારોમાં રસ્તાઓ સાંકડા હોવાના કારણે આગ લાગવાની ઘટનામાં ફાયર બ્રિગેડને પણ સ્થળ સુધી પહોંચવામાં મુશ્કેલી પડી શકે છે. આવી સ્થિતિમાં રહેણાંક વિસ્તારની વચ્ચે ચાલતા ભઠ્ઠી અને ગોડાઉન જેવા એકમોનું જોખમ વધુ ગંભીર બની જાય છે.

સુરત મહાનગરપાલિકાની કાનૂની મુશ્કેલીમાં વધારો: નાસીરનગર કેસમાંથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી ખસી ગયા હોવાની SMCને જાણ કરાઈ

સુરત, તા.08

સુરતના બહુચર્ચિત નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં સુરત મહાનગરપાલિકા માટે કાનૂની મોરચે નવી અને ગંભીર મુશ્કેલી ઊભી થઈ હોવાનું સામે આવ્યું છે. આ મામલો પહેલેથી જ હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે અને ડિમોલિશન કાર્યવાહીને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા છે. ત્યારે હવે હાઈકોર્ટમાં સુરત મહાનગરપાલિકા વતી પક્ષ રજૂ કરી રહેલા રાજ્યના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ આ કેસમાંથી હટી જવાનો નિર્ણય લીધો હોવાનું સામે આવતાં સમગ્ર મામલાએ નવો વળાંક લીધો છે.

નાસીરનગર ડિમોલિશન કેસ સુરત શહેરમાં લાંબા સમયથી ચર્ચાનો વિષય રહ્યો છે. આ કાર્યવાહીથી અસરગ્રસ્ત બનેલા લોકો દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવી છે અને ડિમોલિશન પ્રક્રિયા, અસરગ્રસ્ત પરિવારોના હકો તથા પાલિકાની કાર્યવાહીને લઈને કાનૂની સવાલો ઊભા કરવામાં આવ્યા છે. બીજી તરફ આ સમગ્ર પ્રકરણ સાથે જોડાયેલા સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિના સસ્પેન્શનનો મુદ્દો પણ કોર્ટ સુધી પહોંચ્યો છે.

સુજલ પ્રજાપતિએ પોતાના સસ્પેન્શનને પડકારતી પીટીશન દાખલ કરી હોવાનું સામે આવ્યું છે. એટલે સુરત મહાનગરપાલિકાને એક જ સંવેદનશીલ પ્રકરણ સાથે જોડાયેલા બે અલગ કાનૂની મોરચા પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવાની છે. એક તરફ નાસીરનગરના અસરગ્રસ્તોની અરજીનો સામનો કરવાનો છે, જ્યારે બીજી તરફ પોતાના અધિકારીના સસ્પેન્શનને લઈને દાખલ થયેલી પીટીશનમાં પણ પાલિકાએ પોતાનો પક્ષ મજબૂત રીતે રજૂ કરવાનો છે.

આવા સમયે રાજ્યના એડવોકેટ જનરલ અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી તરીકે કેસ સંભાળી રહેલા કમલ ત્રિવેદીએ કેસમાંથી હટી જવાનો નિર્ણય લેતા સુરત મહાનગરપાલિકાની કાનૂની વ્યૂહરચના સામે નવો પડકાર ઊભો થયો છે. હવે પાલિકાને હાઈકોર્ટમાં પોતાનો પક્ષ રજૂ કરવા માટે નવા અને અનુભવી કાનૂની પ્રતિનિધિની પસંદગી કરવાની ફરજ પડી છે.

ડિમોલિશન પ્રકરણને કારણે સુરત મહાનગરપાલિકા પહેલેથી જ કાનૂની દબાણ હેઠળ હોવાનું માનવામાં આવી રહ્યું છે. નાસીરનગરના અસરગ્રસ્ત પરિવારો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ સંવેદનશીલ છે અને કોર્ટમાં તેની ગંભીરતાથી ચર્ચા થવાની શક્યતા છે. આવી સ્થિતિમાં પાલિકા માટે માત્ર નવા વકીલની નિમણૂક કરવી પૂરતી નથી, પરંતુ સમગ્ર કેસની તમામ હકીકતો, અગાઉની કાર્યવાહી અને કોર્ટમાં રજૂ કરવાના મુદ્દાઓ અંગે મજબૂત તૈયારી કરવી પણ જરૂરી બનશે.

કાનૂની નિષ્ણાતોનું માનવું છે કે આવા મોટા અને સંવેદનશીલ કેસોમાં કાનૂની પ્રતિનિધિ બદલાય ત્યારે નવા વકીલને સમગ્ર કેસની વિગતો સમજવામાં સમય લાગી શકે છે. અગાઉ કોર્ટમાં કઈ દલીલો કરવામાં આવી હતી, કયા દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે અને આગામી સુનાવણીમાં કયા મુદ્દાઓ મહત્વપૂર્ણ બની શકે છે તેની સંપૂર્ણ તૈયારી કરવી પડે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

નેપાળ પૂરમાં 7 સુરંગોમાં ફસાયેલા કર્મચારીઓની શોધખોળ ચાલુ: અત્યાર સુધીમાં 13 હજારથી વધુ લોકોનું રેસ્ક્યુ, 5 હજાર હજુ પણ ગુમ

કાઠમંડુ, તા.08

નેપાળમાં આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલનને 13 દિવસ વીતી ગયા હોવા છતાં રાહત અને બચાવ અભિયાન હજુ પણ યથાવત્ છે. દેશના અનેક પહાડી વિસ્તારોમાં ભારે વરસાદ અને અચાનક આવેલા પૂરના કારણે મોટા પાયે જાનમાલનું નુકસાન થયું છે. અનેક રસ્તાઓ તૂટી જતાં અને મોટા પ્રમાણમાં કાટમાળ એકઠો થઈ જતાં બચાવ ટીમોને અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. આ દરમિયાન બચાવ ટુકડીઓ અલગ-અલગ હાઈડ્રોપાવર પ્રોજેક્ટની સુરંગોમાં ફસાયેલા કર્મચારીઓની શોધખોળમાં પણ સતત વ્યસ્ત છે.

અત્યાર સુધીમાં નેપાળમાં 13 હજારથી વધુ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. જોકે, હજુ પણ 4,894 લોકો ગુમ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ગુમ થયેલા લોકોમાં 587 જેટલા વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત શોધખોળ કરવામાં આવી રહી છે અને બચાવ ટીમો કાટમાળ, તૂટેલા રસ્તાઓ અને જોખમી પર્વતીય વિસ્તારોમાંથી લોકોને શોધવાનો પ્રયાસ કરી રહી છે. કેટલાક વિસ્તારોમાં સંપર્ક વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હોવાથી ગુમ થયેલા લોકો અંગે ચોક્કસ માહિતી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.

પૂર અને ભૂસ્ખલનની આ કુદરતી આફતે નેપાળમાં અત્યાર સુધીમાં 1,356 લોકોના જીવ લીધા છે. બીજી તરફ, તિબેટમાં પણ આ આપત્તિની ગંભીર અસર જોવા મળી છે, જ્યાં 43 લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે અને 519 લોકો હજુ પણ ગુમ છે. નેપાળ અને તિબેટ બંને વિસ્તારોમાં ભારે વરસાદ બાદ નદીઓમાં પાણીનું સ્તર ઝડપથી વધ્યું હતું અને અનેક સ્થળોએ ભૂસ્ખલન થતાં રહેણાંક વિસ્તારો, માર્ગો અને વીજળીના પ્રોજેક્ટોને ભારે નુકસાન પહોંચ્યું છે.

નેપાળના ચિલિમે હાઈડ્રોપાવર પ્રોજેક્ટમાં છ લોકો હજુ પણ ફસાયેલા હોવાનું જાણવા મળ્યું છે. તેમને સુરક્ષિત બહાર કાઢવા માટે ભારતીય સેના, નેપાળ સેના અને અન્ય બચાવ એજન્સીઓની ટીમો સંયુક્ત રીતે કામગીરી કરી રહી છે. ભારતીય સેનાની 35 સભ્યોની ટીમ પણ આ બચાવ અભિયાનમાં જોડાઈ છે. લગભગ 250 મીટર લાંબી સુરંગમાં બચાવ ટીમો અંદાજે 130 મીટર સુધી આગળ વધી ચૂકી છે. પ્રોજેક્ટમાં હાજર કુલ 71 લોકોમાંથી મોટાભાગના લોકોને



સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. જોકે, સુરંગની અંદર ફસાયેલા છ કર્મચારીઓ સુધી પહોંચવા માટે હજુ વધુ સમય લાગી શકે છે અને બચાવ કામગીરી પૂર્ણ થવામાં ત્રણથી ચાર દિવસનો સમય લાગી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બચાવ અભિયાન દરમિયાન સૌથી મોટી મુશ્કેલી સુરંગોની અંદર ભરાયેલા કાટમાળ અને પાણીના કારણે ઊભી થઈ રહી છે. ભારે વરસાદ અને ભૂસ્ખલન બાદ પર્વતીય વિસ્તારોની સ્થિતિ અત્યંત જોખમી બની ગઈ છે. અનેક સ્થળોએ જમીન હજુ પણ અસ્થિર હોવાથી બચાવકર્મીઓએ ખૂબ જ સાવધાની સાથે આગળ વધવું પડી રહ્યું છે. આધુનિક સાધનો, ડ્રોન અને થર્મલ કેમેરાની મદદથી એવા વિસ્તારોની પણ તપાસ કરવામાં આવી રહી છે જ્યાં માનવ ટીમો માટે સીધા પહોંચવું મુશ્કેલ છે.

નેપાળ સરકારે આ કુદરતી આફતથી થયેલા મોટા પાયાના નુકસાન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે મદદની માંગ કરી છે. નેપાળે પૂર અને ભૂસ્ખલનથી થયેલા નુકસાનના વળતર તરીકે 2 કરોડ અમેરિકી ડોલર એટલે કે અંદાજે 189 કરોડ રૂપિયાની માંગણી કરી છે. નેપાળના વિદેશ મંત્રી શિશિર ખનાલે એક આંતરરાષ્ટ્રીય અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જે દેશોના મોટા પ્રમાણમાં ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને કારણે વૈશ્વિક આબોહવા પરિવર્તન વધુ ગંભીર બની રહ્યું છે, તેમણે હવે આ પ્રકારની આફતોનો સામનો કરી રહેલા દેશોની મદદ માટે આગળ આવવું જોઈએ.

નેપાળનું કહેવું છે કે વૈશ્વિક સ્તરે કુલ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં તેનું યોગદાન 0.1 ટકાથી પણ ઓછું છે. તેમ છતાં આબોહવા પરિવર્તનની અસર નેપાળ જેવા પર્વતીય દેશ પર ખૂબ જ ગંભીર રીતે પડી રહી છે. દેશમાં તાપમાન વૈશ્વિક સરેરાશ કરતાં લગભગ 50 ટકા વધુ ઝડપથી વધી રહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વધતા તાપમાનના કારણે હિમનદીઓ ઝડપથી પીગળી રહી છે અને પર્વતીય વિસ્તારોમાં અચાનક પૂર તથા ભૂસ્ખલન જેવી ઘટનાઓનું જોખમ વધી રહ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રના વર્ષ 2023ના અહેવાલમાં પણ નેપાળના પર્વતીય વિસ્તારોમાં બરફના આવરણમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું જણાવાયું હતું. અહેવાલ અનુસાર છેલ્લા 30 વર્ષ દરમિયાન નેપાળના પર્વતોએ લગભગ એક તૃતીયાંશ જેટલો બરફ ગુમાવ્યો છે. પર્યાવરણ નિષ્ણાતોનું માનવું છે કે હિમનદીઓના ઝડપથી પીગળવાથી ભવિષ્યમાં પૂર અને ભૂસ્ખલન જેવી કુદરતી આપત્તિઓનું જોખમ વધુ વધી શકે છે. આ દરમિયાન તિબેટ અને નેપાળમાં આવેલા પૂર તથા ભૂસ્ખલન બાદ કેટલાક ભારતીય નાગરિકો પણ હજુ સુધી ગુમ હોવાનું સામે આવ્યું છે. બેઈજિંગ સ્થિત ભારતીય દૂતાવાસે ગુમ થયેલા ભારતીય નાગરિકોના પરિવારોને DNA સેમ્પલ જમા કરાવવા જણાવ્યું છે. આ સેમ્પલનો ઉપયોગ ચીની અધિકારીઓને મળેલા અજાણ્યા મૃતદેહોની ઓળખ કરવામાં મદદરૂપ થઈ શકે છે. પરિવારજનો પોતાના ગુમ થયેલા સ્વજનો અંગે માહિતી મેળવવા માટે સતત રાહ જોઈ રહ્યા છે. નેપાળના વિવિધ હાઈડ્રોપાવર પ્રોજેક્ટોમાં પણ બચાવ અને શોધખોળ કામગીરી ચાલી રહી છે. લાંગટાંગ હાઈડ્રોપાવર પ્રોજેક્ટમાં કર્મચારીઓ અને અન્ય સંભવિત અસરગ્રસ્તોની શોધખોળ ચાલુ છે.

રશિયામાં હિમસ્ખલન, 11 પર્વતારોહકોના મોત: 33 લોકોના ગ્રુપ પર બરફ પડ્યો....

મોસ્કો, તા.08

રશિયાના ઉત્તરી કાકેશસ વિસ્તારમાં આવેલા માઉન્ટ મિઝહિરગી પર રવિવારે સાંજે ભયાનક હિમસ્ખલનની ઘટના બની હતી. પહાડ પર ચઢાણ કરી રહેલા પર્વતારોહકોના એક મોટા જૂથ પર અચાનક બરફનો વિશાળ જથ્થો ધસી પડતાં ભારે અફરાતફરી સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 11 પર્વતારોહકોના મોત થયાની માહિતી સામે આવી છે, જ્યારે 10 જેટલા લોકો મુશ્કેલી વચ્ચે સુરક્ષિત રીતે નીચે ઉતરી આવવામાં સફળ રહ્યા હતા. બીજી તરફ, 6 પર્વતારોહકો હજુ પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે અને તેમની શોધખોળ માટે મોટા પાયે બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, ઘટનાના સમયે કુલ 33 પર્વતારોહકોનું એક જૂથ માઉન્ટ મિઝહિરગી પર ચઢાણ કરી રહ્યું હતું. પર્વતીય વિસ્તારમાં હવામાન અને ભૂગોળની સ્થિતિ પડકારજનક હોવા છતાં જૂથ આગળ વધી રહ્યું હતું. દરમિયાન અચાનક પહાડની ઉપરની તરફથી બરફનો મોટો જથ્થો ઝડપથી નીચે સરક્યો હતો. હિમસ્ખલનની ગતિ એટલી ઝડપી હતી કે પર્વતારોહકોને પોતાને બચાવવાની પૂરતી તક મળી નહોતી. બરફના પ્રવાહમાં અનેક લોકો ફસાઈ ગયા હતા અને કેટલાક પર્વતારોહકો બરફના જાડા



પડ નીચે દટાઈ ગયા હતા.

હિમસ્ખલનની જાણ થતાં જ સ્થાનિક પ્રશાસન અને બચાવ એજન્સીઓ સક્રિય થઈ ગઈ હતી. લાપતા પર્વતારોહકોને શોધવા માટે 50થી વધુ બચાવકર્મીઓને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. બચાવ ટીમો બરફની નીચે દટાયેલા લોકોને શોધવા માટે વિશેષ સાધનોની મદદ લઈ રહી છે. મુશ્કેલ પર્વતીય ભૂપ્રદેશને કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બચાવકર્મીઓ માટે સૌથી મોટો પડકાર એ છે કે વિસ્તારમાં ફરીથી હિમસ્ખલન થવાની શક્યતા યથાવત છે, જેના કારણે દરેક કામગીરી અત્યંત સાવચેતીપૂર્વક કરવામાં આવી રહી છે.

સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, બચાવ ટીમો પહાડના અલગ-અલગ વિસ્તારોમાં શોધખોળ કરી રહી છે. હિમસ્ખલન બાદ બરફનો મોટો જથ્થો એકઠો થઈ ગયો હોવાથી લાપતા લોકો સુધી પહોંચવું મુશ્કેલ બની રહ્યું છે. બચાવકર્મીઓ સંભવિત વિસ્તારોની ઓળખ કરીને તબક્કાવાર રીતે તપાસ કરી રહ્યા છે. ભારે ઠંડી, ઊંચાઈ અને મુશ્કેલ ભૂપ્રદેશ વચ્ચે ચાલી રહેલા આ બચાવ અભિયાનમાં સમય પણ મહત્વપૂર્ણ બની રહ્યો છે. આ દુર્ઘટનાને કારણે પર્વતારોહણ માટે આવેલા અન્ય લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. અધિકારીઓ દ્વારા પર્વતીય વિસ્તારમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને જરૂરી સાવચેતી રાખવામાં આવી રહી છે. હિમસ્ખલનનું જોખમ ઓછું ન થાય ત્યાં સુધી બચાવકર્મીઓ માટે પણ પરિસ્થિતિ અત્યંત જોખમી માનવામાં આવી રહી છે.

માઉન્ટ મિઝહિરગી રશિયાના નોર્થ કોકેશસ વિસ્તારમાં આવેલા કાબાર્ડિનો-બાલકારિયા પ્રજાસત્તાકના પર્વતીય વિસ્તારમાં આવેલું છે. આ વિસ્તાર ઊંચા અને કઠિન પર્વતીય ભૂભાગ માટે જાણીતો છે. અહીં ઊંચાઈ વધવાની સાથે હવામાનમાં ઝડપથી ફેરફાર થાય છે અને બરફવર્ષા તથા હિમસ્ખલનનું જોખમ પણ રહે છે. આ કારણે માઉન્ટ મિઝહિરગી અને તેની આસપાસનો વિસ્તાર અનુભવી પર્વતારોહકો માટે પણ પડકારજનક માનવામાં આવે છે. હાલમાં બચાવ ટીમોની મુખ્ય પ્રાથમિકતા બરફ નીચે ફસાયેલા અથવા લાપતા પર્વતારોહકોને શોધી કાઢવાની છે. બચાવ અભિયાન આગળ વધતાં મૃતકો અને લાપતા લોકો અંગે વધુ માહિતી સામે આવવાની શક્યતા છે.

સ્વામિનારાયણ સંતો જવાના હતા એટલે મહિલા કર્મીઓની ડ્યૂટી હટાવી

પેરિસ, તા.08

ફ્રાન્સની રાજધાની પેરિસમાં પ્રખ્યાત એફિલ ટાવર સોમવારે કર્મચારીઓની હડતાળને કારણે બંધ રહ્યો. આ મામલો શનિવારે હિંદુ સંગઠન બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)ના લગભગ 100 સભ્યોની મુલાકાત સાથે સંબંધિત છે. આરોપ છે કે BAPS પ્રતિનિધિમંડળના આગમન પહેલાં કેટલીક મહિલા કર્મચારીઓને તેમની જગ્યા પરથી હટવા માટે કહેવામાં આવ્યું, જેથી ત્યાં પુરુષ કર્મચારીઓને તૈનાત કરી શકાય.

આ ઘટનાથી મહિલા કર્મચારીઓ દુઃખી થઈ. તેમને આ અપમાનજનક લાગ્યું. મામલો વધ્યા પછી સોમવારે કર્મચારીઓએ બેઠક કરી અને મેનેજમેન્ટ સાથે વાતચીત કરી.

વાત ન બનતા કર્મચારીઓએ હડતાળ કરી દીધી. આના કારણે એફિલ ટાવરને બંધ રાખવો પડ્યો. બાદમાં એફિલ ટાવરના મેનેજમેન્ટે પણ સ્વીકાર્યું કે તેને આવી વિનંતી માનવી જ ન જોઈતી હતી.

BAPSએ જણાવ્યું કે લગભગ 100 લોકોના એફિલ ટાવરની મુલાકાતની યોજના સંસ્થા અને ટાવરના મેનેજમેન્ટે સાથે મળીને બનાવી હતી. મુલાકાતનો સમય પણ એવી રીતે નક્કી કરવામાં આવ્યો હતો, જેથી અન્ય પ્રવાસીઓને ઓછીમાં ઓછી અગવડ પડે.

BAPS પોતાને હિંદુ આધ્યાત્મિક અને સ્વયંસેવી સંસ્થા

ગણાવે છે. તેના લંડન, લોસ એન્જલસ અને સિડની સહિત ઘણા શહેરોમાં મંદિરો છે. રવિવારે પેરિસમાં BAPS ના ફ્રાન્સના પ્રથમ મોટા મંદિરનું ઉદ્ઘાટન પણ થયું હતું. BAPSએ જણાવ્યું કે, અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે આ સંકલન ટાવરની કામગીરી અને વ્યવસ્થાપનની સુવિધા માટે અને ટાવરના કર્મચારીઓ કે જનતાને કોઈ અસુવિધા પહોંચાડ્યા વિના મોટા જૂથ માટે સરળ મુલાકાત સુનિશ્ચિત કરવાના હેતુથી કરવામાં આવ્યું હતું.

કોઈપણ તબક્કે, તેનો હેતુ જાતિ (જેન્ડર) આધારિત વિનંતી કરવાનો ક્યારેય નહોતો, અને તેનાથી વિપરીત કરવામાં આવેલ કોઈપણ સૂચન અમારી સંસ્થા અથવા પ્રતિનિધિમંડળના નીતિમૂલ્યો કે ભાવનાને દર્શાવતું નથી.

BAPS તમામ માટે સમાનતા, પરસ્પર આદર અને સેવાના સિદ્ધાંતો પ્રત્યે દ્રઢપણે કટિબદ્ધ છે. આ એવા મૂલ્યો છે જે અમારી પરંપરાના શિક્ષણના હાર્દમાં રહેલા છે અને વિશ્વભરમાં અમારી સામાજિક કામગીરીમાં પ્રતિબિંબિત થાય છે.

અમારી જાણકારી મુજબ, અમારી મુલાકાત દરમિયાન કોઈપણ તબક્કે કોઈ પણ મુલાકાતી કે સ્ટાફના સભ્યને એફિલ ટાવરમાં પ્રવેશતા રોકવામાં આવ્યા નહોતા.

તેમ છતાં, અમે એફિલ ટાવરના કર્મચારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓને ગંભીરતાથી લઈએ છીએ અને અમારા જૂથની મુલાકાત માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓના પરિણામે તેમને થયેલી કોઈપણ અસુવિધા કે અસ્વસ્થતા બદલ અમે દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

અમે એફિલ ટાવરના મેનેજમેન્ટ અને સ્ટાફનો તેમના સહકાર બદલ આભાર માનીએ છીએ, અને આ બાબતની સમીક્ષા થઈ રહી હોવાથી અમે તમામ પક્ષો સાથે સકારાત્મક રીતે જોડાયેલા રહેવા માટે કટિબદ્ધ છીએ.

BAPSના સાધુઓ અને સ્વામીઓ આઠ પ્રકારના બ્રહ્મચર્યના નિયમોનું પાલન કરે છે. આ અંતર્ગત તેઓ મહિલાઓ સાથે વાતચીત કરવા, તેમને સ્પર્શ કરવા અને તેમની સાથે વધુ નજીક રહેવાથી બચે છે. BAPSના મંદિરોમાં પણ ઘણી જગ્યાએ પુરુષો અને મહિલાઓ માટે અલગ બેસવાની વ્યવસ્થા હોય છે. સંસ્થાનું કહેવું છે કે આ સાધુઓના ધાર્મિક નિયમ અને તેમની સાધનાનો ભાગ છે.

રશિયન રાષ્ટ્રપતિ પુતિન BRICS સમિટ માટે ભારત આવશે: 9 મહિનામાં બીજી ભારત યાત્રા, સમિટ પહેલાં 11 સપ્ટેમ્બરે PM મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે

નવી દિલ્હી/મોસ્કો, તા.08

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આગામી દિવસોમાં ભારતની મુલાકાતે આવવાના છે. તેઓ નવી દિલ્હીમાં યોજાનારી 18મી BRICS સમિટમાં ભાગ લેશે. રશિયન રાષ્ટ્રપતિની આ ભારત મુલાકાતને બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોની દૃષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. BRICS નેતાઓની બેઠક પહેલાં 11 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વ્લાદિમીર પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાવાની શક્યતા છે, જેમાં બંને દેશો વચ્ચેના સંબંધોથી લઈને વેપાર, સંરક્ષણ, આર્થિક સહયોગ અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સુધી અનેક મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા થઈ શકે છે.

રશિયાના રાષ્ટ્રપતિ કાર્યાલય ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે પુતિનની ભારત યાત્રાની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું છે કે રશિયા ભારતને પોતાના મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર તરીકે જુએ છે અને બંને દેશો વચ્ચેના સંબંધો રશિયા માટે અત્યંત મહત્વ ધરાવે છે. પેસ્કોવે ભારત અને રશિયા વચ્ચે વધી રહેલા આર્થિક સહયોગનો ઉલ્લેખ કરતાં કહ્યું કે બંને દેશો વચ્ચેની મોટાભાગની ચૂકવણી હવે પોતાની-પોતાની રાષ્ટ્રીય કરન્સીમાં થઈ રહી છે. ડોલર સહિતની ત્રીજી કરન્સી પરની નિર્ભરતા ઘટાડવાના પ્રયાસો વચ્ચે આ વ્યવસ્થા બંને દેશો માટે

મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. મોદી અને પુતિન વચ્ચે યોજાનારી દ્વિપક્ષીય બેઠકમાં વેપાર અને રોકાણ ઉપરાંત આર્થિક સહયોગને વધુ મજબૂત બનાવવાના રસ્તાઓ પર ચર્ચા થઈ શકે છે. બંને દેશો પરસ્પર વેપાર વધારવા માટે નવી તકો શોધી રહ્યા છે. ભારતીય કંપનીઓ રશિયાના વિશાળ બજારમાં પોતાની હાજરી વધારવા માંગે છે, જ્યારે રશિયન કંપનીઓ પણ ભારતના ઝડપથી વિકસતા બજારમાં પોતાની પહોંચ વધારવા માટે ઉત્સુક છે. બંને દેશો વચ્ચે પરિવહન અને લોજિસ્ટિક્સને સરળ બનાવવાના મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ શકે છે, જેથી માલસામાનની અવરજવર ઝડપી બને અને દ્વિપક્ષીય વેપારને વધુ ગતિ મળી શકે.

મોદી અને પુતિનની બેઠકમાં રશિયા-યુક્રેન યુદ્ધનો મુદ્દો પણ મહત્વનો બની શકે છે. લાંબા સમયથી ચાલી રહેલા આ યુદ્ધની અસર વૈશ્વિક રાજકારણ ઉપરાંત ઊર્જા, વેપાર અને વૈશ્વિક અર્થતંત્ર પર પણ પડી રહી છે. બંને નેતાઓ યુદ્ધની વર્તમાન સ્થિતિ, તેના કારણે ઊભા થયેલા આંતરરાષ્ટ્રીય પડકારો અને વૈશ્વિક અર્થતંત્ર પર પડતી અસર અંગે ચર્ચા કરી શકે છે. ભારત સતત સંવાદ અને કૂટનીતિ દ્વારા યુદ્ધના ઉકેલ પર ભાર મૂકતું રહ્યું છે, ત્યારે પુતિન સાથેની બેઠકમાં આ મુદ્દે પણ વાતચીત થવાની શક્યતા છે.

ફારસની ખાડીમાં ચાલી રહેલા તણાવનો મુદ્દો પણ બંને નેતાઓની ચર્ચામાં સામેલ થઈ શકે છે. પશ્ચિમ એશિયાની સ્થિતિ અને ખાડી વિસ્તારમાં વધતી અસ્થિરતા વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠા માટે મહત્વપૂર્ણ બની શકે છે. રશિયા પણ આ ઘટનાઓની વૈશ્વિક અર્થતંત્ર પર થતી અસર અંગે ચિંતા વ્યક્ત કરી ચૂક્યું છે. ભારત માટે પણ ઊર્જા સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગોની સ્થિરતા મહત્વપૂર્ણ હોવાથી આ મુદ્દા પર બંને દેશોના નેતાઓ વચ્ચે ચર્ચા થવાની શક્યતા છે. આ મુલાકાત દરમિયાન રશિયાનું અદ્યતન Su-57 લડાકુ વિમાન પણ ચર્ચાના કેન્દ્રમાં રહી શકે છે. રશિયા ભારતને પોતાનું પાંચમી પેઢીનું Su-57 લડાકુ વિમાન વેચવા માટે રસ દાખવી રહ્યું છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું છે કે ભારતને Su-57ના વેચાણનો મુદ્દો રશિયાના એજન્ડામાં સામેલ છે. જો આ મુદ્દે બંને દેશો વચ્ચે આગળની ચર્ચા થાય છે તો ભારત અને રશિયા વચ્ચેના સંરક્ષણ સહયોગમાં એક નવું મહત્વપૂર્ણ અધ્યાય શરૂ થઈ શકે છે.

Su-57ને રશિયાનું પાંચમી પેઢીનું અદ્યતન લડાકુ વિમાન માનવામાં આવે છે. આ વિમાનને સ્ટીલ્થ ટેક્નોલોજી સાથે વિકસાવવામાં આવ્યું છે, જેના કારણે દુશ્મનની રડાર સિસ્ટમ માટે તેને શોધવું વધુ મુશ્કેલ બને છે. વિમાનને હવાથી હવામાં અને હવાથી જમીન પર હુમલો કરવા માટેના આધુનિક હથિયારોથી સજ્જ કરવામાં આવ્યું છે. તેમાં અદ્યતન રડાર, સેન્સર અને ઈલેક્ટ્રોનિક વોરફેર ક્ષમતાઓ પણ છે. ભારત લાંબા સમયથી પોતાની વાયુસેનાની ક્ષમતાને આધુનિક બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે, તેથી Su-57 અંગેની ચર્ચા સંરક્ષણ ક્ષેત્રે ખાસ મહત્વ ધરાવે છે.

પુતિનની ભારતની આ મુલાકાત છેલ્લા કેટલાક મહિનામાં બંને નેતાઓ વચ્ચેની બીજી મહત્વપૂર્ણ મુલાકાત હશે. આ પહેલાં પુતિન 4 ડિસેમ્બર 2025ના રોજ ભારત આવ્યા હતા. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ તેમની તે પ્રથમ ભારત મુલાકાત હતી. દિલ્હી પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનું એરપોર્ટ પર સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બંને નેતાઓ એક જ કારમાં વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને પહોંચ્યા હતા. ત્યાં વડાપ્રધાન મોદીએ પુતિનના સન્માનમાં ખાનગી રાત્રિભોજનનું આયોજન કર્યું હતું.

તે મુલાકાત દરમિયાન બંને નેતાઓ વચ્ચે વ્યક્તિગત અને રાજદ્વારી સંબંધોની નજીકની તસવીર પણ જોવા મળી હતી. વડાપ્રધાન મોદીએ પુતિનને રશિયન ભાષામાં લખેલી ભગવદ્ ગીતા ભેટમાં આપી હતી. બીજા દિવસે બંને નેતાઓ વચ્ચે વાર્ષિક શિખર બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંરક્ષણ, ઊર્જા, વેપાર અને આર્થિક સહયોગ સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને દેશોએ લાંબા સમયથી ચાલતા પોતાના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં સહમતિ દર્શાવી હતી.

રિપોર્ટ- ઈરાની સુપ્રીમ લીડરના લંડનવાળા બંને ફ્લેટ વેચાશે: લોન ન ચૂકવી શકવાને કારણે વેચવાનો વારો

લંડન, તા.08

ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેની સાથે કથિત રીતે જોડાયેલી લંડનની બે અત્યંત આલીશાન પ્રોપર્ટી હવે વેચાણ માટે મૂકવામાં આવી છે. લંડનના સૌથી પ્રતિષ્ઠિત અને મોંઘા વિસ્તારોમાં ગણાતા પેલેસ ગ્રીનમાં આવેલી આ બંને પ્રોપર્ટીની કુલ કિંમત આશરે 3.6 કરોડ પાઉન્ડ એટલે કે લગભગ 459.54 કરોડ રૂપિયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ પ્રોપર્ટીઓ અગાઉ અલગ-અલગ વર્ષોમાં ખરીદવામાં આવી હતી, પરંતુ હવે બંને સંપત્તિઓ રિસીવરશિપ હેઠળ હોવાથી તેમના વેચાણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ધ સન્ડે ટાઈમ્સના અહેવાલ અનુસાર, આ બંનેમાંથી એક લક્ઝરી ડુપ્લેક્સ પેન્ટહાઉસ વર્ષ 2016માં લગભગ 242.53 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યું હતું. હવે આ પેન્ટહાઉસને આશરે 153.17 કરોડ રૂપિયાની માંગણી કિંમત સાથે વેચાણ માટે મૂકવામાં આવ્યું છે. એટલે કે, અગાઉની ખરીદ કિંમતની સરખામણીમાં તેની વર્તમાન માંગણી કિંમત લગભગ 89.36 કરોડ રૂપિયા ઓછી છે. આટલી મોટી કિંમત હોવા છતાં લંડનના પ્રીમિયમ પ્રોપર્ટી માર્કેટમાં આ સંપત્તિ પ્રત્યે સંભવિત ખરીદદારોની રસપ્રદતા જોવા મળી રહી છે. બંને એપાર્ટમેન્ટના સત્તાવાર પ્રોપર્ટી રેકોર્ડમાં ઈરાની બેન્કર અલી અંસારીનું નામ માલિક તરીકે નોંધાયેલું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. અહેવાલ અનુસાર, અલી અંસારી પોતાની બેન્ક સંબંધિત લોનની ચુકવણી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. ત્યારબાદ આ પ્રોપર્ટીઓ રિસીવરશિપ હેઠળ આવી હતી. રિસીવરશિપ એવી કાનૂની પ્રક્રિયા છે જેમાં મિલકતનો માલિક બેન્ક અથવા અન્ય નાણાકીય સંસ્થાની લોન ચૂકવવામાં નિષ્ફળ જાય ત્યારે મિલકતનું નિયંત્રણ એક નિષ્પક્ષ ત્રીજા પક્ષ એટલે કે રિસીવરને આપવામાં આવે છે. રિસીવર ત્યારબાદ પ્રોપર્ટીને વેચીને અથવા ભાડે આપીને બાકી નાણાંની વસૂલાત કરવાનો પ્રયાસ કરે છે.

પ્રોપર્ટીના વેચાણ માટે તૈયાર કરવામાં આવેલા બ્રોશરમાં આ સંપત્તિઓના કથિત રાજકીય અથવા ઈરાન સાથેના જોડાણ અંગે કોઈ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જોકે, તેમાં પ્રોપર્ટી રિસીવરશિપ હેઠળ હોવાની માહિતી આપવામાં આવી છે. આવી સ્થિતિમાં સંપત્તિ અંગેની તમામ વિગતો સામાન્ય વેચાણની પ્રક્રિયાની સરખામણીમાં અલગ રીતે ઉપલબ્ધ હોઈ શકે છે. તેથી સંભવિત ખરીદદારોને સોદો કરતા પહેલાં મિલકતની કાનૂની સ્થિતિ, માલિકી, નાણાકીય બોજા અને અન્ય સંબંધિત બાબતોની સ્વતંત્ર રીતે સંપૂર્ણ તપાસ કરવાની સલાહ આપવામાં આવી છે.

આ પ્રોપર્ટીઓનું સ્થાન પણ આ સમગ્ર મામલાને વધુ મહત્વપૂર્ણ બનાવે છે. ડેઈલી મેલના અહેવાલ અનુસાર, બંને એપાર્ટમેન્ટ



ઈઝરાયેલી દૂતાવાસની ખૂબ નજીક આવેલા છે. બંનેમાંથી ઈઝરાયેલી દૂતાવાસના પાછળના ભાગનો નજારો પણ જોવા મળે છે અને પ્રોપર્ટી તથા દૂતાવાસ વચ્ચેનું અંતર 50 મીટરથી પણ ઓછું હોવાનું જણાવાયું છે. લંડનના અત્યંત સુરક્ષિત અને પ્રતિષ્ઠિત વિસ્તારમાં આવેલી આ સંપત્તિઓના સ્થાનને કારણે પણ તેમની ચર્ચા થઈ રહી છે. આ મામલામાં અલી અંસારી સામે અમેરિકા અને બ્રિટન દ્વારા અગાઉ કરવામાં આવેલી કાર્યવાહી પણ મહત્વપૂર્ણ બની રહી છે. અમેરિકી ટ્રેઝરી વિભાગે જુલાઈમાં અલી અંસારી સામે પ્રતિબંધો જાહેર કર્યા હતા. અમેરિકી સત્તાવાળાઓએ તેમને મુજતબા ખામેનીના મુખ્ય નાણાકીય સહયોગીઓમાંના એક તરીકે ગણાવ્યા હતા. અમેરિકાના જણાવ્યા અનુસાર, અંસારી દુનિયાભરમાં એવી સંપત્તિઓ અને નાણાકીય વ્યવસ્થાઓનું મોટું નેટવર્ક સંચાલિત કરે છે, જેના કારણે મુજતબા ખામેની અને ઈરાની શાસન સાથે જોડાયેલા અન્ય લોકો સુધી નાણાકીય લાભ પહોંચે છે.

બ્રિટને પણ અલી અંસારી સામે અગાઉ પ્રતિબંધાત્મક કાર્યવાહી કરી હતી. બ્રિટિશ સરકારે તેમના પર ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એટલે કે IRGCને આર્થિક મદદ પૂરી પાડવાનો આરોપ લગાવ્યો હતો. આ પ્રતિબંધોના પરિણામે બ્રિટનમાં તેમની સાથે જોડાયેલી સંપત્તિઓ ફ્રીઝ કરવામાં આવી હતી અને બ્રિટનમાં તેમના પ્રવેશ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, અલી અંસારીએ પોતાના પર લગાવવામાં આવેલા આ આરોપોને નકારી કાઢ્યા છે અને કોઈપણ ગેરકાયદેસર નાણાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોવાનો ઈનકાર કર્યો છે.

રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે પેલેસ ગ્રીન ડેવલપમેન્ટ સાથે સંકળાયેલા કર્મચારીઓએ આ એપાર્ટમેન્ટ્સ ખરીદાયા ત્યારથી અલી અંસારી અથવા મુજતબા ખામેનીને ત્યાં જોયા નથી. આ બાબતને કારણે પણ પ્રોપર્ટીના વાસ્તવિક ઉપયોગ અને તેની માલિકી સાથે જોડાયેલા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. સંપત્તિ સત્તાવાર રીતે અલી અંસારીના નામે નોંધાયેલી હોવા છતાં તેનો ઉપયોગ કોણ કરતું હતું અથવા તેમાં કોણ રહેતું હતું તે અંગે જાહેરમાં સંપૂર્ણ સ્પષ્ટતા ઉપલબ્ધ નથી.

મુજતબા ખામેની પોતે પણ લાંબા સમયથી જાહેર જીવનમાં જોવા મળ્યા નથી. ફેબ્રુઆરીમાં તેમના પિતાના અમેરિકી-ઈઝરાયેલી હવાઈ હુમલામાં મૃત્યુ થયા બાદ તેમણે કોઈ મોટા જાહેર કાર્યક્રમમાં હાજરી આપી નથી કે કોઈ મહત્વપૂર્ણ જાહેર નિવેદન આપ્યું નથી. આ કારણે તેમના વર્તમાન ઠેકાણા અને સ્થિતિ અંગે પણ વિવિધ અટકળો ચાલી રહી છે. જોકે, તેમના ચોક્કસ વર્તમાન સ્થાન અંગે સ્વતંત્ર અને સત્તાવાર રીતે પુષ્ટિ થયેલી માહિતી સ્પષ્ટ નથી. લંડનની આ બંને પ્રોપર્ટીઓ વર્ષ 2014 અને 2016માં અલગ-અલગ સમયે ખરીદવામાં આવી હતી. હવે તેમના વેચાણની જવાબદારી આંતરરાષ્ટ્રીય સ્તરની જાણીતી રિયલ એસ્ટેટ કંપનીઓ નાઈટ ફ્રેન્ક અને સોથબીઝ ઈન્ટરનેશનલ રિયલ્ટીને સંયુક્ત રીતે સોંપવામાં આવી છે. વેચાણ માટે બહાર પાડવામાં આવેલી જાહેરાતમાં આ સંપત્તિને લંડનના અત્યંત વિશિષ્ટ અને પ્રતિષ્ઠિત સરનામા પર આવેલું લક્ઝરી ડુપ્લેક્સ પેન્ટહાઉસ તરીકે રજૂ કરવામાં આવ્યું છે.

આ લક્ઝરી પ્રોપર્ટીમાં ઉચ્ચ સ્તરની સુવિધાઓ ઉપરાંત સ્ટાફ માટે રહેવાની અલગ જગ્યા અને કેન્સિંગ્ટન ગાર્ડન્સનો ભવ્ય નજારો હોવાનું જણાવાયું છે. બંને એપાર્ટમેન્ટમાં ખાનગી રૂફ ટેરેસ પણ છે, જે આ પ્રોપર્ટીની કિંમત અને વૈભવમાં વધારો કરે છે. પેલેસ ગ્રીન વિસ્તાર લંડનના સૌથી પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારોમાં ગણાય છે અને અહીં અત્યંત મોંઘી તથા સુરક્ષિત પ્રોપર્ટીઓ આવેલી છે. આ બંને એપાર્ટમેન્ટ 3A પેલેસ ગ્રીન ખાતે આવેલા છે. આ વિસ્તાર કેન્સિંગ્ટન પેલેસની સામે આવેલો છે અને પ્રિન્સ તથા પ્રિન્સેસ ઓફ વેલ્સના સત્તાવાર લંડન નિવાસસ્થાનની નજીક છે. આ કારણે પેલેસ ગ્રીનને લંડનના સૌથી વિશિષ્ટ સરનામાંઓમાં સ્થાન આપવામાં આવે છે. આવા વિસ્તારમાં કરોડો રૂપિયાની કિંમત ધરાવતી પ્રોપર્ટીઓ સામાન્ય રીતે અત્યંત મર્યાદિત હોય છે અને તેમની ખરીદીમાં આંતરરાષ્ટ્રીય સ્તરના રોકાણકારો રસ દાખવતા હોય છે.

તંત્રી લેખ

હવે ઝંઝાવાતો દિશા બદલીને જતા રહેતા નથી

નેપાળ, ભૂતાન અને પૂર્વોત્તર ભારતના રાજ્યો એક નવા સંકટકાળમાં પ્રવેશી ગયા છે. અગાઉ ટૌટે વાવાઝોડાને કારણે ગુજરાતના ગ્રામ જગતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઘણું નુકસાન થયું હતું. એને રાગે પડતા હજુ ઘણો સમય પસાર થયો. સૌરાષ્ટ્રમાં તો છેલ્લી ઘડી સુધી લોકો એમ માનતા હતા કે આ ઝંઝાવાત ઓમાન તરફ વળી જશે. જ્યારે કે હવામાન ખાતાએ સતત સાવ સ્પષ્ટ કહ્યું હતું કે એ ત્રાટકીને જ રહેશે. એક એક ખેતરમાં આઠ-દસ લાખની ડુંગળી હોય જેના પાક ઉપરાંત કઠોળના પાક પણ ધોવાઈ ગયા હતા ને સરકારે વળતર કહેવા પૂરતું જ આપ્યું હતું. એ વિસ્તારોમાં સાંજના આઠથી સવારના આઠ એમ બાર કલાક ટૌટેએ વિકરાળ વિનાશક વાયુનૃત્ય કર્યા હતા. રાત્રિના બે વાગ્યે વિદાય થઈ ગયેલું ટૌટે છેક ઊના અને તુલસીશ્યામ તરફ થઈને કલાકના ૨૦૦ કિલોમીટરની ઝડપે ફરંગટી ખાઈને ફરી બીજીવાર એક જ કલાક પછી ફરી ત્રાટક્યું એને કારણે વિનાશ વધુ થયો. જો કે આવા ઝંઝાવાતો તો ભારતના વિધવિધ કિનારે આવતા જ રહેવાના છે. આવનારા વરસોમાં દરેક મોસમની અરાજકતાનો સાક્ષાત્કાર હવે ફરજિયાત છે. બહુ વધારે પાણી આવે તો બચવાના સાધનો ઘરમાં જ રાખવા પડશે. પવન અને અગ્નિથી પણ માનવજાતને ભય તો રહેશે. કારણ કે પ્રકૃતિ સાથે એકમાત્ર ભોગવાદી અભિગમ જ માણસજાતે રાખ્યો છે. કદી પણ પ્રકૃતિ માટે ઉપકારક નીવડવાની ભાવના કેળવી જ નથી એના પરિણામો હવે જોવા મળે છે. પશ્ચિમ ભારત પછી હવે પૂર્વ ભારતમાં કુદરતનું તાંડવ શરૂ થયું છે. ગ્લોબલ વોર્મિંગ સંબંધિત ચિંતાઓ માટે પેરિસ જ હવે તો જાણે ગ્લોબલ કેપિટલ બની ગયું છે. પરંતુ ત્યાં અવારનવાર જે વારતાઓ થાય છે તેમાં મહાન રાષ્ટ્રોના વડાઓ ભાગ લઈને જે ડાહી ડાહી વાતો કરે છે તે પૂર્ણતઃ નિરર્થક છે એમ દુનિયા હવે સમજી ગઈ છે. એટલે પર્યાવરણ સંબંધિત એવી ચર્ચાનો પ્રભાવ શૂન્ય ડિગ્રી સુધી પહોંચી ગયો છે. માણસ જાત આજકાલ ભીંસમાં આવી ગઈ છે એટલે એને વિપદા નિકટ હોય ત્યારે જે સારા વિચારો આવવા જોઈએ એમાં પર્યાવરણ પણ છે એટલે પ્રાકૃતિક સમતુલાની વાતોએ ફરી ઉછાળો માર્યો છે, જે પણ આખરે તો વ્યર્થ જ નીવડવાની સંભાવના છે. ૩૫ સેન્ટિગ્રેડથી વધારાનું ઉષ્ણતામાન મનુષ્યના ચૈતસિક કોષો અને મસ્તિષ્કની સૂક્ષ્મ પ્રણાલિકાને કાયમી ધોરણે નુકસાન કરે છે. વધતા ઉષ્ણતામાનને કારણે કોઈ પણ દેશની બૌદ્ધિક સંપદામાં ઘટાડો થઈ શકે છે. ચકલી અને કબુતર બે એવા પંખીઓ છે જેને ભારે ગરમીમાં ઉડ્ડયન વિના પણ હાંફ ચડી જાય છે અને પછી એકાએક જ તેઓ શ્વાસ ચૂકી જાય છે.

કુદરતનું વ્યવસ્થાતંત્ર એવું છે કે જે આજે ઈતર જીવોએ ભોગવવાનું આવે તે જ આવતીકાલના વરસોમાં માનવજાતે વેઠવાનું આવે. ગ્લોબલ વોર્મિંગથી થઈ રહેલા જળવાયુ પરિવર્તનને કારણે છેલ્લા પચાસ વરસમાં દુનિયાના તમામ દેશોમાં આર્થિક અને સામાજિક ગતિમાં અવરોધ અથવા આશ્ચર્યજનક રીતે પ્ર-ગતિ નોંધાઈ છે. છેલ્લું વીતેલું ચોમાસુ આડેધડ વરસાદનું હતુ. હવામાન ખાતાની આગાહી એક ઝંઝાવાત માટે હોય અને આવી જાય ત્રણ. સરકાર ક્યારેક ઓરિસ્સા અને બિહારના જળપ્રલયના સમાચારને સરકારી માધ્યમો દ્વારા બ્લેકઆઉટ પણ કરે છે. એ બન્ને રાજ્યોમાં વરસાદે અનેકવાર રીતસર હાહાકાર મચાવ્યો છે. આ વખતે પણ એમ જ છે. જેની અસરોમાંથી પ્રજાને મુક્ત થતાં બહુ વાર લાગે છે. અત્યારે પણ બિહાર, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ પર નવું વાવાઝોડું લટકતી તલવારની જેમ ઝળુંબી રહ્યું છે. છેલ્લી અરધી સદીમાં ગ્લોબલ વોર્મિંગને કારણે શ્રીમંત દેશો વધુ શ્રીમંત થયા છે અને ગરીબ પ્રજા વધુ ગરીબ બની છે. સ્ટેનફર્ડ યુનિવર્સિટીના સંશોધક પ્રાધ્યાપકોની એક ટુકડીએ અખંડ પરિશ્રમથી કરેલા અભ્યાસમાં સપાટી પર આવેલા તારણો એક રીતે વિકાસશીલ અને અવિકસિત દેશો માટે ચેતવણીની નવી ઘંટડી છે. આ સંશોધન કહે છે તે પ્રમાણે વધતા ઉષ્ણતામાનને કારણે ભારતીય અર્થતંત્રને એકત્રીસ ટકા નુકસાન જઈ રહ્યું છે.

આર્થિક જાણકારો અને સરકાર સાથે રહેલા કેટલાક પૂર્વ અધિકારીઓ દ્વારા પણ કેન્દ્ર સરકારની આ મનોવૃત્તિ અને આંકડાની માયાજાળને ખોટી ગણાવાઈ રહી છે છતાં સરકાર માનવા તૈયાર નથી. તાજેતરમાં પૂર્વ નાણાં સચિવ સુભાષ ગર્ગે એપ્રિલ-જૂન ૨૦૨૬નો જીડીપી માત્ર ૨.૬ ટકા હોવાનો આક્ષેપ કરતા આ મુદ્દે રાજકીય વિવાદ સર્જાયો છે : રૂપિયામાં પણ ઘટાડાનો સિલસિલો ચાલુ છે અને તે પ્રતિ ડૉલર લગભગ ૯૫ની આસપાસ પહોંચી ગયો છે. જો અર્થતંત્ર ઝડપથી મજબૂત થઈ રહ્યું હોય, તો આપણું ચલણ હજી પણ તેલના ભાવ, વિદેશી મૂડી અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ કેમ રહે છે?

દેશના વિકાસના આંકડા વધ્યા પણ પ્રજાની સ્થિતિ સુધરતી નથી

જીડીપીના આંકડા ઝાકમઝોળ બની રહ્યા છે પણ સામાન્ય લોકો મોંઘવારી, બેરોજગારી, બચતના અભાવ સામે ઝઝૂમી રહ્યા છે

આર્થિક જાણકારો અને સરકાર સાથે રહેલા કેટલાક પૂર્વ અધિકારીઓ દ્વારા પણ કેન્દ્ર સરકારની આ મનોવૃત્તિ અને આંકડાની માયાજાળને ખોટી ગણાવાઈ રહી છે છતાં સરકાર માનવા તૈયાર નથી. તાજેતરમાં પૂર્વ નાણાં સચિવ સુભાષ ગર્ગે એપ્રિલ-જૂન ૨૦૨૬નો જીડીપી માત્ર ૨.૬ ટકા હોવાનો આક્ષેપ કરતા આ મુદ્દે રાજકીય વિવાદ સર્જાયો છે : રૂપિયામાં પણ ઘટાડાનો સિલસિલો ચાલુ છે અને તે પ્રતિ ડૉલર લગભગ ૯૫ની આસપાસ પહોંચી ગયો છે. જો અર્થતંત્ર ઝડપથી મજબૂત થઈ રહ્યું હોય, તો આપણું ચલણ હજી પણ તેલના ભાવ, વિદેશી મૂડી અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ કેમ રહે છે? : કોઈપણ વિકાસનું સાચું મૂલ્યાંકન માત્ર વિકાસ દરના આધારે થઈ શકતું નથી. સવાલ એ છે કે આ વિકાસની ગુણવત્તા શું છે, તેનો લાભ કોને મળી રહ્યો છે અને સામાન્ય માણસના જીવનમાં તેની કેટલી અસર દેખાઈ રહી છે. જ્યાં સુધી સમાજમાં છેવાડાના માનવી સુધી શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને અન્ય પાયાની સુવિધાઓ ન પહોંચે, ત્યાં સુધી વિકાસને વાસ્તવિક માની શકાય નહીં

દુનિયાભરમાં મોટા મોટા દેશોના અર્થતંત્રમાં ભૂકંપ આવેલો છે, ઘણા દેશો યુદ્ધ, ગૃહયુદ્ધ અને મોંઘવારી તથા ફુગાવાના ભાર નીચે દબાયેલા છે. રશિયા-યુક્રેન, અમેરિકા-ઈરાનના યુદ્ધથી ચારેતરફ ક્રૂડ સેક્ટરમાં ભયાનક ભાવવધારો ચાલી રહ્યો છે, મોંઘવારીએ માઝા મુકેલી છે. બીજી તરફ ભારતના અર્થતંત્રે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૭.૮ ટકાનો વાસ્તવિક વિકાસ દર નોંધાવ્યો છે. પ્રથમ દ્રષ્ટિએ આ આંકડો ચોક્કસપણે પ્રગતિશીલ જણાય છે. સરકાર માટે આ આર્થિક મજબૂતીનો પુરાવો છે અને એ દર્શાવવાની તક પણ છે કે મુશ્કેલ વૈશ્વિક સંજોગો છતાં ભારતીય અર્થતંત્ર પોતાની ગતિ જાળવી રહ્યું છે. સરકારે પોતાના ફુલગુલાબી આંકડાના દ્વારા ફુલાઈ રહી છે પણ વાસ્તવિકતા તેનાથી જોજનો દૂર છે. તેમાંય જાણકારો માને છે કે, સરકાર દ્વારા મનફાવે તેવી રીતે ગણતરીઓ કરવામાં આવે છે. તેના પગલે વિકાસના સુંવાળા, ચમકતા અને મનગમતા આંકડા દર વર્ષે જારી કરવામાં આવે છે. સરકારે ગણતરીના માપદંડોમાં જ મોટાપાયે ફેરફાર કરી નાખ્યો છે જેના પગલે આંકડાનું નક્કર પરિણામ જ મળતું નથી. આ સિવાય એવો પણ મત પ્રવર્તી રહ્યો છે કે, કોઈપણ વિકાસનું સાચું મૂલ્યાંકન માત્ર વિકાસ દરના આધારે થઈ શકતું નથી. સવાલ એ છે કે આ વિકાસની ગુણવત્તા શું છે, તેનો લાભ કોને મળી રહ્યો છે અને સામાન્ય માણસના જીવનમાં તેની કેટલી અસર દેખાઈ રહી છે. જ્યાં સુધી સમાજમાં છેવાડાના માનવી સુધી શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને અન્ય પાયાની સુવિધાઓ ન પહોંચે, ત્યાં સુધી વિકાસને વાસ્તવિક માની શકાય નહીં. આર્થિક સમૃદ્ધિ ત્યાં સુધી અધૂરી છે જ્યાં સુધી તે લોકોની ક્ષમતાઓમાં પરિવર્તિત ન થાય. વિકાસને માત્ર સકલ ઘરેલું ઉત્પાદનના આંકડા સુધી સીમિત ન રાખી શકાય, કારણ કે આંકડા માત્ર આર્થિક ઉત્પાદન દર્શાવે છે, જ્યારે વાસ્તવિક વિકાસનો સંબંધ માનવ કલ્યાણ અને જીવનની ગુણવત્તા સાથે છે.

ચિંતાની વાત એ છે કે, આર્થિક જાણકારો અને સરકાર સાથે રહેલા કેટલાક પૂર્વ અધિકારીઓ દ્વારા પણ કેન્દ્ર સરકારની આ મનોવૃત્તિ અને આંકડાની માયાજાળને ખોટી ગણાવાઈ રહી છે છતાં સરકાર માનવા તૈયાર નથી. તાજેતરમાં પૂર્વ નાણાં સચિવ સુભાષ ગર્ગે એપ્રિલ-જૂન ૨૦૨૬નો જીડીપી માત્ર ૨.૬ ટકા હોવાનો આક્ષેપ કરતા આ મુદ્દે રાજકીય વિવાદ સર્જાયો છે. સરકારે આક્ષેપો પર પલટવાર કરતા કહ્યું કે, જૂના અને નવા આધાર વર્ષના આંકડાની સરખામણી એપલ અને ઓરેન્જની તુલના સમાન છે. દેશનું અર્થતંત્ર ફુલ ગુલાબી તેજીમાં છે. કેન્દ્ર સરકારે પહેલા ત્રિમાસિકમાં

ભારતીય અર્થતંત્ર ૭.૮ ટકાના દરે વૃદ્ધિ પામ્યું હોવાની જાહેરાત કર્યા પછી પૂર્વ નાણાં સચિવ સુભાષ ચંદ્ર ગર્ગે જૂના અને નવા બેઝ યરને ટાંકીને એપ્રિલ-જૂન ૨૦૨૬માં વાસ્તવિક જીડીપી વૃદ્ધિદર ૭.૮ ટકા નહીં પરંતુ માત્ર ૨.૬ ટકા જ હોવાનો દાવો કર્યો હતો. બીજી તરફ સરકારનો દાવો છે કે, જૂના અને નવા બેઝ વર્ષની સરખામણી ખોટી છે, કારણ કે તેમાં કરન્ટ પ્રાઈસના આંકડાના બદલે કોન્સ્ટન્ટ પ્રાઈસના અંદાજોની ગણતરી કરવામાં આવે છે. આ સિવાય ૮૬.૦૫ લાખ કરોડના અંદાજને જૂના ૨૦૧૧-૧૨ના બેઝ વર્ષ સાથે સરખાવવામાં આવે છે જ્યારે હાલ જાહેર કરાયેલા જીડીપીના આંકડાની નવા ૨૦૨૨-૨૩ના બેઝ વર્ષ હેઠળ ગણતરી કરાઈ છે. જ્યારે હકિકત એ છે કે, દેશનો સામાન્ય માણસ બેરોજગારી, મોંઘવારી, ભાવવધારો, ફુગાવો, અભાવ અને અવ્યવસ્થાના વિષચક્રમાં અટવાયેલો છે.

ઉલ્લેખનીય છે કે, જાણકારો અને પ્રજાનો સવાલ આ આંકડાની ગણતરી સામે જ છે. મહત્ત્વનો સવાલ એ છે કે પાછલા વર્ષના આર્થિક કદમાં ઘટાડો કેમ થયો અને તેની ૭.૮ ટકાના વર્તમાન વિકાસ દર પર કેટલી અસર પડી? વર્ષ ૨૦૧૧-૧૨ના જૂના આધાર વર્ષમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળાનું સકલ ઘરેલું ઉત્પાદન ૮૬.૦૫ લાખ કરોડ હતું, જે વર્ષ ૨૦૨૨-૨૩ના નવા આધાર વર્ષમાં ઘટીને લગભગ ૮૦ લાખ કરોડ રહી ગયું. જૂની અને નવી શ્રેણીની સીધી સરખામણી યોગ્ય નથી, પરંતુ આટલા મોટા ફેરફારનું કારણ અને વર્તમાન વિકાસ દર પર તેના પ્રભાવને સરકાર તરફથી સ્પષ્ટ કરવાની જરૂર છે.

પ્રથમ ત્રિમાસિક ગાળો એપ્રિલથી જૂન એમ ત્રણ મહિનાનો હતો. પશ્ચિમ એશિયાનું સંકટ ફેબ્રુઆરીના અંતથી શરૂ થઈ ચૂક્યું હતું, પરંતુ સ્થાનિક સ્તરે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો મે મહિનાના મધ્ય અને છેલ્લા સપ્તાહમાં ચાર તબક્કામાં થયો હતો. એટલે કે ત્રિમાસિક ગાળાનો લગભગ પહેલો દોઢ મહિનો સ્થાનિક ઈંધણ ભાવવધારાની પૂરી અસરથી પ્રમાણમાં સુરક્ષિત રહ્યો અને ભાવવધારાનું દબાણ પાછળના ભાગમાં આવ્યું. શું આ સરકારની એક રણનીતિ નહોતી કે જેથી ભાવવધારાની અસર ત્રિમાસિક ગાળાના શરૂઆતના ભાગમાં ઓછી દેખાય અને તેની વ્યાપક અસર પછીના સમયગાળામાં સામે આવે? દેશમાં ૩૧ ઑગસ્ટે જે દિવસે ૭.૮ ટકાનો વિકાસ દર જાહેર થયો, તે જ દિવસે સેન્સેક્સ ૩૦૭ પોઈન્ટ એટલે કે ૦.૪૦ ટકા અને નિફ્ટી ૦.૩૯ ટકા ઘટીને બંધ રહ્યા હતા. આને માત્ર જીડીપીના આંકડાની પ્રતિક્રિયા કહેવી યોગ્ય નથી, કારણ કે વૈશ્વિક બજાર, ક્રૂડ ઓઈલ અને યુએસ વ્યાજ દરોને લઈને પણ દબાણ હતું. તેમ છતાં મજબૂત વિકાસ દર હોવા છતાં બજારમાં ઉત્સાહ કેમ જોવા ન મળ્યો, તે પ્રશ્ન હજી પણ ઊભો છે.

આ સાથે રૂપિયામાં પણ ઘટાડાનો સિલસિલો ચાલુ છે અને તે પ્રતિ ડૉલર લગભગ ૯૫ની આસપાસ પહોંચી ગયો છે. જો અર્થતંત્ર ઝડપથી મજબૂત થઈ રહ્યું હોય, તો આપણું ચલણ હજી પણ તેલના ભાવ, વિદેશી મૂડી અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ કેમ રહે છે? સ્પષ્ટ છે કે આર્થિક મજબૂતી એ માત્ર ઉત્પાદન વધવાનું નામ નથી, પરંતુ પોતાના ચલણ અને અર્થતંત્રને બાહ્ય આંચકાઓથી બચાવવાની ક્ષમતા પણ છે. સામાન્ય માણસ માટે ૭.૮ ટકા વિકાસ દરની સૌથી સીધી કસોટી તેના રસોડા અને રોજિંદા ખર્ચમાં થાય છે. સરકારી કાગળોમાં દેશમાં સરેરાશ મોંઘવારી દર ૪.૪૫ ટકા હોઈ શકે છે, પરંતુ કોઈપણ પરિવારનું બજેટ સરેરાશ આંકડાથી ચાલતું નથી. જુલાઈમાં ખાદ્ય મોંઘવારી ૫.૫૨ ટકા રહી હતી. આદું, લસણ અને ડુંગળી જેવી રોજિંદી ચીજવસ્તુઓમાં તીવ્ર ભાવવધારો નોંધાયો હતો.

સપ્ટેમ્બરની શરૂઆતમાં મુંબઈ વિસ્તારમાં દૂધના ભાવ પ્રતિ લિટર ૯ વધ્યા અને સીએનજી (ભશ યૃ) તેમજ પરિવહનના ભાડા પણ વધ્યા. જયપુરમાં દૂધની સાથે પનીર જેવા ડેરી ઉત્પાદનો પણ મોંઘા થયા. ખાંડના ભાવમાં તાજેતરમાં થોડી નરમાશ આવી છે, પરંતુ ઉપભોક્તાઓ સુધી રાહત પહોંચવામાં સમય લાગી રહ્યો છે. સીએનજી મોંઘો થવાની અસર ઓટો, ટેક્સી અને માલસામાનની હેરફેર પર પડે છે; દૂધ મોંઘું થવાની અસર દહીં, પનીર અને મીઠાઈ પર પડે છે; તેમજ ઈંધણ મોંઘું થવાની અસર લગભગ દરેક વસ્તુના પરિવહન પર પડે છે. એટલા માટે એક પરિવાર માટે મોંઘવારીનો અર્થ સૂચકાંકની ટકાવારી નથી, પરંતુ મહિનાના અંતે બચેલી રકમ છે. સરકારની અવિચારી નીતિઓને પગલે સામાન્ય માણસનું બજેટ સાવ ખોરવાઈ ગયું છે અને તેની પાસે બચત જેવું કશું રહેતું જ નથી.

હકિકતે સામાન્ય માણસને વિચાર એવો આવે છે કે, આ આંકડાનો ફાયદો તેને અથવા તો તેના પરિવારને શું થયો છે. વિકાસ દરના આ આંકડાનો મોટો પ્રશ્ન રોજગારી સાથે પણ જોડાયેલો છે. વીતેલા જુલાઈમાં બેરોજગારીનો દર ૫.૧ ટકા રહ્યો હતો, જ્યારે શ્રમબળ ભાગીદારી દર ૫૫.૪ ટકા હતો. માત્ર રોજગારની સંખ્યા પૂરતી નથી. સવાલ એ છે કે શું આ વિકાસ યુવાનો માટે પૂરતી સ્થાયી અને સન્માનજનક રોજગારીનું સર્જન કરી રહ્યો છે? જો અર્થતંત્રમાં વૃદ્ધિ થઈ રહી હોય, પરંતુ સંગઠિત ખાનગી ક્ષેત્રમાં રોજગારની ગતિ નબળી હોય અને નાના વ્યવસાયો ખર્ચ તથા માંગના દબાણ હેઠળ હોય, તો વિકાસની ગુણવત્તા પર સવાલો ઊભા થવા સ્વાભાવિક છે. ભારતની મોટી વસ્તી આજે પણ નાના વેપાર, સ્વરોજગાર અને અનૌપચારિક ક્ષેત્ર સાથે જોડાયેલી છે. તેથી વિકાસનું સાચું મૂલ્યાંકન એ બાબત પરથી પણ થવું જોઈએ કે આ વર્ગોની આવક અને વેપારમાં શું પરિવર્તન આવ્યું છે. જોવા જઈએ તો આ આંકડાના કારણે સામાન્ય માણસની આવક વધી કે નહીં, રોજગાર મળ્યો કે નહીં, નાનો ધંધો ચાલ્યો કે નહીં, ઘરનો ખર્ચ કેટલો વધ્યો અને મહિનાના અંતે તેની બચત કેટલી રહી. જો તેના જીવનમાં સકારાત્મક બદલાવ ન આવે, તો તે આ આંકડાને પોતાના રોજિંદા જીવન સાથે જોડીને નહીં જુએ. આખરે અર્થતંત્રની સૌથી મોટી કસોટી એ જ છે કે તેના આંકડા સામાન્ય માણસના જીવનમાં કેટલા અસરકારક દેખાય છે. ઊંચો જીડીપી એ સ્પષ્ટ નથી કરતો કે દેશની સંપત્તિની વહેંચણી તમામ લોકો વચ્ચે સમાન રીતે થઈ છે કે તે માત્ર મુઠ્ઠીભર લોકો પાસે કેન્દ્રિત છે. તે કોઈપણ નાગરિકના સ્વાસ્થ્ય, આયુષ્ય, શિક્ષણનું સ્તર અને વ્યક્તિગત સ્વતંત્રતા જેવા બિન-આર્થિક પાસાઓને પણ પ્રતિબિંબિત કરતો નથી. ૭.૮ ટકાનો વિકાસ દર સરકાર માટે એક મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ હોઈ શકે છે, પરંતુ તે સાચા અર્થમાં ત્યારે જ અર્થપૂર્ણ બનશે જ્યારે તેની અસર દેશના સામાન્ય નાગરિકની આવક, રોજગાર, બચત અને ખરીદશક્તિમાં સ્પષ્ટપણે જોવા મળશે.

શ્રાવણ માસમાં શિવ મહિમા : શ્રી ત્ર્યંબકેશ્વર અને શ્રી વૈદ્યનાથ - બૈજનાથ ગંગા અને ભક્તિના પ્રવાહથી પાવન બે જ્યોતિર્લિંગો અનંતનો સાક્ષાત્કાર

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતવર્ષની ધર્મચેતના શિવતત્વથી ઓતપ્રોત છે. શિવ એટલે કલ્યાણ, શિવ એટલે સંહારમાં પણ સર્જનની શક્તિ. પુરાણોએ કહ્યું છે કે જ્યાં જ્યાં ભગવાન શંકર સ્વયંભૂજ્યોતિ સ્વરૂપે પ્રગટ થયા તે સ્થાનો જ્યોતિ ર્લિંગ' તરીકે પૂજાય છે.બાર જ્યોતિ ર્લિંગો પૈકી આઠમું ત્ર્યંબકેશ્વર અને નવમું શ્રી વૈદ્યનાથ ઉર્ફે બૈજનાથ,આ બંને લિંગો એક જ તત્વના બે ભિન્ન લીલા-પ્રસંગો છે.એકમાં ઋષિની તપસ્યા અને લોકકલ્યાણ માટે ગંગાનું અવતરણ છે,તો બીજામાં ભક્તના અહંકાર પર ભગવાનની માયાનો વિજય છે. ચાલો,આપેલી પાવન વિગતોના આધારે આ બંને ધામોના દિવ્ય રહસ્યને સમજીએ.

શ્રીત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ:જ્યાં બ્રહ્મા,વિષ્ણુ,મહેશ એકાકાર છે

મહારાષ્ટ્રના નાશિકથી લગભગ ૩૦ કિલોમીટર દૂર સહ્યાદ્રિની ગોદમાં વસેલું ત્ર્યંબકેશ્વર તીર્થ. આ તીર્થની પાસે જ પવિત્ર બ્રહ્મગિરિ પર્વત આવેલો છે.પુરાણ કહે છેકે ભારત માં બે મહાનદીઓનું અવતરણ બે મહાન તપસ્વીઓને કારણે થયું. ઉત્તરમાં ભગીરથ રાજા એ કઠોર તપ કરી ભગવાન શિવની જટામાંથી ગંગાને પૃથ્વી પર ઉતારી, તો દક્ષિણમાં ગૌતમઋષિએ ગોદા વરીને પ્રગટ કરી.તેથી ગોદાવરીને ‘દક્ષિણ ગંગા' અને ‘ગૌતમી ગંગા' પણ કહેવામાં આવે છે.

*ગૌતમ ઋષિ બ્રહ્મગિરિ પર નિવાસ કરતા હતા.એકવાર દુષ્કાળ પડ્યો ત્યારે ઋષિઓએ ગૌતમ પાસે મદદ માંગી.ગૌતમે શિવ કૃપાથી વરુણ દેવને પ્રસન્ન કરી ખેતી માટે જળ મેળવ્યું.અન્ય ઋષિ ઓ ઈર્ષાથી ગૌતમ પર ગો-હત્યાનું મિથ્યા કલંક લગાવે છે. આ પાપના પ્રાયશ્ચિત માટે ગૌતમે બ્રહ્મગિરિ પર શિવની અતિ ઉગ્ર તપસ્યા કરી.

ભોળાનાથ પ્રસન્ન થયા. ગૌતમે વર માંગ્યો - ‘હે પ્રભુ, મને ગંગા આપો, જેથી હું પવિત્ર થાઉં.'

શિવજીની ઈચ્છા અનુસાર ગંગા જળ સાક્ષાત સ્ત્રીરૂપે પ્રગટ થયું. ત્યારે શિવજીએ ગંગાને આજ્ઞા કરી - ‘હે દેવી ! તમે પ્રથમ ગૌતમ મુનિને પવિત્ર કરો. ત્યારબાદ૨૮મો વૈવસ્વત મન્વંતર થાય અને કલિયુગ પૂરો થાય ત્યાં સુધી તમારે અહીં જ રહેવાનું છે. અહીં રહીને તમારું માહાત્મ્ય ઉત્તરોત્તર વધશે.'

ત્યારબાદ દેવતાઓ અને ગૌતમ મુનિએ બંનેને શંકર અને લોકમાતા ગંગાને ત્યાં જ નિવાસ કરવા પ્રાર્થના કરી.ભક્તવત્સલ શિવ અને કરુણા મયી ગંગા પ્રેમથી ત્યાં જ રોકાયા. એ જ ગંગા‘ગોમતી'અને ‘ગોદાવરી કહેવાઈ અને ત્યાં સ્થાપિત શિવ લિંગ ‘ત્ર્યંબકેશ્વર' નામે પ્રસિદ્ધ થયું. શિવ પુરાણમાં તેને આઠમું જ્યોતિ લિંગ ગણવામાં આવ્યું છે.

*વિશેષતા અને મહિમા ત્ર્યંબકેશ્વર મંદિરની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં ગર્ભગૃહમાં એક નહિ પણ ત્રણ નાના-નાના લિંગો છે.આ ત્રણ લિંગો બ્રહ્મા,વિષ્ણુ અને મહેશના પ્રતીક મનાય છે. આ ત્રણેયની એકતાને કારણે જ તે ‘ત્ર્યંબક' કહેવાયું.‘ત્ર્યંબક' એટલે ત્રણ નેત્રોવાળા,એટલે કે ભગવાન શિવ. બ્રહ્મગિરિમાંથી નીકળતી ગોદાવરી આજે પણ લાખો લોકોને જીવન આપે છે.એવું કહેવાય છે કે ત્ર્યંબકેશ્વરનું દર્શન અને ગોદાવરીમાં સ્નાન કરવાથી બ્રહ્મહત્યા જેવા પાપો પણ નાશ પામે છે. તેનું પૂજન પરમ કલ્યાણકારી અને મોક્ષદાયક છે. અહીં કાળસર્પ શાંતિ, નારાયણ નાગબલિ જેવી વિશેષ પૂજાઓનું અનેરું મહત્વ છે.

શ્રી વૈદ્યનાથ-બૈજનાથ જ્યોતિર્લિંગ જ્યાં અહંકાર ઓગળે છે અને ભક્તિ સ્થિર થાય છે બાર જ્યોતિ લિંગોના સ્થાન અંગે થોડો મતભેદ છે,પરંતુ પરંપરા અનુસાર નવમું જ્યોતિર્લિંગ દક્ષિણ ભારતના આંધ્ર પ્રદેશના પરલી ગામમાં આવેલું ‘પરલી બૈજનાથ' અથવા ઝારખંડના દેવઘરમાં આવેલું બૈદ્યનાથ ધામ મનાય છે. પુરાણની કથા બંને સ્થળો માટે સમાન ભાવ ધરાવે છે. લંકાપતિ રાવણ મહાન શિવભક્ત હતો, પરંતુ તેનામાં અહંકાર પણ અપાર હતો. તેણે ભગવાન શંકરને પ્રસન્ન કરવા માટે અતિ કઠોર તપ કર્યું, પોતાના દસ મસ્તકોનું બલિદાન આપવા સુધી તત્પર થયો. આખરે આશુતોષ ભગવાન પ્રસન્ન થયા.

રાવણે બે હાથ જોડીને વર માંગ્યો - ‘હે દેવેશ્વર ! મારી ઈચ્છા છે કે આપ મારી સાથે લંકા પધારો, જેથી લંકા અજેય બની જાય.'

સર્વજ્ઞ શિવજીએ રાવણના મનનો અહંકાર પારખી લીધો. તેમણે કહ્યું ‘હે રાવણ ! હું સાક્ષાત ત્યાં નહિ આવું,પરંતુ આ મારું ઉત્તમ સારવાળું, પ્રાણરૂપ શિવલિંગ તું લઈ જા. પરંતુ એક શરત છે, આ લિંગને તું જ્યાં ભૂમિ પર મૂકીશ, ત્યાં તે સ્થિર થઈ જશે, પછી તેને ઉપાડી શકાશે નહિ.'

રાવણ અતિ પ્રસન્ન થઈને શિવલિંગ લઈને લંકા તરફ આકાશમાર્ગે રવાના થયો.

રાવણના અહંકારને તોડવા અને લોકકલ્યાણ માટે શિવજીએ માયા રચી. માર્ગમાં રાવણને લઘુશંકા એટલે કે મૂત્રત્યાગની તીવ્ર ઈચ્છા થઈ. તે ધર્મસંકટમાં મુકાયો, કારણ કે શિવલિંગને નીચે મૂકી શકાય તેમ નહોતું. ત્યાં જ માર્ગમાં તેને એક ગોવાળિયો દેખાયો. હકીકતમાં તે ગોવાળિયો બીજો કોઈ નહિ પણ સ્વયં ભગવાન વિષ્ણુ કે ગણેશજી હતા એમ કથા કહે છે.

રાવણે તે ગોવાળિયાને કહ્યું- ‘આ શિવલિંગ થોડીવાર પકડી રાખ, હું શૌચ વિધિ કરીને આવું છું. ધ્યાન રાખજે, તેને જમીન પર મૂકતો નહિ.'

ગોવાળિયાએ હા પાડી.પરંતુ શિવ લિંગ અત્યંત ભારે હતું. તેનો ભાર ગોવાળિયાથી સહન ન થયો. તે અકળાઈ ઊઠ્યો અને તેણે શિવલિંગને ભૂમિ પર મૂકી દીધું. નિયમ અનુસાર લિંગ ત્યાં જ સ્થિર થઈ ગયું. રાવણ પાછો આવીને જુએ છે તો શિવલિંગ જમીન પર સ્થાપિત થયેલું હતું.તે ક્રોધિત થયો. ગોવાળિયો તો ત્યાંથી અંતર્ધાન થઈ ગયો હતો. રાવણે પોતાના બળથી લિંગને ઉપાડવા અથાગ પ્રયત્ન કર્યો, પોતાની તમામ શક્તિ લગાવી દીધી, પણ લિંગ ટસનું મસ ન થયું. નિરાશ થઈને રાવણ લંકા પાછો ફર્યો.તે શિવલિંગ તે જ સ્થળે‘શ્રી વૈદ્યનાથેશ્વર' અથવા ‘બૈજનાથ' જ્યોતિર્લિંગ તરીકે ત્રણેય ભુવનમાં પ્રસિદ્ધ થયું.‘વૈદ્યનાથ' એટલે વૈદ્યોના નાથ,રોગોને હરનાર.અહીં શિવ પોતાના ભક્તોના ભવરોગને મટાડે છે. બે લિંગોમાં એક જ બોધ ત્ર્યંબકે શ્વર અને વૈદ્યનાથ-આ બંને કથાઓ આપણને એક જ સત્ય શીખવે છે.ત્ર્યંબકેશ્વરમાં ગૌતમ ઋષિની નિઃસ્વાર્થ લોકકલ્યાણની ભાવનાથી ગંગા અવતરે છે,જ્યારે બૈજનાથમાં રાવણના સ્વાર્થી અને અહંકારી ભાવનાથી શિવલિંગસ્થિર થઈને લોકો માટે સુલભ બને છે. એક ઋષિ તપથી શિવને સ્થિર કરે છે, બીજો રાક્ષસરાજ પોતાના બળથી શિવને લઈ જવા માંગે છે પણ નિષ્ફળ જાય છે.

શિવનાં યતિનાથ અને હંસાવતારની પૌરાણિક કથામાં, ભીલ દંપતીની ભૂમિકા શું હતી?

સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારા સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણનો છેલ્લો સોમવાર પણ ગયો અને હવે રોકડા દિવસો છે, પછી શ્રાવણ પૂરો! પણ સમય, માત્ર માસ, તિથિ, અને વાર, પ્રમાણે જ નથી ચાલતો! એ આપણી નિયતી દ્વારા પણ ચાલે છે! અને નિયતી એટલે ઈશ્વર દ્વારા આપણું નક્કી કરેલું આયુષ્ય, અને એ કેમ વિતાવવું અથવા પૂરું કરાવવું! શ્રાવણ ભલે પૂરો થાય પરંતુ હવે અમારાં નિયત આયુષ્યમાં ભક્તિ સિવાય બધાં જ સાધન ગૌણ બની રહેશે, એવું ભગવાન શિવને આપણે વચન આપવાનું છે, અને એમનાં કલ્યાણ નામનાં મુખ્ય ગુણને પ્રાધાન્ય આપી જીવવાનું છે. શિવ અને શિવકથા અંનત છે! અને આ શ્રાવણ પૂરો થશે, પણ એમની કથાનો મહિમા નહીં પૂરો થાય, એટલે આગળ પણ ચિંતનમાં કલ્યાણ જ કેન્દ્રમાં રહેશે. આગળ ભગવાન નંદીકેશ્વર સનતકુમારોને કહે છે, હે સનતકુમારો, ભગવાન શિવ પાર્વતીનો રાજા ભદ્રાયુ તથા રાણી કીર્તિમાલિની ની પરીક્ષાનો પ્રસંગ સાંભળો. રાજા ભદ્રાયુ નૃપ શ્રેષ્ઠ હતાં, અને એમની પર ભગવાન શિવ ઋષભ રુપે અનુગ્રહ કર્યો, અને એમની પર પ્રસન્ન થઈ દ્વિજેશ્વર રુપે પ્રગટ થયા હતાં. આ ઋષભનાં પ્રભાવથી રાજા યુદ્ધમા વિજયી બન્યાં, અને રાજા ચંદ્રાગ અને રાણી સીમંતિની પુત્રી કિર્તીમાલીની સાથે વિવાહ થયા, અને એકવાર વસંત ઋતુમાં રાજા રાણી વન વિહાર માટે એક ગાઢ વનમાં આવ્યાં, રાજા ભદ્રાયુ ખૂબ જ સાહસિક તેમજ શૌર્યવાન હતાં. એમને કિર્તીમાલિની નામની શિવ ભક્તિ કરનારી સંસ્કારી રાણી હતી, એ બંને વનમાં પણ શરણાગતનું પાલન પોષણ કરતાં હતાં. ભગવાન શિવ અને પાર્વતી એમની ભક્તિથી પ્રસન્ન હતાં, પરંતુ એમણે એની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. બંને જણાં ગરીબ બ્રાહ્મણ અને બ્રાહ્મણીનું રૂપ લઈ ભદ્રાયુ રાજાની સીમામાં આવેલા વન વગડામાં આવ્યાં, અને એક માયાવી વાઘ ની રચના કરી. બ્રાહ્મણ દંપતીએ રાજાને કહ્યું કે અમને આ હિંસક પ્રાણીથી બચાવો! રાજા હજી કંઈ વિચારે તે પહેલાં જ એ માયાવી વાઘ બ્રાહ્મણ પત્નીને દબોચીને ઢસડીને લઈ જાય છે. બ્રાહ્મણ પત્ની હે નાથ બચાવો! હે કૃપાળુ બચાવો! પણ વાઘ એને લઈ જવામાં સફળ થાય છે. બ્રાહ્મણ શક્તિશાળી રાજાને પોતાની પત્નીને બચાવવા કહે છે! અને કહે છે કે તમારા એ અસ્ત્ર શસ્ત્ર ક્યાં ગયા! ક્યાં ગયું એ હજારો હાથીઓનું બળ? રાજાને ખ્યાલ આવ્યો કે એ આ કામ ભાવના પ્રભાવને કારણે સમયે કંઈ કરી શક્યો નહીં! અને હવે એને બ્રહ્મ હત્યાનું પાપ લાગશે! એમણે બ્રાહ્મણને કહ્યું હે વિપ્રવર આપને મારા રાજ્યથી માંડીને બધું જ આપું છું. પણ બ્રાહ્મણ એ કહ્યું કે પત્ની વગર સંપત્તિનું હું શું કરું! મેં હજી કામ ભોગનો ઉપભોગ કર્યો નહીં, ત્યાં મારી પત્નીને વાઘે મારી નાખી! એટલે હે રાજન જો આપવી હોય તો, મને તારી પત્ની આપી દે! રાજા ગુસ્સે થઈને કહે છે કે હે વિપ્રવર, તમે શું બોલી રહ્યા છો, એનું તમને ભાન છે? પર સ્ત્રીનાં સ્પર્શથી પણ દૂર રહે એ જ વિપ્ર! બ્રાહ્મણ એ કહ્યું એની ચિંતા તું છોડી દે! મારી તપસ્યાથી મેં ઘણાં વરદાન પ્રાપ્ત કર્યા છે, અને આવા પાપ તો મારી આસપાસ આવતાં જ ભસ્મ થઈ જશે. રાજાએ વિચાર્યું કે ભૂલ મેં કરી અને સજા મારી પત્નીને ભોગવવી પડશે! એણે વિચાર્યું કે મારી પત્નીને વિપ્રને સોંપીને, હું પાપનું પ્રાયશ્ચિત કરવાં અગ્નિમાં બળીને ભસ્મ થઈ જઈશ! એણે પોતાની પત્નીને બોલાવી અને અગ્નિ સ્નાનની તૈયારી કરી! રાજા ખુદ પોતાને અગ્નિમાં પ્રવેશવા જાય છે, ત્યારે ભગવાન શંકર ત્યાં પ્રગટ થાય છે, અને સાચી હકીકત જણાવે છે. પાર્વતી પણ પ્રગટ થાય છે, અને એ વાઘ માયાવી હતો, અને કહ્યું કે આ રાજા ભદ્રાયુ અને રાણી કિર્તીમાલીની પરીક્ષા લેવા માટે કર્યું હતું. રાજા રાણીએ પોતાનાં માતાપિતા અને પુત્ર પરિવાર માટે પાર્શ્વવતી અંતેવાસી સેવક બનાવવાનું વચન લીધું.

દ્વિજેશ્વર નામનાં અવતાર પછી ભગવાન નંદીકેશ્વર સનતકુમારોને આગળ કહે છે, હે મુનિઓ હવે તમે ભગવાન શિવનાં યતિનાથ સ્વરૂપ અને હંસાવતારની વાત સાંભળો. અર્બુદાચલ નામના પર્વત પાસે એક ભીલ અને ભીલડી રહેતા હતાં. બંને પતિ પત્ની ઉત્તમ વ્રતનું પાલન કરતાં હતાં, અને શિવ ભક્તિમાં તલ્લીન રહેતા હતા. એક દિવસ તે શિવભક્ત ભીલ પોતાની પત્ની માટે આહારની શોધ કરવા બહુ દૂર સુધી ચાલ્યો ગયો, સંધ્યાકાળ થઈ છતાં તે પાછો ફર્યો નહીં. ભગવાન શંકર એ ભીલડીની પરીક્ષા લેવા માટે સંન્યાસીનું રૂપ ધારણ કર્યું, અને ભીલનાં ઘરે આવ્યાં, એટલામાં એ ભીલ પણ આહારની વ્યવસ્થા કરીને પાછો આવ્યો, અને એણે બહુ પ્રેમથી એ યતીરાજ સન્યાસીનું પૂજન કર્યું. ભગવાન શંકરે ભીલને કહ્યું કે, આજની રાત મને રહેવા માટે સ્થાન આપો, સવાર થતાં જ હું ચાલ્યો જઈશ, અત્યારે હું ક્યાં જાઉં? ભીલ એ કહ્યું કે સ્વામીજી આપની વાત સાચી છે, પણ મારું સ્થાન નાનું છે, અને એમાં અમે બે જણાં માંડ સમાઈએ છીએ! ભીલડીએ કહ્યું કે હે નાથ આંગણે આવેલા સંન્યાસીનાં વચન પૂરાં કરવા એ ગૃહસ્થ ધર્મ છે, હું શસ્ત્રો લઈ બહાર રહીશ આપ બંને આ કુટિયામાં આરામ કરો. ભીલને થયું પત્નીને કષ્ટ આપવું એ યોગ્ય નથી, માટે હું જ બહાર રહીશ અને યતિનાથ સાથે મારી પત્ની કુટિયામાં રહેશે, અને એણે શસ્ત્રો લીધાં.પણ જંગલનાં હિંસક પ્રાણીઓ એને મારી ફાડી ખાધો! સવાર થતાં જ યતિનાથ અને ભીલડીએ દ્રશ્ય જોયું, એમણે બહુ દુઃખ વ્યક્ત કર્યું, અને કહ્યું આ મારે કારણે થયું છે. ભીલની પત્નીને પણ બહુ દુઃખ થયું હતું, છતાં એણે કહ્યું કે મારાં પતિનું સંન્યાસ ધર્મની રક્ષા માટે મૃત્યુ થયું, એટલે એને સદગતિ મળશે! પતિનાં ધર્મનું અનુસરણ કરવું એ મારો ધર્મ છે, માટે આપ મારી માટે એક ચિતા બનાવો, હું પણ એનાં પગલે ચાલીશ. યતિનાથ એ ચિતા બનાવી ભીલડી હોંશ હોંશ અગ્નિમાં પ્રવેશ કર્યો, ત્યારે સાક્ષાત્ ભગવાન શંકર એની સામે પ્રગટ થયાં, અને કહ્યું તું ધન્ય છે! હું ખૂબ પ્રસન્ન છું, તું વરદાન માંગ.ભીલડી આનંદવિભોર બનીને કંઈ માંગી શકી નહીં, ત્યારે શિવે કહ્યું કે મારું આ યતિનાથ સ્વરૂપ આગળ હંસ રુપે પ્રગટ થશે, અને ત્યારે તારો પતિ ભીલ રાજા વીરસેનનો શ્રેષ્ઠ પુત્ર નલ થશે, અને તું વિદર્ભ રાજ ભીમસેનની પુત્રી દમયંતી બનીશ અને, તમે બંને રાજભોગ ભોગવીને મોટા મોટા યોગીશ્વરોને પણ દુર્લભ છે, એ મોક્ષ ગતિ થશે. ભીલ ભીલડીની ધર્મ પ્રત્યે અચલ શ્રદ્ધા જોઈને શિવ અચલેશ્વર શિવલિંગ નામે સ્થાયી થયાં. ભક્ત માટે આવી અપરંપાર કલ્યાણકારી લીલા કરનારા મહાદેવ માટે બોલો ૐ નમઃ શિવાય.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં ₹35,000 કરોડથી વધુના વિકાસ કાર્યોનું શિલાન્યાસ, લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કર્યું

આપણે લોકો અને સામાનને વધુ ઝડપથી પહોંચાડવા, નવી તકો ઊભી કરવા અને આર્થિક વૃદ્ધિને બળ આપવા માટે ભારતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરી રહ્યા છીએ: પ્રધાનમંત્રી

વડોદરા, તા.08

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં 35,000 કરોડથી વધુ મૂલ્યના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો, ઉદ્ઘાટન કર્યું અને રાષ્ટ્રને સમર્પિત કર્યા. આદરણીય મહાનુભાવોનું ઉષ્માભર્યું અભિવાદન કરીને પ્રધાનમંત્રીએ તેમના સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે આ ભવ્ય પ્રસંગે પ્રત્યક્ષ રીતે અને ઓનલાઈન માધ્યમો દ્વારા જોડાયેલા નાગરિકોનું સ્વાગત કર્યું. 'હું મારા ગુજરાતના ભાઈઓ અને બહેનોનું સ્વાગત કરું છું,' મોદીએ ટાંક્યું હતું.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના મેદાનમાં જીવંત વાતાવરણને ઉજાગર કરતા, પ્રધાનમંત્રીએ પ્રગતિના એક સામાજિક ઉત્સવ માટે એકઠા થયેલા વિવિધ ક્ષેત્રોના વ્યાવસાયિકોના અનોખા સંગમની ઉજવણી કરી. તેમણે વિકાસના આવા એકીકૃત ઉત્સવના સાક્ષી બનવા બદલ અપાર આનંદ વ્યક્ત કર્યો. 'અહીં બધું એક સાથે થઈ રહ્યું છે,' એવું મોદીએ નોંધ્યું હતું.

રાષ્ટ્રીય પ્રગતિને ઝડપી બનાવવા માટે હજારો કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સમર્પિત કરતા, પ્રધાનમંત્રીએ તેમના સ્વાગત માટે વડોદરાના નાગરિકો દ્વારા આયોજિત અસાધારણ સ્વચ્છતા અભિયાનની ઊંડી પ્રશંસા કરી. તેમણે વિકાસના આ ઉત્સવ દરમિયાન સેવા ભાવના દર્શાવવા બદલ સ્થાનિક વસ્તીનો આભાર માન્યો. 'આજે હું વિકસિત ભારતના પ્રયાણને વધુ ગતિ આપવા તમારી વચ્ચે આવ્યો છું,' મોદીએ ભારપૂર્વક જણાવ્યું.

લાલ કિલ્લા પરથી જાહેર કરાયેલા 'સપ્તધારા' સંકલ્પની રૂપરેખા આપતા, પ્રધાનમંત્રીએ ગતિ શક્તિ પહેલ દ્વારા ઝડપી કનેક્ટિવિટીની મહત્વપૂર્ણ જરૂરિયાત પર ભાર મૂક્યો, જે 2800-કિલોમીટરના ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ઐતિહાસિક પૂર્ણતાને દર્શાવે છે. તેમણે વડોદરાને ગતિ શક્તિ યુનિવર્સિટીના સાચા શહેર તરીકે બિરદાવ્યું જ્યાં આ વિશાળ પ્રોજેક્ટની અંતિમ કડીઓ જોડવામાં આવી હતી. '21મી સદીના ભારત માટેનું આ ઐતિહાસિક કાર્ય પૂર્ણ થયું છે,' જેની મોદીએ પુષ્ટિ કરી હતી. 2014 પછીની ઝડપી ગતિ દર્શાવતા, પ્રધાનમંત્રીએ પૂર્વ અને પશ્ચિમ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના સફળ અમલીકરણની ઉજવણી કરી જે હવે વાણિજ્યિક પરિદ્રશ્યને મૂળભૂત રીતે બદલી રહ્યા છે. તેમણે નોંધ્યું કે આ નેટવર્ક ઝડપથી રાષ્ટ્રના વેપારનો આધાર બની રહ્યું છે. 'અમે તેને ગતિ આપી અને 2800-કિલોમીટરના કોરિડોરનું કામ પૂર્ણ કરીને તે સાબિત કરી બતાવ્યું,' એમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

આ નવી રાષ્ટ્રીય જીવનરેખાની પરિવર્તનકારી અસર વિશે વિગતવાર જણાવતા, પ્રધાનમંત્રીએ વિગત આપી કે કેવી રીતે પેસેન્જર અને ફ્રેઈટ ટ્રાફિકને અલગ કરવાથી દરરોજ 430થી વધુ માલગાડીઓ દોડી શકે છે, જેનાથી 30-કલાકની ટ્રકની મુસાફરી ઘટીને માત્ર 10-12 કલાક થઈ ગઈ છે. તેમણે સમજાવ્યું કે 100 કિલોમીટરનું અંતર કાપવામાં હવે અગાઉના સમય કરતાં અડધાથી પણ ઓછો સમય લાગે છે, જેનાથી બળતણની બચત થાય છે, નૂર ભાડામાં ઘટાડો થાય છે અને પર્યાવરણનું રક્ષણ થાય છે. 'રોકાણ એક જ ટ્રેક પર કરવામાં આવ્યું હતું, પરંતુ તેનાથી અનેક ગણા ફાયદા થયા,' એમ મોદીએ નોંધ્યું હતું.

વિસ્તૃત લોજિસ્ટિક્સ નેટવર્કના નોંધપાત્ર કૃષિ લાભોને રેખાંકિત કરતા, પ્રધાનમંત્રીએ સમજાવ્યું કે કેવી રીતે પૂર્વ અને પશ્ચિમ ભારતના ખેડૂતો હવે ઝડપથી બગડી જતી વસ્તુઓને મોટા બજારોમાં ઝડપથી પહોંચાડી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મોસમી ફૂલો, શાકભાજી અને ફળો જેવી સંવેદનશીલ ચીજવસ્તુઓ આખરે ગ્રાહકો અને મંડીઓ સુધી યોગ્ય સમયે પહોંચી રહી છે. 'આનાથી ખેડૂતોને ખૂબ જ ફાયદો થયો છે,' એમ મોદીએ ટિપ્પણી કરી હતી.

નવા કોરિડોર પર એક નોંધપાત્ર ઓપરેશનલ માઈલસ્ટોન શેર કરતા, પ્રધાનમંત્રીએ JNPT પોર્ટથી વડોદરા સુધી ડબલ-સ્ટેક કન્ટેનર ફ્રેઈટ ટ્રેનના સફળ સંચાલનની પ્રશંસા કરી. તેમણે નિર્દેશ કર્યો કે આ એક જ ટ્રેન મુસાફરીએ મુંબઈથી સીધા 250થી વધુ ટ્રકો જેટલા માલનું કુશળતાપૂર્વક વહન કર્યું. 'મોટા પ્રમાણમાં સામાન હવે દેશના એક ખૂણેથી બીજા ખૂણે ઝડપથી પહોંચી શકશે,' એવું મોદીએ અવલોકન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ તેમના પ્રશાસન દ્વારા નવી રેલ સેવાઓના સતત રોલઆઉટ પર ભાર મૂક્યો જે આખરે ગુજરાત, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના અલગ પડેલા આદિવાસી વિસ્તારો સુધી પહોંચી રહી છે. તેમણે નવી શરૂ કરાયેલી ટ્રેનની ઉજવણી કરી જે છોટા ઉદેપુર અને અલીરાજપુરની મુસાફરી કરતા મુસાફરોને ખૂબ જ ફાયદો પહોંચાડશે. 'રેલવે હવે ભારતના તે ભાગોમાં પહોંચી રહી છે જ્યાં દાયકાઓથી પહોંચી ન હતી,' તે અંગે મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. રોડ, મેટ્રો, એરપોર્ટ અને ગેસ પાઈપલાઈનને આવરી લેતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની વ્યાપક મધ્યમ-આર્થિક અસરોની વિગતો આપતા, પ્રધાનમંત્રીએ 2.75 લાખ કરોડ રૂપિયાથી વધુના ઐતિહાસિક રેલવે બજેટને લાખો રોજગારીની તકો ઊભી કરવા માટેના મુખ્ય એન્જિન તરીકે ટાંક્યું. તેમણે સમજાવ્યું કે ગરીબો માટે મકાનો બનાવવા અને બંદરોનો વિસ્તાર કરવાથી આસપાસના વિસ્તારોમાં નવા ઉદ્યોગો અને વ્યવસાયો કુદરતી રીતે પાંગરે છે. 'રેલવેના આધુનિકીકરણ પર થઈ રહેલો ખર્ચ હજારો નવી નોકરીઓ ઊભી કરી રહ્યો છે,' જેની મોદીએ પુષ્ટિ કરી હતી.

તેમના 'સપ્તધારા' વિઝનના મેન્યુફેક્ચરિંગ સ્તંભ તરફ વળતા, પ્રધાનમંત્રીએ ટેક્સટાઈલથી પેટ્રોકેમિકલ્સ સુધી વડોદરાના 150-વર્ષના ઔદ્યોગિક વિકાસના વારસાની અને છેલ્લા બે દાયકામાં MSME હબ તરીકે તેની વ્યાપક વૃદ્ધિની પ્રશંસા કરી. તેમણે ભારતના પ્રથમ સ્થાનિક રીતે ઉત્પાદિત સૈન્ય પરિવહન વિમાનના જન્મસ્થળ તરીકે શહેરની સર્વોચ્ચ સિદ્ધિને ગર્વથી સ્વીકારી. મોદીએ ટિપ્પણી કરી હતી કે, 'C-295 વિમાને તેની પ્રથમ ઉડાન અહીં જ આકાશમાં ભરી છે.'

છેલ્લા દાયકામાં દેશની વધતી જતી ઔદ્યોગિક ક્ષમતાને દર્શાવતા, પ્રધાનમંત્રીએ મજબૂત આંકડા રજૂ કર્યા જે દર્શાવે છે કે ભારત આધુનિક રેલવે કોચ, વેગન અને લોકોમોટિવ એન્જિનના એક મુખ્ય વૈશ્વિક ઉત્પાદક તરીકે પરિવર્તિત થઈ રહ્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો કે 2014 થી, રાષ્ટ્રે 50,000 આધુનિક કોચનું સફળતાપૂર્વક ઉત્પાદન કર્યું છે અને રેલવે નેટવર્કમાં લગભગ 2.5 લાખ વેગન ઉમેર્યા છે. મોદીએ નોંધ્યું હતું કે 'ભારત રેલ કોચ, મેટ્રો કોચ અને રેલ એન્જિનનું એક મોટું ઉત્પાદક બન્યું છે.'

મહત્વપૂર્ણ સપ્લાય ચેઈન્સમાં સંપૂર્ણ આત્મનિર્ભરતા તરફના અભિયાનને સમર્થન આપતા, પ્રધાનમંત્રીએ સોલર પીવી મોડ્યુલ્સના સ્થાનિક ઉત્પાદન પર પ્રકાશ પાડ્યો જેણે અગાઉના અત્યંત આયાત ખર્ચમાં કાપ મૂક્યો અને વિશાળ 200 GW ક્ષમતા ઊભી કરી. તેમણે કડાણા ડેમ ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ અને PM સૂર્ય ઘર મફ્ત વીજળી યોજનાની સફળતાની ઉજવણી કરી, જેણે દેશભરમાં 55 લાખ પરિવારોને, જેમાં ગુજરાતના 11 લાખ પરિવારો સમાવિષ્ટ છે, વીજળી ઉત્પાદક બનવા અને સ્થાનિક સ્તરે પુષ્કળ રોજગારી ઊભી કરવા માટે સક્ષમ બનાવ્યા છે. 'ભારત હવે ચિપથી લઈને શિપ સુધી મેન્યુફેક્ચરિંગની નવી ગાથા લખી રહ્યું છે,' એવું મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

આક્ષેપકારો દ્વારા ફેલાવવામાં આવતા જૂઠના પડઘાને ફગાવી દેતા, પ્રધાનમંત્રીએ તે યુવાનોમાં ઊંડો વિશ્વાસ વ્યક્ત કર્યો જેણે સોલર, વિન્ડ, હાઈડ્રો અને ન્યુક્લિયર ક્ષેત્રોમાં સરકારના તીવ્ર ધ્યાન પર નજર રાખી છે. તેમણે રાષ્ટ્રીય વિકાસમાં થઈ રહેલી વ્યાપક પ્રગતિને ઓળખવા બદલ યુવા પેઢીની પ્રશંસા કરી. 'ભારતનો યુવાન સત્યની ગર્જના સાથે ચાલે છે,' જે અંગે મોદીએ પુષ્ટિ કરી હતી. ડેટા સેન્ટર્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી ઉભરતી ટેકનોલોજીને શક્તિ આપવા માટે મજબૂત ઈલેક્ટ્રિક ઈકોસિસ્ટમની વ્યૂહાત્મક જરૂરિયાત પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ પુષ્ટિ કરી કે યુરેનિયમ, ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ એલિમેન્ટ્સ માટેના આંતરરાષ્ટ્રીય કરારો સક્રિયપણે મેળવવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે જો દેશ AIમાં વૈશ્વિક સુપરપાવર બનવા માંગતો હોય તો આ આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું અત્યંત મહત્વપૂર્ણ છે. 'આ બધી મહેનત માત્ર દેશના યુવાનોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે કરવામાં આવી રહી છે,' એમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

આધુનિક વૈશ્વિક અર્થતંત્રના બદલાતા પરિમાણોને સંબોધતા, પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું કે પરંપરાગત ડિગ્રીઓ હવે પૂરતી નથી, જે સતત કૌશલ્ય સંવર્ધનને પ્રાથમિકતા આપવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના વ્યાપક પુનર્ગઠન માટે પ્રેરિત કરે છે. તેમણે નોંધ્યું કે વિશ્વની બદલાતી માંગને પૂરી કરવા માટે શિક્ષણ અને તાલીમ સંસ્થાઓને સંપૂર્ણપણે નવો આકાર આપવામાં આવી રહ્યો છે. 'યુવાનો પાસે કૌશલ્યો હોય અને તે કૌશલ્યો અપગ્રેડ થાય તે એક વ્યાપક જરૂરિયાત બની ગઈ છે,'

લાલ કિલ્લા પરથી કરવામાં આવેલી એક મહત્વપૂર્ણ પ્રતિબદ્ધતાને પૂર્ણ કરતા, પ્રધાનમંત્રીએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મફત કોચિંગ આપવાની એક ઐતિહાસિક પહેલની જાહેરાત કરી, જેનો ઉદ્દેશ્ય ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પરના આર્થિક બોજને હળવો કરવાનો છે. તેમણે આશ્વાસન આપ્યું કે પ્રશાસન પોતાની કારકિર્દીની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓની આકાંક્ષાઓને ટેકો આપવાની સીધી જવાબદારી લેશે. જે અંગે મોદીએ પુષ્ટિ કરી કે 'સરકાર પોતે આપણા યુવાનોના કોચિંગની કાળજી લેશે,'

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને IT ક્ષેત્રથી પર એક પાયાની ક્ષમતા તરીકે ઓળખીને, પ્રધાનમંત્રીએ કૃષિ, આરોગ્યસંભાળ અને રોબોટિક્સમાં નવીનતાઓને આગળ ધપાવવા સક્ષમ AI-કુશળ યુવાનોને તૈયાર કરવા માટે એક વિશાળ રાષ્ટ્રીય અભિયાનની યોજનાઓનું અનાવરણ કર્યું. તેમણે વધુમાં જણાવ્યું કે આ અત્યાધુનિક સાધનોમાં નિપુણતા મેળવવાથી મેન્યુફેક્ચરિંગ ઉત્પાદકતા વધશે અને નવીન સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળશે. 'અમે ઈચ્છીએ છીએ કે આપણી યુવા પેઢી AI માટે તૈયાર રહે,'

એક શક્તિશાળી આહ્વાન સાથે સમાપન કરતા, પ્રધાનમંત્રીએ 2047 સુધીમાં દેશને રૂપાંતરિત કરવા પર અવિચળ ધ્યાન જાળવી રાખીને, રાષ્ટ્રને આ અપ્રતિમ જનસંખ્યા વિષયક લાભનો લાભ લેવા વિનંતી કરી. તેમણે ચાલી રહેલા વિકાસ કાર્યો માટે તેમની સર્વોત્તમ શુભેચ્છાઓ પાઠવી અને 'આપણે અવિરતપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે ભારત વિકસિત બને,' તેમ જણાવી તેમનું સંબોધન સમાપ્ત કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરામાં ₹30,700 કરોડથી વધુની રેલવે પરિયોજનાઓનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ કર્યા

વડોદરા, તા.08

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આજે વડોદરામાં આયોજિત કાર્યક્રમ દરમિયાન ગુજરાતમાં 30,700 કરોડથી વધુની વિવિધ રેલવે પરિયોજનાઓનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ કર્યું. આ પ્રસંગે ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોરને રાષ્ટ્રને સમર્પિત કરવાની સાથે સાથે ચાર ફ્રેઈટ ટ્રેનોને લીલી ઝંડી બતાવીને શુભારંભ કરવામાં આવ્યો. જેમાં ટાંડા રોડ-વડોદરા (પ્રતાપનગર) ટ્રેન સેવા પણ સામેલ છે.

આ જ ક્રમમાં ન્યૂ સાણંદ (નોર્થ) જંકશન પર આયોજિત કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી ન્યૂ સાણંદ (નોર્થ)થી ન્યૂ મકરપુરા માટે ફ્રેઈટ ટ્રેન સેવાનો લીલી ઝંડી બતાવીને શુભારંભ કર્યો. આ ઐતિહાસિક પ્રસંગે સાણંદ વિસ્તારના જનપ્રતિનિધિઓ, અમદાવાદ મંડળ તથા DFCCILના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા અને આ મહત્વપૂર્ણ સિદ્ધિના સાક્ષી બન્યા.

ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોરથી દેશના પરિવહન ક્ષેત્રમાં મોટો ફેરફાર

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોરની છેલ્લી કડીઓ પણ જોડાઈ ગઈ છે અને આજે 2,800 કિલોમીટરથી વધુ લાંબી ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોર પરિયોજના પૂર્ણ થઈ ગઈ છે. તેમણે આને 21મી સદીના ભારત માટે એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવતા કહ્યું કે ઈસ્ટર્ન અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોર દેશના વેપાર અને કારોબારનો મુખ્ય આધાર બની રહ્યા છે.

વડાપ્રધાનજીએ કહ્યું કે ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોર ઝડપથી વિકસતા ભારતની જીવનરેખા છે અને તેણે દેશના ટ્રાન્સપોર્ટેશન સેક્ટરનો કાયાપલટ કરી દીધો છે.

તેમણે જણાવ્યું કે પહેલા જે ટ્રેક પર પેસેન્જર ટ્રેનો ચાલતી હતી, તે જ ટ્રેક પર માલગાડીઓ પણ સંચાલિત થતી હતી. તેનાથી યાત્રી અને માલ પરિવહન બંને પ્રભાવિત થતા હતા. ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોરે આ વ્યવસ્થાને બદલી નાખી છે.

આજે પૂર્વીય અને પશ્ચિમી ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોર પર દરરોજ 430થી વધુ માલગાડીઓ ચાલી રહી છે. વડાપ્રધાનજીએ જણાવ્યું કે પહેલા માલગાડીને 100 કિલોમીટરનું અંતર કાપવામાં લગભગ સાડા છ કલાક લાગતા હતા, જ્યારે ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોર મારફતે આ જ અંતર હવે અડધાથી પણ ઓછા સમયમાં કાપી શકાશે.

તેમણે કહ્યું કે જે અંતર ટ્રકથી કાપવામાં સામાન્ય રીતે લગભગ 30 કલાક લાગે છે, તે જ અંતર ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોર પર માલગાડી દ્વારા લગભગ 10થી 12 કલાકમાં પૂરું કરી શકાય છે. આનાથી બળતણની બચત, પરિવહન ખર્ચમાં ઘટાડો, સમયની બચત અને પર્યાવરણ સંરક્ષણ જેવા અનેક લાભો પ્રાપ્ત થઈ રહ્યા છે.

ભારતીય રેલવેને આધુનિક અને આત્મનિર્ભર બનાવવા પર ભાર

આ પ્રસંગે માનનીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારતીય રેલવેની ઓપરેટિંગ સિસ્ટમ, રિઝર્વેશન સિસ્ટમ, જૂના મેન્યુઅલ્સ તથા નિર્માણ વ્યવસ્થામાં વ્યાપક સુધારા અને આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે ભારતીય રેલવેની જરૂરિયાતોને અનુરૂપ નવી ડિઝાઈનના વેગન તૈયાર કરવામાં આવી રહ્યા છે. મીઠા જેવા વિવિધ પ્રકારના માલના પરિવહન માટે ખાસ ડિઝાઈનના વેગન તૈયાર કરવામાં આવી રહ્યા છે, જે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત કરે છે.

રેલવે મંત્રીએ કહ્યું કે ચેનાબ બ્રિજ, મિઝોરમને રેલવે નેટવર્ક સાથે જોડવા સહિતની અનેક લાંબા સમયથી પડતર મહત્વપૂર્ણ પરિયોજનાઓ હવે પૂર્ણ થઈ ચૂકી છે. આનાથી દેશના દૂરના વિસ્તારોને વધુ સારી રેલવે કનેક્ટિવિટી મળી રહી છે.

બુલેટ ટ્રેન પરિયોજનાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે ભારત

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારતની પહેલી બુલેટ ટ્રેનની રાહ પણ હવે ટૂંક સમયમાં સમાપ્ત થવાની છે. મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલવે પરિયોજનાનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે અને સુરતથી વાપી સેક્શનનું નિર્માણ આ વર્ષે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થવાની દિશામાં છે.

તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને અનુરૂપ ભારતમાં જ બુલેટ ટ્રેનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ભારતમાં નિર્મિત થવા જઈ રહેલી બુલેટ ટ્રેનની પહેલી બોડી ફ્રેમ તૈયાર થઈને પરીક્ષણ માટે મોકલી દેવામાં આવી છે.

તેમણે કહ્યું કે આગામી વર્ષે મે-જૂન સુધીમાં ભારતમાં નિર્મિત બુલેટ ટ્રેનને પરીક્ષણ માટે પાટા પર લાવવાનો લક્ષ્યાંક છે. પરીક્ષણ પછી આ મહત્વાકાંક્ષી પરિયોજના દ્વારા ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેના યાત્રાના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે. રેલવે મંત્રીએ કહ્યું કે બુલેટ ટ્રેનના સંચાલન પછી વડોદરાથી મુંબઈનું અંતર લગભગ દોઢ કલાકમાં કાપી શકાશે, જે ગુજરાતના નાગરિકો માટે ઝડપી, આધુનિક અને વિશ્વસ્તરીય પરિવહન સુવિધાનું નવું પ્રકરણ હશે. 2047ના વિકસિત ભારતનો મજબૂત પાયો નાખી રહ્યું છે આધુનિક રેલવે, અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારતીય રેલવે આજે એ ભવિષ્યનો પાયો નાખી રહ્યું છે, જેની પરિકલ્પના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત માટે કરી છે.

તેમણે કહ્યું કે આધુનિક રેલવે માત્ર પરિવહનનું માધ્યમ નથી, પરંતુ દેશની આર્થિક પ્રગતિ, વેપાર, ઉદ્યોગ, રોજગાર અને વિકાસની મજબૂત આધારશિલા છે. આજે થઈ રહેલા રોકાણ અને આધુનિકીકરણનો લાભ આવનારી અનેક પેઢીઓને મળશે.

તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય રેલવે નવા ભારત, ઉજ્જવળ ભારત અને 2047 સુધી વિકસિત ભારતના નિર્માણની દિશામાં મજબૂતીથી આગળ વધી રહ્યું છે.

આ ઐતિહાસિક પ્રસંગે શ્રી અશ્વિની વૈષ્ણવે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું અભિનંદન કરતાં કહ્યું કે તેમના નેતૃત્વમાં દેશના રેલવે ક્ષેત્રમાં થઈ રહેલા પરિવર્તનો ભારતના ભવિષ્યને નવી ગતિ અને નવી દિશા આપી રહ્યા છે.

ઉધનામાં યુવતી સાથે અને ગોડાદરામાં સગીરા સાથે દુષ્કર્મ: અબુ હુમેરે વીડિયો વાયરલ કરવાની ધમકી આપી યુવતી સાથે કુકર્મ આચર્યું

સુરત, તા.08

શહેરના ઉધના અને ગોડાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દુષ્કર્મની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. પ્રથમ ઘટનામાં ઉધના વિસ્તારમાં સોશિયલ મીડિયાના માધ્યમથી મિત્રતા કેળવીને એક યુવતીને ધાકધમકી આપી યુવકે શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે બીજી ઘટનામાં ગોડાદરા વિસ્તારમાં પ્રેમસંબંધ અને લગ્નની લાલચ આપી સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે બંને મામલે ગુના દાખલ કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આરોપી અબુ હુમેર ખાન નૌશાદ ખાને નવકેતન સોસાયટી પાસે રહેતી યુવતીને ઈન્સ્ટાગ્રામ પર રિક્વેસ્ટ મોકલી મિત્રતા કેળવી હતી. ત્યારબાદ આરોપીએ યુવતીનો વીડિયો અને ફોટો લઈ તેને બદનામ કરવાની ધમકી આપી હતી. આશરે ત્રણ મહિના અગાઉ આરોપી યુવતીના ઘરે પહોંચી ગયો હતો અને તેની સાથે જબરદસ્તી શારીરિક સંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં, આરોપીએ યુવતીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી, જેને લઈને ભોગ બનનાર યુવતી દ્વારા ઉધના પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગોડાદરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આરોપીઓ તરીકે આમિશ અલી અને તેના ભાઈ સાદીર અલીની સંડોવણી સામે આવી છે. આક્ષેપ મુજબ આરોપી આમિશે ડિસેમ્બર-2025થી ભોગ બનનાર સગીરા સાથે સંપર્ક કેળવી તેની સાથે પરિચય વધાર્યો હતો અને પ્રેમસંબંધ બાંધી તેની સાથે શારીરિક સંબંધ રાખ્યો હતો. આ પ્રણયસંબંધ અને શારીરિક સંબંધોની જાણ જ્યારે આરોપી આમિશના ભાઈ સાદીર અલીને થઈ, ત્યારે તેણે પીડિતાને ધમકી આપી હતી કે, જો તે આ વાત કોઈને કહેશે તો તેને તથા તેના પરિવારને જાનથી મારી નાખવામાં આવશે. આ ઉપરાંત, ભોગ બનનાર સગીરાની એકલતાનો ગેરલાભ ઉઠાવી બંને ભાઈઓએ અવારનવાર તેની મરજી વિરુદ્ધ જબરદસ્તી શારીરિક શોષણ કરવાનું ચાલુ રાખ્યું હતું. આ ત્રાસ અને ધાકધમકીઓથી કંટાળીને આખરે પીડિતાએ ગોડાદરા વિસ્તારમાં બજરંગ સેનાના અગ્રણીઓનો સંપર્ક કરી સમગ્ર હકીકતથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ બજરંગ સેનાના અગ્રણીઓની સહાય અને ઉપસ્થિતિમાં પીડિતાએ ગોડાદરા પોલીસ સ્ટેશન પહોંચીને બંને આરોપી ભાઈઓ (આમિશ અલી અને સાદીર અલી) વિરુદ્ધ કાયદેસરની ફોજદારી ફરિયાદ નોંધાવી છે.

ધોલેરા તાલુકામાં વૃદ્ધ સહાય યોજનાના લાભાર્થીઓની ખરાઈની કામગીરી હાથ ધરાશે

અમદાવાદ, તા.08

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિરાધાર વૃદ્ધ સહાય યોજના તથા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના હેઠળ સહાય મેળવતા લાભાર્થીઓની ખરાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે. યોજનાના લાભાર્થીઓની દર વર્ષે મૃત્યુની ખરાઈ કરવાની જોગવાઈના અનુસંધાને ધોલેરા તાલુકામાં પણ આ કામગીરી હાથ ધરાશે. લાભાર્થીઓની ખરાઈની કામગીરી સરળ, ઝડપી અને સુવ્યવસ્થિત રીતે થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા Beneficiary Satyapan Application (BSA) નામની મોબાઈલ એપ્લિકેશન વિકસાવવામાં આવી છે. લાભાર્થીઓ પોતાના મોબાઈલ ફોનમાં Aadhaar Face RD Application તથા Beneficiary Satyapan Application (BSA) ડાઉનલોડ કરી, એપ્લિકેશનમાં દર્શાવેલ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને પોતાની ખરાઈ કરાવી શકશે. ધોલેરા તાલુકાના વૃદ્ધ સહાય યોજનાના તમામ લાભાર્થીઓને પોતાની સહાય નિયમિત રીતે ચાલુ રહે તે માટે નિયત સમયમર્યાદામાં જરૂરી ખરાઈ પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ખરાઈની પ્રક્રિયા અંગે કોઈ મુશ્કેલી પડે અથવા વધુ માહિતીની જરૂરિયાત હોય તો લાભાર્થીઓએ સંબંધિત મામલતદાર કચેરી/તાલુકા કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે. સરકાર દ્વારા ડિજિટલ માધ્યમથી અમલમાં મૂકવામાં આવેલી આ વ્યવસ્થાથી ખરેખર હકદાર લાભાર્થીઓને યોજનાનો લાભ નિયમિત, પારદર્શક અને સુવ્યવસ્થિત રીતે મળી રહે તે સુનિશ્ચિત થશે.

કુબેરનગર ITI ખાતેથી મંત્રી કુંવરજી બાવળીયા અને રાજ્ય મંત્રી કાંતિલાલ અમૃતિયાના હસ્તે રાજ્યની સરકારી ITI માટે 'ગણવેશ સહાય યોજના'નો પ્રારંભ

અમદાવાદ, તા.08

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમદાવાદની કુબેરનગર ITI ખાતેથી રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના તાલીમાર્થીઓ માટે 'ગણવેશ સહાય યોજના'નો' ભવ્ય શુભારંભ કાર્યક્રમ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્ય મંત્રી કાંતિલાલ અમૃતિયા તથા ધારાસભ્ય ડૉ. પાયલ કૂકરાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, આજે રાજ્યની 289 સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) ના તાલીમાર્થીઓ માટે કુબેરનગર ITI ખાતેથી 'ગણવેશ સહાય યોજના'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માત્ર એકરૂપતા લાવવાનો નથી, પરંતુ તેમનામાં શિસ્ત, વ્યાવસાયિકતા, આત્મવિશ્વાસ અને એક આગવી ઓળખ ઊભી કરવાનો છે. ITI માં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી રહેલા યુવાનોનું વ્યક્તિત્વ ખીલે અને તેઓ ગૌરવ સાથે આગળ વધે તે રાજ્ય સરકારની નેમ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલી આ યોજના અન્વયે નાણાકીય વર્ષ 2026-27ના બજેટમાં આશરે રૂ. 30 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યના અંદાજે 1.5 લાખ તાલીમાર્થીઓને વર્ષમાં બે જોડી ગણવેશ પેટે પ્રત્યેક વિદ્યાર્થીના બેંક ખાતામાં DBT મારફતે સીધા રૂ. 2,000 જમા કરાવવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ રાજ્યમાં સ્કીલ એજ્યુકેશનના ક્ષેત્રમાં આવેલા સકારાત્મક પરિવર્તનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આજે ITI માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે અને આ વર્ષે 90 થી 95 ટકા જેટલી બેઠકો ભરાઈ ચૂકી છે. આધુનિક સમયની માંગ મુજબના અભ્યાસક્રમો વિશે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કૌશલ્યા ધી સ્કીલ યુનિવર્સિટી (KSU) ખાતે કાર્યરત એડવાન્સ્ડ ડ્રોન ટેકનોલોજીની તાલીમ લઈ રહેલા 35 જેટલા વિદ્યાર્થીઓમાંથી લગભગ 50 ટકા વિદ્યાર્થીઓ માત્ર ITI બેકગ્રાઉન્ડ ધરાવે છે.

રાજ્ય મંત્રી કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 2047ના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતની ITI સંસ્થાઓને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવાનો છે, જેથી આપણા યુવાનો માત્ર રાજ્ય કે દેશમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ જઈને રોજગારી મેળવી શકે અને પોતાની સ્કીલ ડેવલપ કરી શકે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ. પાયલ કૂકરાણીએ યુવાનોને પ્રોત્સાહિત કરતા તાજેતરના રોજગાર મેળાઓની સફળતા વર્ણવી કહ્યું કે, અગાઉ ITI માંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ આજે ઈન્ટરવ્યુઅર તરીકે પાછા ફરી રહ્યા છે. તેમણે આજના 'જનરેશન ઝેડ' (Gen Z) યુવાનોને ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુના 23 વર્ષની વયના ઐતિહાસિક બલિદાનનું સ્મરણ કરાવીને પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી 'વિકસિત ભારત'ના નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

નોંધનીય છે કે, રાજ્યની ITI માં પ્રવેશ મેળવતી વિદ્યાર્થીનીઓને 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના' હેઠળ પ્રથમ વર્ષે રૂ. 15,000 અને બીજા વર્ષે રૂ. 9,000 એમ કુલ રૂ. 24,000ની આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને ITI કેન્દ્રો સુધી પહોંચવામાં સરળતા રહે તે હેતુથી રૂ. 3,000 ની મુસાફરી સહાય આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. તાલીમાર્થીઓમાં સ્પર્ધાત્મકતા અને ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવા 'વિશ્વકર્મા કૌશલ્ય સ્પર્ધા' અંતર્ગત વિજેતાઓને જિલ્લા કક્ષાએ રૂ. 7,000, પ્રાદેશિક કક્ષાએ રૂ. 25,000 અને રાજ્ય કક્ષાએ રૂ. 50,000ના રોકડ પુરસ્કારો પણ એનાયત કરવામાં આવશે.

એક સમયે ટીમ ઈન્ડિયા અને BCCIના કોન્ટ્રાક્ટમાંથી બહાર ફેંકાઈ ગયેલા ખેલાડીએ ફટકાર્યા 270 રન...

નવી દિલ્હી, તા.08

ભારતીય ક્રિકેટ ટીમના ત્રણેય ફોર્મેટમાં સ્થાન મેળવી ચૂકેલા અને દેશના આગામી મોટા વિકેટકીપર-બેટ્સમેન ગણાતા ઈશાન કિશનના કરિયરમાં એવો કપરો સમય આવ્યો હતો, જેણે તેના ભવિષ્ય પર જ ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરી દીધું હતું. BCCIનો વાર્ષિક સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ હાથમાંથી ગયો, ટીમ ઈન્ડિયામાંથી બાદબાકી થઈ અને આશરે બે વર્ષ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ રસ્તા બંધ થઈ ગયા હતા. પરંતુ આ અત્યંત મુશ્કેલ તબક્કામાં ઈશાને પોતાને ફરીથી ઘડવાનું શરૂ કર્યું. આ બદલાવની શરૂઆત બેટથી નહીં, પરંતુ ઝારખંડની કપ્તાની સંભાળવાથી થઈ, જેનું પરિણામ હવે ચેન્નાઈ ખાતે દુલીપ ટ્રોફી ફાઈનલમાં રમાયેલી તેની 270 રનની ઐતિહાસિક પારી તરીકે સામે આવ્યું છે.

વર્ષ 2023ના મધ્ય સુધી ઈશાન કિશનનું કરિયર સાવ અલગ અને ઉંચી દિશામાં આગળ વધી રહ્યું હતું. વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ પર ટેસ્ટ ડેબ્યૂ સાથે જ તેણે ભારતના ઓલ-ફોર્મેટ પ્લેયર તરીકે પોતાને સ્થાપિત કરી લીધો હતો. પરંતુ થોડા જ મહિનાઓમાં સમીકરણો સંપૂર્ણપણે પલટાઈ ગયા. દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન તેણે ટેસ્ટ કેમ્પ છોડી દીધો હતો. ત્યારપછી ડોમેસ્ટિક ક્રિકેટ રમવા અંગે BCCIની અપેક્ષાઓ મુજબ તે મેદાનમાં ન ઉતર્યો, જેની સીધી નકારાત્મક અસર તેના કરિયર પર પડી. તે ટીમ ઈન્ડિયાના ભવિષ્યના પ્લાનિંગમાંથી બહાર થઈ ગયો અને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પણ ગુમાવી બેઠો. આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી જ ઈશાને પુનરાગમનનો માર્ગ શોધવાનું શરૂ કર્યું.

ઘરેલું ક્રિકેટમાં વાપસી વખતે ઈશાનની ભૂમિકા માત્ર એક બેટ્સમેન પૂરતી મર્યાદિત નહોતી, તેણે ઝારખંડની કેપ્ટનશીપ સંભાળી. આ જવાબદારી તેના ક્રિકેટ જીવનનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ: ટીમ હિત સર્વોપરી: ઈશાનના જણાવ્યા અનુસાર, યુવા ખેલાડી તરીકે પહેલાં તેનો વિચાર માત્ર પોતે કેટલો મોટો સ્કોર બનાવી શકે છે તેના પર રહેતો હતો. પરંતુ કેપ્ટન બન્યા બાદ તેની વિચારસરણી બદલાઈ અને તે એ જોવા લાગ્યા કે તેની ઈનિંગથી ટીમને કેટલો ફાયદો થઈ રહ્યો છે.

સાથી ખેલાડીઓને સુધારવાની જવાબદારી: ખેલાડીઓ સામાન્ય રીતે નેટ્સમાં પ્રેક્ટિસ કરીને નીકળી જાય છે, પરંતુ કેપ્ટન તરીકે તેણે સાથી ખેલાડીઓ ક્યાં ભૂલ કરી રહ્યા છે અને તેને કેવી રીતે બહેતર બનાવી શકાય તે દિશામાં ધ્યાન આપવાનું શરૂ કર્યું.

પરિપક્વતા અને સંયમ: 28 વર્ષીય ઈશાન કિશને સ્વીકાર્યું કે કપ્તાનીએ તેને એક વ્યક્તિ, ક્રિકેટર અને લીડર તરીકે સંપૂર્ણપણે બદલી નાખ્યો છે અને તેને પોતાના જૂના 'વાઈલ્ડ ચાઈલ્ડ' વાળા આક્રમક દિવસોથી દૂર રાખવામાં મદદ કરી છે. કપ્તાની સાથે જ ઘરેલું ક્રિકેટમાં ઈશાનનું બેટ ફરી ગરજવા લાગ્યું. 2025-26 રણજી ટ્રોફીમાં તેણે શાનદાર સદીઓ ફટકારી. ત્યારબાદ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ઝારખંડે ટાઈટલ જીત્યું, જેમાં ઈશાને 2 સદીની મદદથી 517 રન બનાવીને ટીમને ચેમ્પિયન બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ જ શાનદાર પ્રદર્શને તેના માટે ટીમ ઈન્ડિયાના દરવાજા ફરીથી ખોલી આપ્યા. પહેલાં T20I ટીમમાં વાપસી થઈ અને ત્યારબાદ IPLમાં સતત સાતત્યપૂર્ણ પ્રદર્શનના આધારે તેને વનડે ટીમમાં પણ સ્થાન મળ્યું.

ચેન્નાઈમાં રમાયેલી દુલીપ ટ્રોફી ફાઈનલમાં 270 રનની ઈનિંગ ઈશાનની બદલાયેલી પરિપક્વ રમતની સૌથી મોટી સાબિતી બની રહી. ટીમ ટોસ જીતીને પહેલાં બેટિંગ કરી રહી હોવાથી વિશાળ સ્કોર ઊભો કરવાનો લક્ષ્યાંક હતો. તેનો મૂળ અંદાજ આક્રમક હોવા છતાં તેણે શૉટ સિલેક્શન પર કાબૂ રાખ્યો અને સંયમપૂર્વક લાંબી ઈનિંગ રમી.

તેણે જણાવ્યું હતું કે શરૂઆતમાં આ બદલાવનો અહેસાસ થતો નથી, પરંતુ ધીમે ધીમે વ્યક્તિ રમત અને સંજોગો પ્રત્યે વધુ શાંત બની જાય છે. 270 રન માત્ર એક આંકડો નથી, પરંતુ પોતાના કરિયરના સૌથી કપરા સમયમાંથી બહાર આવીને વિચાર અને રમતમાં લાવેલા સકારાત્મક પરિવર્તનની કહાની છે.

અભિષેક શર્માએ શુભમન ગિલની વિકેટ લીધી! પછી 326ની સ્ટ્રાઈક રેટથી રન ફટકારી ટીમને જીત અપાવી

નવી દિલ્હી, તા.08

શેર-એ-પંજાબ T20 લીગમાં સોમવારે રાત્રે ફાઝિલ્કા ફાલ્કન્સ અને અમ્રિતસર સૂરમાસ વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો રમાયો હતો, જેમાં બે યુવા ભારતીય સ્ટાર્સ શુભમન ગિલ અને અભિષેક શર્મા આમને-સામને કેપ્ટન તરીકે ટકરાયા હતા. આ રોમાંચક મેચમાં બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર જંગ જોવા મળી હતી. પ્રથમ બેટિંગ કરતા ફાલ્કન્સે નિર્ધારિત ઓવરોમાં 191 રન ખડક્યા હતા, જેમાં કેપ્ટન ગિલે 67 રનની ધમાકેદાર પારી રમી હતી. જોકે, ગિલની વિકેટ ઝડપ્યા બાદ અભિષેક શર્માએ બેટિંગમાં પણ વિસ્ફોટક પ્રદર્શન કરીને પોતાની ટીમને 4 વિકેટે રોમાંચક જીત અપાવી હતી.

અમ્રિતસર સૂરમાસના કેપ્ટન અભિષેક શર્માએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ફાઝિલ્કા ફાલ્કન્સ તરફથી શુભમન ગિલે માત્ર 28 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. ગિલે 35 બોલમાં 3 છગ્ગા અને 8 ચોગ્ગાની મદદથી 67 રન બનાવ્યા હતા. તેના સિવાય પ્રાંશુ પ્રતાપે 40 રન અને સનવીર સિંહે ઉપયોગી ઈનિંગ રમી હતી.

આ મેચની સૌથી ચર્ચાસ્પદ ક્ષણ ફાલ્કન્સની ઈનિંગની 10મી ઓવરમાં જોવા મળી, જે અભિષેક શર્મા ફેંકી રહ્યો હતો: પ્રથમ બોલ: શુભમન ગિલે સીધો વિશાળ છગ્ગો ફટકાર્યો.

બીજો અને ત્રીજો બોલ: બીજો બોલ ડોટ રહ્યો, જ્યારે ત્રીજા બોલ પર ગિલે મિડ-વિકેટ તરફ ચોગ્ગો જડ્યો.

ચોથો અને પાંચમો બોલ: ચોથો બોલ ડોટ, ત્યારબાદ એક વાઈડ અને પછીની લીગલ ડિલિવરી પર ગિલે ડીપ મિડ-વિકેટ પર વધુ એક સિક્સર લગાવી.

છેલ્લો બોલ: ઓવરમાં 17 રન આવી ચૂક્યા હતા, પરંતુ છેલ્લા બોલ પર અભિષેકે ચતુરાઈપૂર્વક ગિલને પોતાની જાળમાં ફસાવી લીધા અને નમન ધીરના હાથે કેચ આઉટ કરાવીને શાનદાર વાપસી કરી.

192 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અમ્રિતસર સૂરમાસ માટે કેપ્ટન અભિષેક શર્માએ ઓપનિંગમાં આવીને વિસ્ફોટક બેટિંગ કરી હતી. તેમણે માત્ર 15 બોલમાં 326.67ના અસાધારણ સ્ટ્રાઈક રેટથી 49 રન ઝૂડી કાઢ્યા હતા, જેમાં 4 છગ્ગા અને 6 ચોગ્ગા સામેલ હતા. તેમણે સહજ ધવન સાથે મળીને પ્રથમ વિકેટ માટે 79 રનની તોફાની ભાગીદારી કરી હતી.

ત્યારબાદ ઈમ્પેક્ટ પ્લેયર તરીકે આવેલા રાહુલ કુમારે 35 બોલમાં 2 છગ્ગા અને 5 ચોગ્ગા સાથે 53 રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. અંતિમ ઓવરોમાં આકાશ પાંડેએ 13 બોલમાં 1 છગ્ગો અને 3 ચોગ્ગા સાથે અણનમ 24 રન ફટકારીને 3 બોલ બાકી રહેતાં ટીમને 4 વિકેટે વિજય અપાવ્યો હતો. બોલિંગમાં 2 વિકેટ ઝડપવા અને બેટિંગમાં 49 રન ફટકારવા બદલ અભિષેક શર્માને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા.

શું કે એલ રાહુલ KKRમાં જઈ રહ્યો છે? ટ્રેડની અટકળો વચ્ચે દિલ્હી કેપિટલ્સે તોડ્યું મૌન

નવી દિલ્હી, તા.08

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની આગામી સિઝન પહેલાં ભારતીય સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન કેએલ રાહુલના ટ્રેડિંગને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી તમામ અફવાઓ પર દિલ્હી કેપિટલ્સે (DC) સત્તાવાર પૂર્ણવિરામ મૂકી દીધું છે. છેલ્લા બે સપ્તાહથી એવી જોરદાર ચર્ચાઓ ચાલી રહી હતી કે અજિંક્ય રહાણેની નિવૃત્તિ બાદ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) રાહુલને પોતાની ટીમમાં સામેલ કરીને કેપ્ટન બનાવવા માંગે છે અને રાહુલ દિલ્હી છોડીને KKRમાં જઈ શકે છે. જોકે, દિલ્હી કેપિટલ્સના સહ-માલિક પાર્થ જિંદાલે આ તમામ ટ્રેડિંગ રિપોર્ટ્સને સદંતર પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે.

દિલ્હી કેપિટલ્સના સહ-માલિક પાર્થ જિંદાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે રાહુલ ક્યાંય જઈ રહ્યા નથી. જિંદાલે પોતાની પોસ્ટમાં લખ્યું હતું: 'KL IS KLUTCH FOR @DelhiCapitals - હું જેટલા લોકોને ઓળખું છું તેમાં તે સૌથી સારો માણસ છે અને તે હંમેશાં પોતાના કરતાં પહેલાં ટીમના હિતને સર્વોપરી રાખે છે. અમારું કામ હજુ અધૂરું છે અને અમે સાથે મળીને સખત મહેનત કરી દિલ્હીને ગૌરવ અપાવીશું.'

આ વાતચીતથી સ્પષ્ટ થઈ ગયું છે કે કેએલ રાહુલ આગામી IPL સિઝનમાં પણ દિલ્હી કેપિટલ્સ તરફથી જ રમશે.

કેએલ રાહુલ IPL 2025ના મેગા ઓક્શનમાં 14 કરોડની જંગી બોલી સાથે દિલ્હી કેપિટલ્સમાં સામેલ થયા હતા. તે સમયે દિલ્હીએ ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK), રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) જેવી ટીમોને પાછળ છોડીને તેને ટીમમાં લીધો હતો. દિલ્હી સાથે જોડાયા બાદથી રાહુલે ટીમના બેટિંગ ઓર્ડરને મજબૂતી પૂરી પાડી છે.

છેલ્લી બે સિઝનમાં રાહુલે દિલ્હી કેપિટલ્સ માટે શાનદાર બેટિંગ કરીને 1,000થી વધુ રન બનાવ્યા છે: IPL 2025 સિઝન: રાહુલે પોતાના બેટથી 539 રન બનાવ્યા હતા.

IPL 2026 સિઝન: તે દિલ્હી તરફથી સૌથી વધુ રન બનાવનારો બેટ્સમેન રહ્યો હતો. તેણે 14 મેચોમાં 174.41ના શાનદાર સ્ટ્રાઈક રેટ અને 45.62ની એવરેજથી 593 રન ઝૂડી કાઢ્યા હતા (જેમાં 1 સદી અને 3 અડધી સદી સામેલ હતી).

અરુણ જેટલી સ્ટેડિયમમાં સદી: પંજાબ કિંગ્સ સામે તેણે 152 રનની ઐતિહાસિક અણનમ ઈનિંગ પણ રમી હતી.

દિલ્હી કેપિટલ્સે હાલમાં જ લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) સાથે મોટો ટ્રેડ કરીને ડાબોડી સ્પિનર કુલદીપ યાદવના બદલામાં વિકેટકીપર રિષભ પંતને ફરી ટીમમાં સામેલ કર્યો છે. પંતની ઘરવાપસી અને રાહુલની હાજરીથી ટીમમાં બે મોટા વિકેટકીપર-બેટ્સમેન ઉપલબ્ધ બન્યા છે. અક્ષર પટેલની કેપ્ટનશીપ હેઠળ ટીમ 2025 અને 2026માં પ્લેઓફમાં ક્વોલિફાય ન થઈ શકી હોવાથી હવે ટીમ પાસે કેપ્ટનશીપના મજબૂત વિકલ્પો પણ તૈયાર છે. પંત વિકેટકીપિંગ સંભાળશે તો રાહુલ ઓપનિંગમાં સ્પેશિયાલિસ્ટ બેટ્સમેન તરીકે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

ફ્રેન્ચાઈઝીએ અગાઉ રાહુલનો એક વીડિયો શેર કર્યો હતો જેમાં તેઓ 'I'm home' કહેતો જોવા મળ્યો હતો અને ફેન્સને દિલ્હીને સપોર્ટ કરવાનું ચાલુ રાખવા અપીલ કરી હતી. હવે માલિકના સત્તાવાર નિવેદન બાદ ટ્રેડિંગની તમામ અટકળો શાંત થઈ ગઈ છે.

યશની 'Toxic' બોક્સ ઓફિસ પર ફ્લોપ થતાં OTT ડીલમાં કડાકો: 200 કરોડની આશા સામે માત્ર 30 કરોડની ઓફર

મુંબઈ, તા.08

કન્નડ સુપરસ્ટાર યશની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ટોક્સિક: અ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ' સિનેમાઘરોમાં રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર ઊંધા માથે પછડાઈ છે. નબળી વાર્તા અને પ્રેક્ષકોના નકારાત્મક પ્રતિસાદને કારણે ફિલ્મ ફ્લોપ સાબિત થતાં હવે તેની ઓટીટી રિલીઝ પર પણ ગ્રહણ લાગી ગયું છે, જેના કારણે ફિલ્મને ડિજિટલ પ્લેટફોર્મ પર આવવામાં મોટો વિલંબ થઈ શકે છે.

એક અહેવાલ અનુસાર, થિયેટ્રિકલ રિલીઝ પહેલાં ફિલ્મના ડિજિટલ રાઈટ્સ માટે મેકર્સને અંદાજે 150 કરોડની ઓફર મળી હતી અને મેકર્સ 200 કરોડથી વધુના સોદાની આશા રાખી રહ્યા હતા. પરંતુ થિયેટરોમાં ફિલ્મના અત્યંત ખરાબ કમર્શિયલ પ્રદર્શન બાદ OTT પ્લેટફોર્મ્સ પણ પાછા હટી ગયા છે. હવે વિવિધ ભાષાઓમાં ફિલ્મના પોસ્ટ-થિયેટ્રિકલ સ્ટ્રીમિંગ રાઈટ્સ માટેની ઓફર્સ ઘટીને માત્ર 30 કરોડની આસપાસ આવી ગઈ છે.

આમ, બોક્સ ઓફિસ બાદ OTT ડીલમાં પણ ફિલ્મના નિર્માતાઓને મોટો આર્થિક ફટકો પડવાની શક્યતા છે.

ડિરેક્ટર ગીતુ મોહનદાસના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ 26 ઓગસ્ટના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મે રિલીઝના પહેલા દિવસે 100 કરોડનું રેકોર્ડબ્રેક ઓપનિંગ કલેક્શન નોંધાવ્યું હતું, પરંતુ ત્યારપછી ખરાબ વર્ડ ઓફ માઉથને લીધે કલેક્શનમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો હતો.

યશ, નયનતારા, કિયારા અડવાણી, હુમા કુરેશી અને તારા સુતારિયા જેવા મજબૂત સ્ટારકાસ્ટ છતાં ફિલ્મ દર્શકોને આકર્ષવામાં નિષ્ફળ રહી છે: રિલીઝનો સમયગાળો: 12 દિવસ પૂર્ણ, ઘરેલું બોક્સ ઓફિસ કલેક્શન: 245 કરોડ, વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન: 338 કરોડ, ફિલ્મનું અંદાજિત બજેટ: 500 કરોડ, આશરે 500 કરોડના જંગી બજેટમાં બનેલી ફિલ્મ વૈશ્વિક સ્તરે હજુ સુધી માંડ 338 કરોડ સુધી પહોંચી શકી છે, જેથી નિર્માતાઓને બોક્સ ઓફિસ રિકવરીમાં મોટું નુકસાન થઈ રહ્યું છે. હાલમાં આ ફિલ્મ કયા પ્લેટફોર્મ પર રિલીઝ થશે તે અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

'ગુજરાતમાં જ કેમ?' નેશનલ ફિલ્મ એવોર્ડ્સનું સ્થળ બદલાતા 'રઈસ'ના ડાયરેક્ટર ભડક્યા

મુંબઈ, તા.08

દિલ્હીની વર્ષો જૂની પરંપરા તોડીને આ વર્ષે 72 નેશનલ ફિલ્મ અવોર્ડ્સનું આયોજન ગુજરાતના કેવડિયા (એકતા નગર) ખાતે 22 સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી રહ્યું છે. ઈતિહાસમાં પહેલીવાર આ પ્રતિષ્ઠિત સમારોહ દિલ્હીની બહાર યોજાઈ રહ્યો છે, જેને લઈને ફિલ્મમેકર રાહુલ ધોળકિયાએ સવાલો ઉઠાવ્યા છે. ધોળકિયાએ સોશિયલ મીડિયા પર પ્રશ્ન કર્યો છે કે જ્યારે પરંપરા બદલવામાં આવી રહી છે, ત્યારે ભારતીય સિનેમામાં મોટું અને ઐતિહાસિક યોગદાન આપનાર અન્ય રાજ્યો જેમ કે મહારાષ્ટ્ર, કેરળ, તામિલનાડુ કે હૈદરાબાદને કેમ આ માન આપવામાં આવ્યું નહીં?

રાહુલ ધોળકિયાએ 2007 માં આવેલી પોતાની ફિલ્મ 'પાર્ઝાનિયા' માટે નેશનલ અવોર્ડ જીત્યો હતો, જે 2002 ના ગુજરાત રમખાણો પર આધારિત હતી. તેમણે પાછળથી શાહરૂખ ખાન અભિનીત ફિલ્મ 'રઈસ'નું શૂટિંગ પણ ગુજરાતમાં કર્યું હતું. જોકે, તેમનું માનવું છે કે ગુજરાતનું મુખ્ય ફિલ્મ હબ અમદાવાદ છે, જ્યારે આ સમારોહ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે જાણીતા કેવડિયા ખાતે યોજાઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 2018 માં ઉદ્ઘાટિત આ ભવ્ય સ્મારક હવે આ રાષ્ટ્રીય સમારોહનું સાક્ષી બનશે, જેણે ફિલ્મ જગતમાં ચર્ચા જગાવી છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ દ્વારા 22 સપ્ટેમ્બરના રોજ આપવામાં આવનારા આ અવોર્ડ્સમાં આદિત્ય સુહાસ જાંભલેની 2024 ની ફિલ્મ 'આર્ટિકલ 370' ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ જાહેર કરવામાં આવી છે, જ્યારે યામી ગૌતામને શ્રેષ્ઠ અભિનેત્રીનો અવોર્ડ મળ્યો છે. બેસ્ટ એક્ટરનો અવોર્ડ મલયાલમ સુપરસ્ટાર મમ્મુટી અને કાર્તિક આયાન વચ્ચે વહેંચવામાં આવ્યો છે. આ ઉપરાંત રણદીપ હુડાને શ્રેષ્ઠ ડેબ્યુ ડિરેક્ટર અને 'કલ્કી 2898 AD' ને શ્રેષ્ઠ મનોરંજન આપતી લોકપ્રિય ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવી છે.

આશા ભોંસલેનું છેલ્લું ગીત 'એ મેરી જિંદગી' રિલીઝ: વીડિયોમાં 'તાઈ'ની ઝલક જોઈ ફેન્સ ભાવુક

મુંબઈ, તા.08

8 સપ્ટેમ્બરના રોજ સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોસલેની 93મી જન્મજયંતી છે. આ વર્ષે એપ્રિલ મહિનામાં તેમનું અવસાન થયું હતું, પરંતુ તેઓ પોતાની પાછળ સંગીતનો એવો અમૂલ્ય વારસો છોડી ગયા છે જે પેઢીઓ સુધી યાદ રાખવામાં આવશે. તેમની જન્મજયંતીના ખાસ અવસરે રઘુબીર યાદવ, અંશુમન ઝા અને સોની રાઝદાનની આગામી ફિલ્મ 'ઓમ કા હરિ' (Om Ka Hari)ના મેકર્સે ફેન્સને એક ખાસ સરપ્રાઈઝ આપતાં આશા ભોસલેનું છેલ્લું ફિચર-ફિલ્મ ગીત 'એ મેરી ઝિંદગી' રિલીઝ કર્યું છે.

આ ગીત વર્ષ 2023ના અંતમાં રેકોર્ડ કરવામાં આવ્યું હતું, જેને રાજીવ સારંગે કમ્પોઝ કર્યું છે અને તેના બોલ પ્રદીપ શર્મા ખુસરોએ લખ્યા છે. હરીશ વ્યાસ દ્વારા નિર્દેશિત પિતા-પુત્રના સંબંધો પર આધારિત ફિલ્મ 'ઓમ કા હરિ'માં આ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો છે. 8 સપ્ટેમ્બરના રોજ યૂટ્યુબ પર રિલીઝ થયેલા આ મ્યુઝિક વીડિયોમાં માત્ર ગીત જ નહીં, પરંતુ આશા ભોસલે સ્ટુડિયોમાં ગીત રેકોર્ડ કરી રહ્યા હોય અને મેકર્સ તથા અભિનેતા અંશુમન ઝા સાથે વાતચીત કરી રહ્યા હોય તેવા 'બિહાઈન્ડ-ધ-સીન્સ' વિઝ્યુઅલ્સ પણ બતાવવામાં આવ્યા છે. આશા 'તાઈ'ના અવાજમાં આ ગીત સાંભળીને ફેન્સ અત્યંત ભાવુક થઈ રહ્યા છે. આશા ભોસલેનું અવસાન 12 એપ્રિલ, 2026ના રોજ 92 વર્ષની વયે થયું હતું. કાર્ડિયક અરેસ્ટ બાદ મલ્ટિપલ ઓર્ગન ફેલિયરના કારણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમની યાદમાં રિલીઝ થયેલું આ ગીત જે ફિલ્મમાં છે, તે 'ઓમ કા હરિ'નું નિર્દેશન હરીશ વ્યાસે કર્યું છે. આ ફિલ્મમાં અંશુમન ઝા અને રઘુબીર યાદવ મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે સોની રાઝદાન, સમતા સુદીક્ષા અને આયશા કપૂર પણ મહત્ત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ 18 સપ્ટેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે.

'હિન્દુ ધર્મમાં કોઈ ખામી નહોતી...' ટ્રોલર્સના સવાલ પર રાખી સાવંતે ધર્મ બદલવા અંગે મૌન તોડ્યું....

મુંબઈ, તા.08

બોલિવૂડની 'ડ્રામા ક્વીન' રાખી સાવંત (Rakhi Sawant) અવારનવાર તેની પર્સનલ લાઈફ અને વિવાદોને કારણે લાઈમલાઈટમાં રહે છે. બે લગ્ન તૂટ્યા પછી પણ રાખીનો દરેક અંદાજ ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની જાય છે. રાખીના બીજા લગ્ન દરમિયાન ધર્મ પરિવર્તન કરવા બદલ જ્યારે ટ્રોલ્સે તેના પર તીખા સવાલો કર્યા, ત્યારે રાખીએ આ અંગે ખુલ્લીને પોતાનું મૌન તોડ્યું. આવો જાણીએ કે હિન્દુ ધર્મ છોડીને ઈસ્લામ અપનાવવા અંગે રાખી સાવંતે શું જડબાતોડ જવાબ આપ્યો છે. સોશિયલ મીડિયા પર રાખી સાવંતનો એક નવો વીડિયો વાયુ વેગે વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેને પૂછવામાં આવ્યું કે 'હિન્દુ ધર્મમાં એવી શું ખામી હતી કે તમે ધર્મ બદલી નાખ્યો?' આ સીધા સવાલ પર કોઈ પણ હિચકિચાટ વગર રાખીએ બેબાક અંદાજમાં જવાબ આપ્યો અને ટ્રોલ્સની બોલતી બંધ કરી દીધી.

રાખીએ પાપરાઝીને કહ્યું કે, 'હિન્દુ ધર્મમાં ક્યારેય કોઈ ખામી નહોતી અને હોઈ પણ ન શકે. મેં મુસ્લિમ સાથે લગ્ન કર્યા હતા, નિકાહ કર્યા હતા અને જ્યારે તમે નિકાહ કરો છો ત્યારે ઈસ્લામ કબૂલ કરો છો. હું પોતાને ખૂબ નસીબદાર માનું છું કે મને મક્કા-મદીનાનો બુલાવો આવ્યો.

આદિલ ખાન દુર્રાની સાથે લગ્ન તૂટ્યા છતાં રાખી આજે પણ પોતાને ઈસ્લામ સાથે જોડાયેલી માને છે. તે શિદ્દતથી અલ્લાહમાં વિશ્વાસ રાખે છે અને કેટલીક વાર મક્કા-મદીના ઉમરાહ કરવા પણ જઈ ચૂકી છે, જેની તસવીરો અને વીડિયો તેણે પોતાના ફેન્સ સાથે શેર કર્યા હતા.

રાખી સાવંત અને આદિલ ખાન દુર્રાનીનું સેપરેશન પણ ભારે વિવાદોમાં રહ્યું હતું. બંનેએ એકબીજા પર સોશિયલ મીડિયા અને મીડિયા સમક્ષ જોરદાર કીચડ ઉછાળ્યું હતું. રાખીએ આદિલ પર મારપીટ, છેતરપિંડી અને પૈસાની હેરાફેરી જેવા અનેક ગંભીર આરોપો લગાવ્યા હતા, જેના પછી આદિલને જેલ પણ જવું પડ્યું હતું.

રાખી સાવંતની લવ લાઈફ હંમેશાં ભારે ઉતાર-ચઢાવથી ભરેલી રહી છે. રિતેશ બાદ આદિલ ખાન સાથે પણ સંબંધનો અંત આવ્યા બાદ હવે રાખી સિંગલ છે. જોકે, તે પોતાના બોલ્ડ અંદાજ અને બેબાક નિવેદનોના જોરે ઈન્ટરનેટ પર ફેન્સનું મનોરંજન કરતી રહે છે.

ચાંદી ₹2,406 વધીને ₹2.34 લાખ પ્રતિ કિલોએ પહોંચી: 10 ગ્રામ સોનું ₹606 મોંઘું થઈને ₹1.53 લાખનું થયું, આ વર્ષે ₹20 હજાર મોંઘું થઈ ચૂક્યું છે

મુંબઈ, તા.08

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે મંગળવાર, 8 સપ્ટેમ્બરના રોજ ફરી વધારો જોવા મળ્યો છે. કિંમતી ધાતુઓના બજારમાં સતત ઉતાર-ચઢાવ વચ્ચે આજે સોના અને ચાંદી બંનેના ભાવમાં તેજી નોંધાતા ખરીદદારો અને રોકાણકારોની નજર બજારની આગામી ચાલ પર કેન્દ્રિત થઈ ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા ભાવ અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમતમાં આજે 606 રૂપિયાનો વધારો થયો છે. આ વધારા સાથે 24 કેરેટ સોનાની કિંમત 1,53,309 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગઈ છે.

બીજી તરફ ચાંદીના ભાવમાં પણ આજે નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. એક કિલો ચાંદીની કિંમતમાં 2,406 રૂપિયાનો વધારો નોંધાતા તેનો ભાવ વધીને 2,34,056 રૂપિયા પ્રતિ કિલો થયો છે. સોના અને ચાંદી બંનેમાં એકસાથે આવેલી તેજીએ બજારમાં ફરી એકવાર કિંમતી ધાતુઓ પ્રત્યે રોકાણકારોનું ધ્યાન ખેંચ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓથી સોના-ચાંદીના ભાવમાં સતત મોટા ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે અને વૈશ્વિક બજારની સ્થિતિની અસર સ્થાનિક બજાર પર પણ પડી રહી છે. કેરેટ પ્રમાણે સોનાના ભાવ પર નજર કરીએ તો સૌથી શુદ્ધ ગણાતું 24 કેરેટ સોનું આજે 1,53,309 રૂપિયા પ્રતિ 10 ગ્રામના સ્તરે છે. જ્યારે 22 કેરેટ સોનાની કિંમત 1,40,431 રૂપિયા પ્રતિ 10 ગ્રામ નોંધાઈ છે. 18 કેરેટ સોનાનો ભાવ 1,14,982 રૂપિયા પ્રતિ 10 ગ્રામ રહ્યો છે, જ્યારે 14 કેરેટ સોનાની કિંમત 89,686 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગઈ છે. સામાન્ય રીતે ઘરેણાં ખરીદનારાઓમાં 22 કેરેટ સોનાની માંગ વધુ જોવા મળે છે, જ્યારે રોકાણના હેતુથી 24 કેરેટ સોનાને વધુ મહત્વ આપવામાં આવે છે.

દેશના વિવિધ મોટા શહેરોમાં સોનાના ભાવમાં થોડો તફાવત જોવા મળે છે. અમદાવાદમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 1,55,400 રૂપિયા નોંધાઈ છે. મુંબઈ અને કોલકાતામાં આ ભાવ 1,55,350 રૂપિયા રહ્યો છે. જયપુર, લખનૌ અને દિલ્હીમાં 24 કેરેટ સોનાની કિંમત 1,55,500 રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી પહોંચી ગઈ છે. ભોપાલ અને પટનામાં સોનાનો ભાવ 1,55,400 રૂપિયા

રહ્યો છે, જ્યારે રાયપુરમાં 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,55,350 રૂપિયામાં ઉપલબ્ધ હોવાનું જણાવવામાં આવ્યું છે.

દેશના અલગ-અલગ શહેરોમાં સોનાના ભાવ અલગ હોવાના અનેક કારણો જવાબદાર હોય છે. એક શહેરથી બીજા શહેર સુધી સોનાનું પરિવહન કરવા માટે ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષા પાછળ ખર્ચ થાય છે. સોનાની કિંમત ખૂબ ઊંચી હોવાથી તેના પરિવહન દરમિયાન વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે છે, જેના કારણે આ ખર્ચ સ્થાનિક ભાવમાં ઉમેરાય છે. શહેરો વચ્ચેનું અંતર વધે તેમ પરિવહન અને સુરક્ષા ખર્ચમાં પણ ફેરફાર થતો હોવાથી ભાવમાં તફાવત જોવા મળી શકે છે.

સોનાના ભાવને અસર કરતું બીજું મહત્વનું પરિબળ સ્થાનિક ખરીદી અને માંગ છે. દેશના કેટલાક વિસ્તારોમાં સોનાની ખરીદી અન્ય વિસ્તારોની સરખામણીમાં વધુ હોય છે. ખાસ કરીને દક્ષિણ ભારતમાં સોનાનો વપરાશ ખૂબ મોટો હોવાનું માનવામાં આવે છે. મોટા પ્રમાણમાં ખરીદી થતી હોવા છતાં સ્થાનિક માંગ, પુરવઠો અને જ્વેલર્સની ખરીદીની નીતિને કારણે દરેક શહેરમાં ગ્રાહકોને મળતો ભાવ એકસરખો રહેતો નથી. સ્થાનિક જ્વેલરી એસોસિએશનો પણ સોનાના ભાવમાં મહત્વની ભૂમિકા ભજવે છે. દરેક રાજ્ય અને શહેરમાં સ્થાનિક બજારની સ્થિતિ, માંગ અને ઉપલબ્ધ પુરવઠાને ધ્યાનમાં રાખીને ભાવમાં ફેરફાર થઈ શકે છે. આ ઉપરાંત જ્વેલર્સ પાસે ઉપલબ્ધ જૂનો સ્ટોક અને તેઓએ અગાઉ કયા ભાવે સોનું ખરીદ્યું હતું તે પણ ગ્રાહકોને વેચવામાં આવતા ભાવને અસર કરે છે. જો જ્વેલર્સે સોનું ઊંચા ભાવે ખરીદ્યું હોય તો તેનો પ્રભાવ સ્થાનિક બજારમાં વેચાણ કિંમત પર પણ જોવા મળી શકે છે. વર્ષ 2026 દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં સોનું અંદાજે 20 હજાર રૂપિયા જેટલું મોંઘું થઈ ગયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાની કિંમત 1,33,195 રૂપિયા હતી, જે હવે 8 સપ્ટેમ્બર 2026ના રોજ 1,53,309 રૂપિયા સુધી પહોંચી ગઈ છે. એટલે કે વર્ષની શરૂઆતની સરખામણીમાં સોનાના ભાવમાં મોટો વધારો નોંધાયો છે.

ચાંદીના ભાવમાં પણ આ સમયગાળા દરમિયાન ભારે અસ્થિરતા જોવા મળી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીની કિંમત 2,30,420 રૂપિયા હતી, જે હાલમાં 2,34,056 રૂપિયા પર પહોંચી ગઈ છે. જોકે, વર્ષ દરમિયાન સોના અને ચાંદી બંનેએ અનેક વખત મોટા ઉછાળા અને ઘટાડાનો સામનો કર્યો છે. 29 જાન્યુઆરી દરમિયાન સોનાએ અંદાજે 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ અંદાજે 3.86 લાખ રૂપિયા સુધી પહોંચીને ઓલટાઈમ હાઈનો રેકોર્ડ પણ બનાવ્યો હતો. વર્ષ દરમિયાન કિંમતી ધાતુઓની ચાલ પર નજર કરીએ તો જાન્યુઆરી મહિનાના અંતે સોનાની કિંમત 1,65,795 રૂપિયા સુધી પહોંચી હતી, જ્યારે ચાંદીનો ભાવ 3,39,350 રૂપિયા નોંધાયો હતો. ત્યારબાદ ફેબ્રુઆરીમાં બંને કિંમતી ધાતુઓમાં ઘટાડો જોવા મળ્યો હતો. માર્ચમાં પણ સોનાનો ભાવ ઘટીને 1,46,733 રૂપિયા સુધી આવ્યો હતો અને ચાંદી 2,30,135 રૂપિયા પર પહોંચી હતી. એપ્રિલ અને મે મહિનામાં ફરી તેજી જોવા મળી હતી.

15 સપ્ટેમ્બર પછી UPI-QR કોડથી ઓનલાઈન પેમેન્ટ નહીં થાય?: રોકડા રૂપિયા આપવા પડશે!

નવી દિલ્હી, તા.08

ભારતમાં ડિજિટલ પેમેન્ટ હવે લોકોના રોજિંદા જીવનનો એક ભાગ બની ગયું છે. ચાની દુકાન હોય, શાકભાજીની લારી હોય કે કરિયાણાની દુકાન, દરેક જગ્યાએ QR કોડ દ્વારા ચુકવણી સામાન્ય બાબત છે. પરંતુ હવે એક એવી ડેડલાઈન સામે આવી છે, જેણે લાખો નાના વેપારીઓ અને તેમના ગ્રાહકોની ચિંતા વધારી દીધી છે.

RBIના નિયમો હેઠળ મર્ચન્ટ્સ માટે રી-કેવાયસી (Re-KYC) પ્રક્રિયા પૂરી કરવી જરૂરી છે. જો નાના વેપારીઓનું વેરિફિકેશન નિર્ધારિત સમય સુધીમાં પૂર્ણ નહીં થાય, તો તેમના QR કોડ આધારિત ચુકવણીઓ પ્રભાવિત થઈ શકે છે.

રિઝર્વ બેંકના નિયમો અનુસાર મર્ચન્ટ્સને સમયાંતરે તેમની KYC માહિતી અપડેટ કરવી પડે છે. હાલની સમય મર્યાદા હેઠળ 15 સપ્ટેમ્બર સુધીમાં રી-કેવાયસી પૂર્ણ કરવું જરૂરી છે. પેમેન્ટ એગ્રીગેટર અને ફિનટેક કંપનીઓનું કહેવું છે કે લાખો નાના વેપારીઓનું વેરિફિકેશન હજુ બાકી છે. આ જ કારણોસર ઈન્ડસ્ટ્રીએ RBIને સમયમર્યાદા વધારવાની માગ પણ કરી છે. જો કોઈ દુકાનદારનું રી-કેવાયસી સમયસર પૂર્ણ ન થાય અને તેનો QR કોડ પ્રભાવિત થઈ શકે છે અને ગ્રાહકોને ચુકવણીમાં મુશ્કેલી પડી શકે છે. માની લો કે તમે શાકભાજી ખરીદવા પહોંચ્યા અને દુકાનદારનો QR કોડ કામ નથી કરી રહ્યો. આવી સ્થિતિમાં UPI દ્વારા ચુકવણી શક્ય નહીં

બને. ત્યારે તમારે રોકડ ચુકવણી કરવી પડી શકે છે અથવા સીધા બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવા જેવા વિકલ્પો અપનાવવા પડી શકે છે. જોકે, તેની અસર સમગ્ર દેશમાં એકસરખી નહીં હોય. નિષ્ણાતોનું માનવું છે કે નાના વેપારીઓ અને લારી-ગલ્લાવાળા વિક્રેતાઓના વિસ્તારોમાં મુશ્કેલી વધુ જોવા મળી શકે છે.

એક અંદાજ મુજબ, પરિસ્થિતિ ચિંતાજનક બની શકે છે. લગભગ 30 થી 35 ટકા નાના અને લારી-ગલ્લાવાળા વિક્રેતાઓ આ સમય મર્યાદાથી પ્રભાવિત થઈ શકે છે. જ્યારે લગભગ 10 લાખ નાના વેપારીઓને જોખમના દાયરામાં માનવામાં આવી રહ્યા છે. અંદાજ છે કે નિર્ધારિત સમય સુધીમાં લગભગ 80 ટકા વેરિફિકેશન જ પૂર્ણ થઈ શકશે. આ જ કારણ છે કે પેમેન્ટ કંપનીઓ RBI પાસેથી વધારાનો સમય આપવાની માગ કરી રહી છે.

આ સમગ્ર મામલે સૌથી મહત્વની વાત એ છે કે તેનાથી દેશની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ બંધ નહીં થાય. ભારતમાં દર મહિને અબજો UPI ટ્રાન્ઝેક્શન થાય છે અને મોટા વેપારીઓની ચુકવણી સિસ્ટમ સામાન્ય રીતે ચાલુ રહેશે. ચિંતા મુખ્યત્વે તે નાના વેપારીઓને લઈને છે, જેમનો વ્યવસાય QR કોડ આધારિત ચુકવણી પર મોટાભાગે નિર્ભર છે. જો આવા વેપારીઓના QR કોડ પ્રભાવિત થાય છે, તો તેમના વેચાણ અને ગ્રાહકોની સુવિધા બંને પર અસર પડી શકે છે.

હાલ પૂરતું ગભરાવાની જરૂર નથી. હાલમાં રી-કેવાયસી માટે સમય મર્યાદા વધારવાની માગ થઈ રહી છે અને બજારની નજર RBIના આગામી પગલાં પર ટકેલી છે. જોકે, સાવચેતીના ભાગરૂપે જો તમે નાના બજારો અથવા લારી-ગલ્લાવાળા વિસ્તારોમાંથી ખરીદી કરો છો, તો થોડી રોકડ રકમ સાથે રાખવી ઉપયોગી થઈ શકે છે. આવા સંજોગોમાં સૌથી મોટો સવાલ એ જ છે કે RBI 15 સપ્ટેમ્બરની સમય મર્યાદા જાળવી રાખે છે કે પછી ઉદ્યોગને વધુ રાહત આપે છે. લાખો નાના વેપારીઓની નજર હાલ આ જ નિર્ણય પર ટકેલી છે.

JLR બ્રિટનમાં 4,000 કર્મચારીઓની છટણી કરશે: ખર્ચમાં ₹21,700 કરોડનાં ઘટાડાનો પ્લાન; સરકારે ભંડોળ આપવાથી પીછેહઠ કરી

નવી દિલ્હી, તા.08

તમામ દબાણો વચ્ચે ટાટા મોટર્સની માલિકીની જગુઆર લેન્ડ રોવર યુકેમાં 4,000 કર્મચારીઓને છૂટા કરવાની યોજના બનાવી રહી છે. ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, બ્રિટિશ સરકારે આ નોકરીઓ બચાવવા માટે કોઈ આર્થિક મદદ આપવાનો ઈનકાર કર્યો છે.

JLRના બ્રિટનમાં 34,000 કર્મચારીઓ કામ કરે છે. પ્રસ્તાવિત છટણી કુલ યુકે વર્કફોર્સના લગભગ 12% છે. કંપનીનું કહેવું છે કે તેને બદલાતી પરિસ્થિતિઓ અનુસાર અનુકૂલન સાધવાની જરૂર છે.

ઓછી માગ અને સ્પર્ધા: લક્ઝરી ઓટો સેગમેન્ટની વૈશ્વિક માગ ઘટી છે. અમેરિકી ટેરિફ અને ચીની વાહનોથી વધતી સ્પર્ધાનો સામનો પણ કંપનીને કરવો પડ્યો છે. 2025નો સાયબર હુમલો: વર્ષ 2025માં થયેલાં એક મોટા સાયબર હુમલાને કારણે ઘણા અઠવાડિયા સુધી ઉત્પાદન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. તેનાથી સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ. કંપનીએ 4 સપ્ટેમ્બરે કર્મચારીઓને કહ્યું છે કે તેઓ સ્વૈચ્છિક છટણી કાર્યક્રમ (Voluntary Redundancy Program) માટે તૈયાર રહે. આ કાર્યક્રમ હેઠળ કર્મચારીઓ પોતાની મરજીથી નોકરી છોડી શકે છે. JLRનો લક્ષ્ય બે વર્ષની અંદર ખર્ચમાં 1.7 બિલિયન પાઉન્ડ એટલે કે લગભગ 21,700 કરોડનો ઘટાડો કરવાનો છે.

જલ્દી જ આ મામલે વધુ વિસ્તૃત જાણકારી મળવાની આશા છે, જેમાં એ પણ સ્પષ્ટ થશે કે શું ફરજિયાત છટણીની શક્યતા રહે છે કે નહીં. સૂત્રો અનુસાર, સિનિયર મેનેજમેન્ટ અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) સાથે સંકળાયેલા પદો પર સૌથી વધુ છટણી જોવા મળી શકે છે.

યુકેના બિઝનેસ સેક્રેટરી જોનાથન રેનોલ્ડ્સે કહ્યું છે કે કંપનીઓ ચલાવવી તેમની જવાબદારી નથી અને કોઈપણ રાહત પેકેજ માટે સરકારી ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે નહીં.

જેએલઆરના સીઈઓ પીબી બાલાજી 8 સપ્ટેમ્બરે બ્રિટિશ સરકારના અધિકારીઓ અને ટ્રેડ યુનિયનના નેતાઓ સાથે મહત્વપૂર્ણ બેઠક કરશે. બ્રિટનની મુખ્ય યુનિયન 'યુનાઈટ'ના જનરલ સેક્રેટરી શેરોન ગ્રેહામ સરકાર પર મદદ માટે દબાણ કરશે.

યુનિયનનું કહેવું છે કે કોઈપણ કર્મચારીને બળજબરીથી નોકરીમાંથી કાઢી ન મૂકવામાં આવે. તેમને ફરીથી તાલીમ મળે અથવા પોતાની મરજીથી જવાનો એટલે કે સ્વૈચ્છિક નિવૃત્તિ (વોલન્ટરી એક્ઝિટ)નો વિકલ્પ આપવામાં આવે.

ઓટો સેક્ટરમાં આ સંકટ માત્ર JLR પૂરતું સીમિત નથી. જર્મનીની મોટી કાર કંપની ફોક્સવેગન પણ અમેરિકી ટેરિફ અને ચીની કંપનીઓ તરફથી મળી રહેલી સ્પર્ધાને કારણે છટણી કરવાની તૈયારીમાં છે. સમગ્ર ગ્લોબલ ઓટો ઈન્ડસ્ટ્રી આ દબાણનો સામનો કરી રહી છે.

સેન્સેક્સ 555 પોઈન્ટ ઘટીને 75,577 પર બંધ: નિફ્ટી પણ 144 પોઈન્ટ ઘટ્યો, પ્રાઈવેટ બેંકના શેરોમાં સૌથી વધુ ઘટાડો રહ્યો

મુંબઈ, તા.08

શેરબજારમાં આજે મંગળવાર, 8 સપ્ટેમ્બરના રોજ સતત બીજા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. દિવસભરના કારોબાર દરમિયાન રોકાણકારોમાં સાવચેતીનો માહોલ જોવા મળ્યો અને વેચવાલીના દબાણને કારણે મુખ્ય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા હતા. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 555 પોઈન્ટના ઘટાડા સાથે 75,577ના સ્તરે બંધ થયો હતો. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 144 પોઈન્ટ ઘટીને 23,635ના સ્તરે પહોંચી ગયો હતો. બજારમાં ખાસ કરીને પ્રાઈવેટ બેંકિંગ સેક્ટરના શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી, જેના કારણે સમગ્ર બજારના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી.

આજના કારોબારમાં રોકાણકારોએ ખાસ કરીને બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રના શેરોમાં સાવચેતી દાખવી હતી. પ્રાઈવેટ બેંકોના શેરોમાં સૌથી વધુ ઘટાડો નોંધાતા સેન્સેક્સ અને નિફ્ટી બંને પર દબાણ વધ્યું હતું. સતત બીજા દિવસે બજારમાં ઘટાડો જોવા મળતા ટૂંકા ગાળાના રોકાણકારોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. જોકે, ઘરેલું સંસ્થાકીય રોકાણકારોની ખરીદી હજુ પણ બજાર માટે એક સકારાત્મક સંકેત તરીકે જોવામાં આવી રહી છે. એશિયન શેરબજારોમાં પણ મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 41 પોઈન્ટ અથવા 0.58 ટકાના ઘટાડા સાથે 6,955ના સ્તરે રહ્યો હતો. જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો અને તે 1,131 પોઈન્ટ અથવા 1.70 ટકા ઘટીને 65,269ના સ્તરે પહોંચી ગયો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ નબળાઈ સાથે બંધ રહ્યો હતો અને તેમાં 96 પોઈન્ટ અથવા 0.38 ટકાનો ઘટાડો નોંધાયો હતો. એશિયન બજારોમાં જોવા મળેલી નબળાઈની અસર ભારતીય શેરબજારના રોકાણકારોના સેન્ટિમેન્ટ પર પણ જોવા મળી હતી.

વૈશ્વિક બજારો તરફ નજર કરીએ તો 7 સપ્ટેમ્બરના રોજ અમેરિકી શેરબજારોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકાનો ડાઉ જોન્સ ઈન્ડેક્સ 272 પોઈન્ટ અથવા 0.51 ટકા ઘટીને 53,414ના સ્તરે બંધ થયો હતો. ટેક્નોલોજી શેરો પર આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ 77

પોઈન્ટ અથવા 0.29 ટકાના ઘટાડા સાથે 26,507ના સ્તરે રહ્યો હતો. જ્યારે S&P 500 ઈન્ડેક્સમાં 29 પોઈન્ટ અથવા 0.38 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે 7,719ના સ્તરે બંધ થયો હતો. અમેરિકી બજારોમાં આવેલી નબળાઈ બાદ વૈશ્વિક રોકાણકારોમાં પણ સાવચેતી જોવા મળી રહી છે.

જોકે ભારતીય શેરબજારમાં ઘરેલું સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII તરફથી ખરીદીનો ટ્રેન્ડ હજુ પણ મજબૂત રહ્યો છે. છેલ્લા સાત દિવસ દરમિયાન ઘરેલું રોકાણકારોએ કુલ 17,287 કરોડ રૂપિયાના શેરોની ખરીદી કરી છે. છેલ્લા 30 દિવસના આંકડા પ્રમાણે DII દ્વારા 69,635 કરોડ રૂપિયાની નોંધપાત્ર ખરીદી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII અને FPI તરફથી છેલ્લા સાત દિવસમાં 1,511 કરોડ રૂપિયાની નેટ ખરીદી જોવા મળી છે, પરંતુ છેલ્લા 30 દિવસના ગાળામાં તેઓએ કુલ 7,766 કરોડ રૂપિયાની નેટ વેચવાલી કરી હોવાનું આંકડાઓ દર્શાવે છે.

આજના દિવસે DII દ્વારા 567 કરોડ રૂપિયાની નેટ ખરીદી કરવામાં આવી હતી, જ્યારે FII/FPI દ્વારા 280 કરોડ રૂપિયાની નેટ ખરીદી નોંધાઈ હતી. ઘરેલું રોકાણકારો દ્વારા સતત કરવામાં આવતી ખરીદી બજારમાં મોટા ઘટાડા દરમિયાન એક પ્રકારનો ટેકો પૂરો પાડી રહી છે. બજારના નિષ્ણાતોનું માનવું છે કે વૈશ્વિક બજારોની ચાલ, વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ અને સ્થાનિક કંપનીઓના પરિણામો આગામી દિવસોમાં શેરબજારની દિશા નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ઉલ્લેખનીય છે કે શેરબજારમાં સોમવાર, 7 સપ્ટેમ્બરના રોજ પણ ઘટાડો જોવા મળ્યો હતો. ગઈકાલે સેન્સેક્સ 382 પોઈન્ટ ઘટીને 76,132ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટીમાં 118 પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો અને તે 23,779ના સ્તરે કારોબાર બંધ થયો હતો. આમ, સતત બે ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા રોકાણકારોની નજર હવે આગામી દિવસોમાં બજારની ચાલ પર કેન્દ્રિત થઈ ગઈ છે. સતત બે દિવસના ઘટાડા બાદ બજારમાં અસ્થિરતાનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રાઈવેટ બેંકના શેરોમાં વેચવાલી, એશિયન બજારોની નબળાઈ અને અમેરિકી બજારોમાં આવેલા ઘટાડાની અસર ભારતીય શેરબજાર પર પણ જોવા મળી રહી છે. જોકે, ઘરેલું સંસ્થાકીય રોકાણકારોની મજબૂત ખરીદી બજાર માટે સકારાત્મક પરિબળ બની શકે છે. આગામી કારોબારી સત્રોમાં રોકાણકારોની નજર વૈશ્વિક બજારો, વિદેશી રોકાણના પ્રવાહ અને મહત્વપૂર્ણ આર્થિક સંકેતો પર રહેશે.

નોકરી બદલતા પહેલા EPFOમાં એક્ઝિટ ડેટ ચેક કરો, ખોટી માહિતીથી PF ટ્રાન્સફર અને BGVમાં થઈ શકે છે મુશ્કેલી

નવી દિલ્હી, તા.08

નોકરી બદલતી વખતે કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડ એટલે કે PF સંબંધિત તમામ રેકોર્ડ્સ સાચા હોવા ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને જ્યારે કોઈ કર્મચારી પોતાની જૂની કંપની છોડીને નવી કંપનીમાં નોકરી શરૂ કરે છે, ત્યારે EPFOના રેકોર્ડમાં તેની એક્ઝિટ ડેટ એટલે કે નોકરી છોડવાની તારીખ યોગ્ય રીતે નોંધાયેલી હોવી જરૂરી બને છે. જો જૂની કંપની દ્વારા EPFO પોર્ટલ પર કર્મચારીની એક્ઝિટ ડેટ દાખલ કરવામાં ન આવી હોય અથવા ભૂલથી ખોટી તારીખ દાખલ કરવામાં આવી હોય, તો ભવિષ્યમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

EPFOના રેકોર્ડમાં ખોટી અથવા ગેરહાજર એક્ઝિટ ડેટને કારણે સૌથી મોટી સમસ્યા PF ટ્રાન્સફર દરમિયાન થઈ શકે છે. જ્યારે કર્મચારી નવી કંપનીમાં જોડાય છે અને જૂની કંપનીના PF ખાતામાં રહેલી રકમ નવા PF ખાતા સાથે ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા શરૂ કરે છે, ત્યારે રોજગાર સંબંધિત તારીખોનું રેકોર્ડ યોગ્ય હોવું જરૂરી છે. જો એક્ઝિટ ડેટ નોંધાયેલી ન હોય અથવા તેમાં કોઈ ગડબડ હોય તો PF ટ્રાન્સફરની પ્રક્રિયા અટકી શકે છે અથવા તેમાં વિલંબ થઈ શકે છે.

માત્ર PF ટ્રાન્સફર જ નહીં, પરંતુ આજના સમયમાં કંપનીઓ દ્વારા કરવામાં આવતા બેકગ્રાઉન્ડ વેરિફિકેશન એટલે કે BGV દરમિયાન પણ EPFOના રોજગાર રેકોર્ડ્સ મહત્વપૂર્ણ બની શકે છે. નવી કંપનીમાં જોડાતી વખતે કર્મચારીની અગાઉની નોકરીની તારીખો તપાસવામાં આવે છે. આવી સ્થિતિમાં EPFOના રેકોર્ડમાં નોંધાયેલી તારીખો અને કર્મચારીના અન્ય સત્તાવાર દસ્તાવેજોમાં નોંધાયેલી તારીખો વચ્ચે તફાવત હોય તો પ્રશ્નો ઊભા થઈ શકે છે. ખાસ કરીને જૂની અને નવી નોકરીની તારીખોમાં ઓવરલેપિંગ દેખાય તો એવું લાગી શકે છે કે કર્મચારી એક જ સમયે બે અલગ-જગ્યાએ નોકરી કરી રહ્યો હતો.

આવી સ્થિતિમાં સારી વાત એ છે કે કર્મચારીઓને દરેક વખતે પોતાની જૂની કંપની પર સંપૂર્ણપણે નિર્ભર રહેવું જરૂરી નથી. એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન એટલે કે EPFO તેના UAN સાથે જોડાયેલા મેમ્બર પોર્ટલ પર સભ્યોને કેટલીક

પરિસ્થિતિઓમાં પોતાની એક્ઝિટ ડેટ ઓનલાઈન દાખલ અથવા અપડેટ કરવાની સુવિધા આપે છે. એટલે કે જો જૂના એમ્પ્લોયરે જરૂરી માહિતી દાખલ ન કરી હોય, તો નિયમો અને પોર્ટલની ઉપલબ્ધ સુવિધા અનુસાર કર્મચારી પોતે પણ આ પ્રક્રિયા કરી શકે છે.

જોકે, એક્ઝિટ ડેટ અપડેટ કરવા માટે EPFO દ્વારા કેટલીક મહત્વપૂર્ણ શરતો નક્કી કરવામાં આવી છે. સામાન્ય રીતે કર્મચારી નોકરી છોડ્યા બાદ તરત જ ઓનલાઈન એક્ઝિટ ડેટ દાખલ કરી શકતો નથી. EPFOના નિયમો અનુસાર, નોકરી છોડ્યાના બે મહિના પૂર્ણ થયા પછી જ ઓનલાઈન એક્ઝિટ ડેટ દાખલ અથવા અપડેટ કરવાની પ્રક્રિયા ઉપલબ્ધ થઈ શકે છે. તેથી કર્મચારીઓએ નોકરી છોડ્યા બાદ આ સમયસીમાનું ધ્યાન રાખવું જરૂરી છે.

એક્ઝિટ ડેટ દાખલ કરતી વખતે છેલ્લું PF યોગદાન પણ ખૂબ મહત્વનું બને છે. કર્મચારી દ્વારા દાખલ કરવામાં આવતી તારીખ તે જ રોજગાર સમયગાળા અને સંબંધિત મહિના સાથે સુસંગત હોવી જોઈએ જેમાં ભૂતપૂર્વ નોકરીદાતાએ છેલ્લું PF યોગદાન જમા કરાવ્યું હોય. ખોટી માહિતી દાખલ કરવાથી ભવિષ્યમાં વધુ સમસ્યાઓ ઊભી થઈ શકે છે. તેથી કોઈપણ તારીખ પસંદ કરતા પહેલાં PF પાસબુક અને કંપની દ્વારા જમા કરાવવામાં આવેલા છેલ્લા PF કોન્ટ્રિબ્યુશનની વિગતો તપાસવી જરૂરી છે.

આ ઓનલાઈન પ્રક્રિયા માટે કર્મચારીનું UAN સક્રિય હોવું પણ જરૂરી છે. UAN આધાર સાથે લિંક થયેલું હોવું જોઈએ અને આધાર સાથે નોંધાયેલ મોબાઈલ નંબર કર્મચારી પાસે ઉપલબ્ધ હોવો જરૂરી છે. ઓનલાઈન વેરિફિકેશન દરમિયાન OTP દ્વારા ઓળખની પુષ્ટિ કરવામાં આવતી હોવાથી રજિસ્ટર્ડ મોબાઈલ નંબર ચાલુ અને ઉપયોગમાં હોવો જરૂરી બને છે.

કર્મચારીઓએ એક્ઝિટ ડેટમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરતા પહેલાં પોતાના તમામ સત્તાવાર દસ્તાવેજો સારી રીતે તપાસવા જોઈએ. જો જૂની કંપનીએ પહેલાથી જ EPFO પોર્ટલ પર કોઈ એક્ઝિટ ડેટ દાખલ કરી હોય તો તેને તરત બદલવાનો પ્રયાસ કરવો યોગ્ય નથી. પહેલાં સેલરી સ્લિપ, રિલીવિંગ લેટર, એપોઈન્ટમેન્ટ અને સર્વિસ સંબંધિત દસ્તાવેજો તથા અન્ય સત્તાવાર રેકોર્ડ્સ સાથે તારીખોની સરખામણી કરવી જોઈએ. EPFOના રેકોર્ડમાં દાખલ થતી તારીખ કર્મચારીના વાસ્તવિક રોજગાર રેકોર્ડ સાથે મેળ ખાતી હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. કેટલીક પરિસ્થિતિઓમાં EPFO પોર્ટલ પર ટેકનિકલ કારણોસર કર્મચારીને ઓનલાઈન એક્ઝિટ ડેટ અપડેટ કરવાનો વિકલ્પ ઉપલબ્ધ ન હોય શકે. આવી સ્થિતિમાં કર્મચારીએ પોતાના જૂના એમ્પ્લોયર અથવા કંપનીના HR વિભાગનો સંપર્ક કરવો જરૂરી બની શકે છે. કંપની પાસે કર્મચારીના રોજગાર અને PF સંબંધિત જરૂરી રેકોર્ડ્સ હોવાથી તેઓ યોગ્ય પ્રક્રિયા દ્વારા એક્ઝિટ ડેટ અપડેટ કરવામાં મદદ કરી શકે છે.

સેમસંગ ઈન્ડિયામાં ટીવી-હોમ એપ્લાયન્સિસ ડિવિઝનમાંથી છટણી શરૂ: ખર્ચ ઘટાડવાના ભાગરૂપે 100 કર્મચારીઓને છૂટા કર્યા

નવી દિલ્હી, તા.08

ખર્ચમાં વધારો અને ધીમી વેચાણની બેવડી અસરનો સામનો કરી રહેલી ઈલેક્ટ્રોનિક્સ જાયન્ટ સેમસંગ ઈન્ડિયાએ ભારતમાં નોકરીઓમાં કાપ મૂકવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. કંપની તેના ટેલિવિઝન અને હોમ એપ્લાયન્સિસ બિઝનેસમાંથી અધિકારીઓ અને કર્મચારીઓની છટણી કરી રહી છે.

સૂત્રો અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અત્યાર સુધીમાં અલગ-અલગ સ્તરના લગભગ 80 થી 100 અધિકારીઓને કંપની છોડવા માટે કહેવામાં આવ્યું છે. પ્રભાવિત કર્મચારીઓમાં સેમસંગ ઈન્ડિયા હેડક્વાર્ટરમાં તૈનાત ડિરેક્ટર લેવલના અધિકારીઓ અને ટીમ લીડર્સ ઉપરાંત બ્રાન્ચ અને એરિયા મેનેજર્સ પણ સામેલ છે.

સેમસંગ ઈલેક્ટ્રોનિક્સને આ સમયે વૈશ્વિક અને સ્થાનિક સ્તરે અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. મેમરી ચિપ્સના ભાવમાં ઉછાળો: ગ્લોબલ માર્કેટમાં મેમરી ચિપ્સની કિંમતો બમણાથી પણ વધુ વધી ગઈ છે, જેના કારણે કંપનીઓનો પ્રોડક્શન કોસ્ટ વધી ગયો છે. સ્માર્ટફોનની ધીમી માંગ: સ્માર્ટફોન બજારમાં માંગ નબળી રહેવા અને કાચા માલની વધતી કિંમતોએ કંપનીના માર્જિન અને



ઓવરઓલ સેલ્સ પર દબાણ બનાવ્યું છે. ગ્લોબલ ચિપની અછતનું જોખમ: રોઈટર્સના રિપોર્ટ અનુસાર, સેમસંગ ઈલેક્ટ્રોનિક્સમાં ગ્લોબલ ચિપની અછતનું આ સંકટ વધુ ઘેરું બની શકે છે અને તેના 2028 સુધી ચાલુ રહેવાની આશંકા છે. છટણીનો આ રાઉન્ડ હાલમાં ટેલિવિઝન અને હોમ એપ્લાયન્સિસ વર્ટિકલ પૂરતો જ મર્યાદિત છે, પરંતુ અસરગ્રસ્ત કર્મચારીઓની સંખ્યા આગળ વધી શકે છે. ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટમાં એક એક્ઝિક્યુટિવને ટાંકીને જણાવાયું છે કે ઈલેક્ટ્રોનિક્સ બિઝનેસના સેલ્સ અને માર્કેટિંગ વર્કફોર્સના 25% હિસ્સા પર તેની અસર પડી શકે છે.

આ સંભવિત કાપમાં મેનપાવર એજન્સીઓ દ્વારા રાખવામાં આવેલા ઓફ-રોલ કર્મચારીઓ પણ સામેલ છે. સેમસંગના ઘરેલું ઈલેક્ટ્રોનિક્સ સેલ્સ ડિવિઝનમાં લગભગ 550 થી 600 એક્ઝિક્યુટિવ્સ છે, જેમાં તેનું મોટું સ્માર્ટફોન સેલ્સ ઓર્ગેનાઈઝેશન સામેલ નથી. અસરગ્રસ્ત કર્મચારીઓ અનુસાર, કંપની છેલ્લા કેટલાક દિવસોથી નાના-નાના બેચમાં ટર્મિનેશન લેટર જારી કરી રહી છે. કેટલાક કર્મચારીઓને નોટિસ પિરિયડ પૂરો કર્યા વિના તરત જ જવાનું કહેવામાં આવ્યું છે. સેમસંગ તેમને સેવરન્સ પેકેજ તરીકે 3 મહિનાનો પગાર તેમજ સર્વિસના દરેક વર્ષના બદલે 1 મહિનાનો વધારાનો પગાર આપી રહી છે.

સેમસંગે તેના સૌથી મોટા બિઝનેસ એટલે કે સ્માર્ટફોન ડિવિઝનને હાલ પૂરતું આ છટણીઓથી દૂર રાખ્યું છે. ભારતમાં કંપનીની કુલ આવકનો લગભગ ત્રણ-ચતુર્થાંશ ભાગ એટલે કે 75% એકલા સ્માર્ટફોન સેગમેન્ટમાંથી જ આવે છે. તેથી ફોન વેચાણમાં રિકવરીથી કંપનીના નાણાકીય પ્રદર્શનમાં સુધારો થવાની ઘણી અપેક્ષાઓ છે. જોકે, ભારતીય સ્માર્ટફોન બજારમાં એકંદરે નરમાઈનો માહોલ યથાવત છે. ઉદ્યોગના અનુમાનો અનુસાર, સ્માર્ટફોન વેચાણમાં વાર્ષિક ધોરણે 11 થી 12% નો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, સેમસંગ આ વર્ષે પ્રયાસો છતાં ભારતના હાઈ-વેલ્યુ એર કંડિશનર (AC) માર્કેટમાં પોતાની પહોંચ વધારવા માટે સંઘર્ષ કરી રહી છે.

અમદાવાદ SOGની મોટી કાર્યવાહી: રાજસ્થાનથી લાવેલું 160 ગ્રામ MD ડ્રગ્સ ઝડપાયું, 20 વર્ષનો યુવક ઝડપાયો

ઓઢવના માધવ એસ્ટેટ નજીક ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી, 4.8 લાખના ડ્રગ્સ સહિત આશરે 5 લાખનો મુદ્દામાલ જપ્ત, સપ્લાય નેટવર્ક સુધી પહોંચવા પોલીસની તપાસ તેજ

અમદાવાદ, તા.08

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ એટલે કે SOG દ્વારા શહેરમાં ડ્રગ્સના ગેરકાયદે વેપાર સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ દરમિયાન વધુ એક મોટી સફળતા મળી હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન એક યુવકને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડવામાં આવ્યો હતો અને તેની પાસેથી મોટા પ્રમાણમાં પ્રતિબંધિત નાર્કોટિક્સ પદાર્થ મિફેડ્રોન એટલે કે MD ડ્રગ્સ મળી આવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે આરોપી પાસેથી અંદાજે 160 ગ્રામ MD ડ્રગ્સ જપ્ત કર્યું છે, જેની બજાર કિંમત આશરે 4.8 લાખ રૂપિયા હોવાનું જણાવવામાં આવ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં એવી માહિતી સામે આવી છે કે પકડાયેલો યુવક આ પ્રતિબંધિત માદક પદાર્થ રાજસ્થાનમાંથી લઈને અમદાવાદ આવ્યો હતો. આરોપી અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આ ડ્રગ્સનું વેચાણ કરવાની તૈયારીમાં હોવાનું પણ તપાસમાં સામે આવ્યું હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. શહેરમાં યુવાનો સુધી ડ્રગ્સ પહોંચે તે પહેલાં જ SOGની ટીમે કાર્યવાહી કરીને આરોપીને ઝડપી પાડતાં ડ્રગ્સ સપ્લાયના સંભવિત નેટવર્કને લઈને પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સમગ્ર ઓપરેશન 6 સપ્ટેમ્બરના રોજ ચોક્કસ બાતમીના આધારે હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપને ગુપ્ત માહિતી મળી હતી કે એક શખ્સ શંકાસ્પદ રીતે પ્રતિબંધિત ડ્રગ્સ સાથે શહેરમાં ફરતો હોવાની શક્યતા છે. આ માહિતીના આધારે SOGના અધિકારીઓ અને પોલીસકર્મીઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી અને સંભવિત સ્થળો પર વોચ ગોઠવવામાં આવી હતી.

પોલીસ ટીમે એસપી રિંગ રોડ વિસ્તારમાં આવેલા ઓઢવ વિસ્તારમાં ખાસ નજર રાખી હતી. માધવ એસ્ટેટના ગેટ નજીક શંકાસ્પદ ગતિવિધિ કરતા એક યુવક પર પોલીસની નજર પડી હતી. યુવકની હિલચાલ શંકાસ્પદ જણાતાં SOGની ટીમે તેને રોક્યો હતો અને તેની પૂછપરછ શરૂ કરી હતી. ત્યારબાદ તેની તલાશી લેવામાં આવતા તેની પાસેથી પ્રતિબંધિત MD ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હોવાનું પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

પોલીસે આરોપી પાસેથી મળેલા અંદાજે 160 ગ્રામ મિફેડ્રોનને સત્તાવાર રીતે કબ્જે કર્યો હતો. આ ડ્રગ્સની અંદાજિત બજાર કિંમત લગભગ 4.8 લાખ રૂપિયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. ડ્રગ્સ ઉપરાંત આરોપી પાસેથી અન્ય સંબંધિત સામગ્રી પણ મળી આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. જેના કારણે સમગ્ર કાર્યવાહીમાં

કરવામાં આવેલી કુલ જપ્તીની કિંમત આશરે 5 લાખ રૂપિયા સુધી પહોંચી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

આ મામલે પકડાયેલા યુવકની ઓળખ સચિન સુંદાજી ચમનજી ઠાકોર તરીકે કરવામાં આવી છે. આરોપીની ઉંમર 20 વર્ષ હોવાનું સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી સામાન્ય રીતે મજૂરી કામ કરે છે અને તે ગુજરાતના વાવ-થરાદ જિલ્લાના ભાભર તાલુકાના નેસડા ગામનો રહેવાસી છે. જોકે, એક સામાન્ય મજૂર તરીકે કામ કરતો યુવક આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સ સાથે કેવી રીતે સંકળાયો અને તેની પાછળ કોણ છે તે દિશામાં પોલીસ દ્વારા હવે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

તપાસ એજન્સીઓ માટે હવે સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે આરોપીને આ ડ્રગ્સ ક્યાંથી મળ્યું અને રાજસ્થાનમાંથી તેને અમદાવાદ સુધી પહોંચાડવામાં કયા લોકોની ભૂમિકા રહી હતી. પોલીસને શંકા છે કે આ સમગ્ર મામલા પાછળ કોઈ મોટું ડ્રગ્સ સપ્લાય નેટવર્ક હોઈ શકે છે. આરોપી માત્ર ડ્રગ્સ પહોંચાડવાનું કામ કરતો હતો કે પછી તે પોતે પણ આ ગેરકાયદે વેપારમાં સક્રિય રીતે સામેલ હતો તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

આ ગંભીર મામલે ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ એટલે કે DCB પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સ એટલે કે NDPS એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. NDPS એક્ટ હેઠળ પ્રતિબંધિત માદક પદાર્થોની ખરીદી, વેચાણ, પરિવહન અને ગેરકાયદે સંગ્રહ સામે કડક કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. આથી આરોપી સામે નોંધાયેલા ગુનાની તપાસ હવે કાયદાકીય પ્રક્રિયા મુજબ આગળ વધારવામાં આવશે.

હાલમાં SOGની ટીમ આરોપીની સઘન પૂછપરછ કરી રહી છે. પૂછપરછ દરમિયાન પોલીસ આરોપી પાસેથી ડ્રગ્સ સપ્લાય ચેઈન અંગે મહત્વપૂર્ણ માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. ખાસ કરીને રાજસ્થાનમાં ડ્રગ્સ કોની પાસેથી મેળવવામાં આવ્યું, અમદાવાદમાં કોને પહોંચાડવાનું હતું અને શહેરમાં કયા વિસ્તારોમાં તેનું વેચાણ કરવાની યોજના હતી તે અંગે તપાસ ચાલી રહી છે.

પોલીસ આ કેસમાં અન્ય સંભવિત આરોપીઓની સંડોવણીની પણ તપાસ કરી રહી છે. જો પૂછપરછ દરમિયાન ડ્રગ્સ સપ્લાય સાથે જોડાયેલા અન્ય લોકોના નામ સામે આવશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી શકે છે. મોબાઈલ ફોન, સંપર્કો અને અન્ય ઉપલબ્ધ પુરાવાઓની તપાસ કરીને સમગ્ર નેટવર્ક સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદમાં ડ્રગ્સના ગેરકાયદે વેપારને રોકવા માટે પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખાસ કરીને યુવાઓને નિશાન બનાવીને કરવામાં આવતા નાર્કોટિક્સના ગેરકાયદે વેચાણ સામે પોલીસ સતર્ક હોવાનું જણાવવામાં આવે છે. SOGની આ કાર્યવાહીથી શહેરમાં ડ્રગ્સ સપ્લાય કરતા તત્ત્વોમાં ચિંતા ફેલાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આમ, ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ SOG દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં 20 વર્ષના યુવક પાસેથી અંદાજે 160 ગ્રામ MD ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. ડ્રગ્સ સહિત કુલ આશરે 5 લાખ રૂપિયાની સામગ્રી કબ્જે કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. હવે પોલીસની તપાસનું મુખ્ય કેન્દ્ર આરોપીની પાછળ રહેલા સપ્લાયરો અને અમદાવાદમાં કાર્યરત સંભવિત ડ્રગ્સ નેટવર્ક સુધી પહોંચવાનું છે. આગામી દિવસોમાં આ કેસની તપાસમાં વધુ મહત્વપૂર્ણ ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

થલતેજમાં હોસ્પિટલમાં તસ્કરનો હાથફેરો, CCTVના આધારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

અમદાવાદ, તા.08

અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલી હોસ્પિટલમાં રાત્રિના સમયે એક અજાણ્યો તસ્કર ઘૂસીને 99,000 રૂપિયાની રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. તસ્કરે દવાની બારીમાંથી અંદર પ્રવેશ કરી કાતર વડે ડ્રોવરનું તાળું તોડી ચોરીને અંજામ આપ્યો હતો. આ સમગ્ર વારદાત હોસ્પિટલના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. આ અંગે હોસ્પિટલ ચલાવતા ગાયનેકોલોજિસ્ટ ડૉક્ટરના પતિએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, થલતેજ ખાતે રહેતા અને સોલા સ્થિત હોસ્પિટલમાં છેલ્લાં 4 વર્ષથી ફરજ બજાવતા 39 વર્ષીય ડૉ. હર્ષિલ મહેતાએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેનાં પત્ની ડૉ. પૂજાબહેન ગાયનેકોલોજિસ્ટ છે અને તેઓ પોતાના મકાનના નીચેના ભાગમાં હોસ્પિટલ ચલાવે છે. પોલીસ ફરિયાદ અનુસાર, પાંચમી સપ્ટેમ્બરના રોજ રાત્રે 9 વાગ્યે હોસ્પિટલના સ્ટાફે દવાનો રૂમ બંધ કર્યો હતો. બીજા દિવસે એટલે કે છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ સવારે 10 વાગ્યે રૂમ ખોલતા ડ્રોવર ખુલ્લું અને તેનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું. સીસીટીવી ફૂટેજ ચકાસતાં માલૂમ પડ્યું હતું કે, છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે અંદાજે 2 વાગ્યાના સુમારે 25થી 30 વર્ષની વયનો એક અજાણ્યો શખસ મોઢે રૂમાલ બાંધીને દવાની બારીમાંથી અંદર ઘૂસ્યો હતો. તેણે કાતર વડે ડ્રોવરનું તાળું તોડી તેમાંથી 98,000 રૂપિયા અને રિસેપ્શન ટેબલના ખાનામાંથી 1,000 રૂપિયા મળીને કુલ 99,000 રૂપિયાની રોકડની ચોરી કરી હતી. વસ્ત્રાપુર પોલીસે આ અંગે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરની શોધખોળ શરૂ કરી છે.

અમદાવાદના રામોલમાં ત્રણ સવારી સાથે જોખમી સ્ટંટ કરતા સગીરનો વીડિયો વાઈરલ, માતા સામે ગુનો નોંધાયો

અમદાવાદ, તા.08

અમદાવાદના રામોલ વિસ્તારમાં સગીર પુત્રને મોપેડ આપી જાહેર રસ્તા પર ત્રણ સવારી સાથે સર્પાકાર અને પુરઝડપે જોખમી સ્ટંટ કરાવવાના મામલે પોલીસે લાલ આંખ કરી છે. સોશિયલ મીડિયા પર સગીરનો જીવલેણ સ્ટંટ કરતો વીડિયો વાઈરલ થયા બાદ રામોલ પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં વાહનચાલક સગીર હોવાનું અને તેની પાસે લાયસન્સ ન હોવા છતાં વાહન ચલાવવા આપ્યું હોવાનું સામે આવતાં પોલીસે તેની માતા કૌશલ્યા માજીરાણા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર થોડા દિવસ પહેલાં એક વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયોમાં એક સગીર જાહેર માર્ગ પર મોપેડ પર ત્રણ સવારી

બેસાડીને અત્યંત પુરઝડપે નાગિન સ્ટાઈલ (સર્પાકાર)માં વાહન હંકારી રહ્યો હતો. જાહેર રસ્તા પર અન્ય વાહનચાલકો અને રાહદારીઓનો જીવ જોખમાય તેમજ ગંભીર અકસ્માત સર્જાય તે રીતે જોખમી ડ્રાઈવિંગ કરવામાં આવી રહ્યું હતું.

આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં રામોલ પોલીસના ધ્યાને આવ્યો હતો, જેના આધારે પોલીસે વાહનના નંબર અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ચાલકની શોધખોળ શરૂ કરી હતી. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે મોપેડચાલક સગીર વયનો છે અને તેની પાસે વાહન ચલાવવાનું કોઈ અધિકૃત લાયસન્સ નથી. આ ઉપરાંત પ્રાથમિક તપાસમાં એ પણ બહાર આવ્યું કે સગીરની માતા કૌશલ્યા માજીરાણાએ પોતાના પુત્ર પાસે લાયસન્સ ન હોવાનું જાણવા છતાં તેને મોપેડ ચલાવવા આપ્યું હતું. જેથી સગીરને વાહન સોંપી જાહેર રસ્તા પર અન્ય લોકોની જિંદગી જોખમમાં મૂકવાની મંજૂરી આપવા બદલ રામોલ પોલીસે કૌશલ્યા માજીરાણા સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ તેજ કરી છે. સોશિયલ મીડિયામાં લાઈક્સ અને ફોલોઅર્સ મેળવવા માટે સગીરો અને યુવાનો ટ્રાફિક નિયમો નેવે મૂકી જોખમી સ્ટંટ કરતા અચકાતા નથી. મોટર વ્હીકલ એક્ટના સુધારેલા નિયમો મુજબ, જો કોઈ સગીર વાહન ચલાવતાં પકડાય કે અકસ્માત સર્જે, તો વાહનના માલિક અથવા વાલી સામે સીધી ફોજદારી કાર્યવાહી અને ભારે દંડની જોગવાઈ છે. રામોલનો આ કિસ્સો એવા વાલીઓ માટે ચેતવણીરૂપ છે જેઓ પોતાના સગીર સંતાનોની જીદ સામે ઝૂકીને તેમને વાહન આપી દે છે.

સેટેલાઈટમાં જીએસટી ઈન્સ્પેક્ટરના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા, 3.62 લાખની મત્તાની ચોરી.....

અમદાવાદ, તા.08

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા મહિલા પશ્ચિમ પોલીસ સ્ટેશન નજીકના સ્વયંભૂ એપાર્ટમેન્ટમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. અહીં રહેતા જીએસટી ઈન્સપેક્ટરના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો ઘરમાં ઘૂસ્યા હતા. ચોર ટોળકી ઘરમાંથી સોના-ચાંદીના કિંમતી દાગીના તેમજ રોકડ મળી કુલ 3.62 લાખ રૂપિયાની મત્તા ચોરીને ફરાર થઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ, આ મકાનમાં નિરવ દરજી અને તેમનાં પત્ની પ્રિયંકાબહેન દરજી રહે છે. નિરવ દરજી જીએસટી ઈન્સપેક્ટર તરીકે ફરજ નિભાવે છે, જ્યારે પ્રિયંકાબહેન છેલ્લાં 8 વર્ષથી જિલ્લા શિક્ષણાધિકારી (DEO)ની કચેરી ખાતે જુનિયર ક્લાર્ક તરીકે કાર્યરત છે. મકાનમાંથી કિંમતી સામાન અને દાગીના ગાયબ હોવાનું ધ્યાને આવતાં જ પ્રિયંકાબહેને તાત્કાલિક સેટેલાઈટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની જાણ થતાં જ સેટેલાઈટ પોલીસની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે આ મામલે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધીને સઘન તપાસ હાથ ધરી છે. આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવા માટે સોસાયટી તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

અમદાવાદમાં રિક્ષા હડતાળના કારણે તંત્રમાં દોડધામ! AMTSએ રાણીપ-કાલુપુર સહિત આ રૂટ પર વધારાની બસો દોડાવી

અમદાવાદ, તા.08

અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા ચાલકોની હડતાળને ધ્યાનમાં રાખીને મુસાફરોને કોઈપણ પ્રકારની હાલાકી ન પડે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં વધારાની બસો, કન્ટ્રોલર તથા ફ્લાઈંગ ટીમોની તૈનાતી કરીને નાગરિકોને તેમના ગંતવ્ય સ્થાન સુધી સરળતાથી પહોંચાડવા માટે તંત્ર દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. રાણીપ GSRTC બસ સ્ટેશન ખાતે 2 કન્ટ્રોલરોને ફરજ પર મૂકવામાં આવ્યા છે અને મુસાફરોની વધતી જરૂરિયાત મુજબ 2 વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો મુસાફરોને ઈન્કમટેક્સ, નટરાજ, પાલડી, ગીતામંદિર અને કાલુપુર જેવા મુખ્ય ટ્રાન્ઝિટ કેન્દ્રો સુધી પહોંચાડશે. આ ઉપરાંત, રાણીપ સ્ટેશન પાસેથી પસાર થતા વિવિધ રૂટોની આશરે 90 બસો મુસાફરોને કાલુપુર, મણિનગર, લાલદરવાજા, વાસણા અને પાલડી સહિતના વિસ્તારો સુધી સેવા આપશે. સાબરમતી ધર્મનગર

રેલવે સ્ટેશન ખાતે 1 સ્પેર ડ્રાઈવર અને ફ્લાઈંગ ટીમને તૈનાત કરવામાં આવી છે, જ્યાંથી કાલુપુર અને મણિનગર માટે 2 વધારાની બસો ઉપલબ્ધ કરાવાઈ છે તેમજ આ વિસ્તારની અન્ય 28 બસો પણ સેવા આપશે.

વટવા રેલવે સ્ટેશન ખાતે 1 કન્ટ્રોલરની નિમણૂક કરીને 2 વધારાની બસો મૂકવામાં આવી છે, જે ગીતામંદિર મારફતે કાલુપુર અને મણિનગર સુધી મુસાફરોને લઈ જશે. સાથે જ, આ વિસ્તારથી ઉપડતા રૂટોની 8 બસો ગીતામંદિર થઈને લાલદરવાજા સુધી પહોંચાડવાની કામગીરી કરશે. શહેરના મહત્વપૂર્ણ ટ્રાન્ઝિટ હબ એવા ગીતામંદિર ખાતે ફ્લાઈંગ ટીમને તૈનાત કરવામાં આવી છે, જ્યાંથી વિવિધ રૂટોની બસો દર 15 થી 20 મિનિટે શહેરના વિવિધ વિસ્તારોમાં દોડશે. કાલુપુર રેલવે સ્ટેશન ખાતે સારંગપુર કેબિન કન્ટ્રોલર 2 ફ્લાઈંગ ટીમો સાથે હાજર રહેશે અને મુસાફરોની સુવિધા માટે 4 વધારાની બસોની વ્યવસ્થા કરાઈ છે. કાલુપુર વિસ્તારમાંથી પસાર થતા વિવિધ રૂટોની 50 થી વધુ બસો ગીતામંદિર, લાલદરવાજા, વાડજ અને નરોડા સુધી મુસાફરોને પહોંચાડશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી આ વિશેષ વ્યવસ્થાના કારણે ઓટો રિક્ષા ચાલકોની હડતાળના સમયમાં પણ જાહેર પરિવહનની સુવિધા અવિરત મળી રહેશે. શહેરના વિવિધ વિસ્તારો વચ્ચેની અવરજવર પર ન્યૂનતમ અસર થાય તે માટે પૂરતા પ્રમાણમાં માનવબળ અને બસોની તૈનાતી સુનિશ્ચિત કરવામાં આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599